અહેવ-૫

# ગુજરાતની આશ્રમશાળાઓ

( એક મૂલ્યાંકન અભ્યાસ )

લેખકગણ :

ભારતીબહેન દેસાઈ

અનિલ પટેલ

આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર
ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ–૩૮૦૦૧૪

85

૧૯૮૧

# ગુજરાતની આશ્રમશાળાઓ

( એક મૂલ્યાંકન અભ્યાસ )

લેખકગણ :

ભારતીબહેન દેસાઈ

અનિલ પટેલ

આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર
ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ–૩૮૦૦૧૪

૧૯૮૧

85

## અનુક્રમણિકા


| | | પાના નં. |
|---|---|---|
| પ્રકરણ - ૧ | મૂલ્યાંકનની ભૂમિકા | ૧ |
| પ્રકરણ - ૨ | આશ્રમશાળાઓનો ઉદ્ભવ અને વિકાસ | ૮ |
| પ્રકરણ - ૩ | આશ્રમશાળાની શૈક્ષણિક પરિસ્થિતિ | ૨૬ |
| પ્રકરણ - ૪ | આશ્રમશાળાઓનું વહીવટી માળખું | ૩૭ |
| પ્રકરણ - ૫ | આશ્રમશાળાના શિક્ષણમાં અપવ્યય અને સ્થગિતતા | ૫૪ |
| પ્રકરણ - ૬ | આદિવાસી સમાજજીવન પર આશ્રમશાળાની અસર | ૬૭ |
| પ્રકરણ - ૭ | આશ્રમશાળા : મુશ્કેલીઓ, ઉકેલો, ભવિષ્ય | ૭૪ |
| | સંદર્ભ સૂચિ | ૮૫ |

# પ્રસ્તાવના

ભારતના બીજા રાજ્યો કરતાં ગુજરાત એક એવું રાજ્ય છે, જ્યાં આદિવાસી ક્ષેત્રમાં સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા સંચાલિત આદિવાસીઓનાં બાળકોના શિક્ષણ માટે આશ્રમશાળાઓ બહુ જ સારી સંખ્યામાં ગોઠવાયેલી છે. ગુજરાતમાં આદિવાસીઓના શૈક્ષણિક વિકાસમાં આ આશ્રમશાળાઓએ સારો ભાગ ભજવ્યો છે. એનું શ્રેય ગુજરાતના ગાંધીમાર્ગે ચાલનારા સામાજિક કાર્યકરોના ભાગે જાય છે. બીજાં રાજ્યોમાં આવા સંનિષ્ઠ કાર્યકરોની અછત હોવાથી આ દિશામાં જોઈએ તેવું કામ થઇ શક્યું નથી.

આશ્રમશાળાઓનો ગુજરાતમાં આદિવાસી શિક્ષણમાં મહત્વપૂર્ણ ફાળો મનાયો હોવા છતાં એમના દ્વારા ખરેખર આદિવાસી બાળકોનાં શિક્ષણ ઉપર શી અસર પડી છે અને તે લોકોનો શૈક્ષણિક વિકાસ કેટલે અંશે થયો છે અને સાથે સાથે બીજા કેટલાક મહત્વપૂર્ણ મુદ્દાઓનો વૈજ્ઞાનિક રીતે બરોબર ખ્યાલ આવે એટલા માટે કેન્દ્રે આશ્રમશાળાઓના મૂલ્યાંકનનો અભ્યાસ હાથમાં લેવાનો નિર્ણય લીધો હતો.

આશ્રમશાળાના મૂલ્યાંકન અભ્યાસ માટે ભારત સરકારના અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના કમિશ્નરની કચેરી તરફથી પણ સૂચન કરવામાં આવ્યું હતું. સાથે સાથે આ કેન્દ્રની સલાહકાર સમિતિએ પણ આવો અભ્યાસ લેવા માટે કેન્દ્રને ભારપૂર્વક જણાવ્યુ હતું. ખાસ કરીને આ આશ્રમશાળાઓને વધાર સદૃઢ બનાવતાં પહેલાં એની કામગીરી બાબત વૈજ્ઞાનિક ઢબે મૂલ્યાંકનનો અભ્યાસ થવો જોઇએ આવો વિશેષજ્ઞોનો ખ્યાલ હતો. પ્રસ્તુત અભ્યાસ ૧૯૭૯ના છેલ્લા મહિનાઓમાં શરૂ કરવામાં આવ્યો હતો. અને એનું ક્ષેત્રકાર્ય ૧૯૮૦ ના સપ્ટેમ્બર માસ સુધી ચાલ્યું હતું. પછી કોષ્ટકીકરણ અને અહેવાલ લેખનનું કામ હાથ પર લેવામાં આવ્યું હતું.

આ અભ્યાસની મુખ્ય જવાબદારી મારી હતી. ક્ષેત્રકાર્યનું ઘણું કામ આ અહેવાલ લેખનના સાથી લેખક અને તે વખતના કેન્દ્રના સંશોધન મદદનીશ શ્રી અનિલભાઇ પટેલે સંભાળ્યું હતું. એમણે એમની કામગીરી ઘણી ધગશ અને પરિશ્રમથી બજાવી હતી. એમનો હું આભાર માનું છું.

આ અભ્યાસમાં રાજ્યના આદિવાસી ક્ષેત્રોમાં કામ કરતી સ્વૈચ્છિક સંસ્થાઓ તરફથી ખૂબ જ સારો સહકાર મળી રહયો હતો. આ સઘળી સંસ્થાઓના સંચાલકો અને આશ્રમશાળાઓના આચાર્ય, શિક્ષકગણ તથા અન્ય ભાઇ-બહેનોની હું અત્યંત આભારી છું. શ્રી ઊર્મિલાબહેન ભટ્ટ (દ.ગુ. પછાત સેવા મંડળ), સ્વર્ગીય શ્રી રતનસિંહ મહિડા (ભરૂચ જિલ્લા આદિવાસી સેવા મંડળ), શ્રી જાલજીભાઇ અને શ્રી લાલચંદભાઇ નિનામા (ભીલ સેવા મંડળ, પંચમહાલ) આ વડીલોની તો હું ઘણી જ ઋણી છું. એમના તરફથી મને ઘણું શીખવાનું મળ્યું.

ગુજરાત વિદ્યાપીઠ તેમજ આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્રના વડીલ સાથીઓએ આ સંશોધનકાર્યમાં ખૂબ જ મદદ કરી છે. વિદ્યાપીઠના કુલનાયક શ્રી ડાહયાભાઇ નાયક શરૂઆતથી જ આ સંશોધનમાં ઊંડો રસ ધરાવતા હતા. ખરેખર આ સંશોધન કાર્ય લેવા માટે એમણે જ ભારપૂર્વક જણાવ્યું હતું. અને વારંવાર ક્ષેત્રકાર્ય અને અહેવાલ લેખન વખતે માર્ગદર્શન આપતા રહયા છે. તેઓએ પૂરો અહેવાલ ઝીણવટથી વાંચી યોગ્ય સૂચનો પણ કર્યાં છે. એમના જ્ઞાનાનુભવનો લાભ લેવો એ એક લ્હાવો છે. એંસીથી વધુની ઉંમરે યુવાનો જેટલી જહેમત લઇ મારા કાર્યમાં માર્ગદર્શન આપ્યું તે માટે અંતઃકરણપૂર્વક હું એમનો આભાર માનું છું.

આ સંશોધન કાર્ય અમે સફળતાપૂર્વક પૂરું કરી શકયા એનું બધું શ્રેય કેન્દ્રના નિયામક શ્રી ઠાકોરભાઇ નાયકને ફાળે જાય છે. એમના સીધા માર્ગદર્શન હેઠળ આ કાર્ય શરૂથી જ અંત સુધી પૂરું કરવામાં આવ્યું છે. નિયામકશ્રીએ પોતે જ ક્ષેત્રકાર્ય દરમ્યાન કેટલીક જગ્યાએ સ્થળ પર જઇને ક્ષેત્રકાર્ય માટે માર્ગદર્શન પૂરું પાડયું હતું. તેમજ અહેવાલ લેખનનું માળખું કેવું થવું જોઇએ તે અંગેનું દિશાસૂચન પણ આપ્યું હતું, અને એ પ્રમાણે અહેવાલ લેખનનું કામ થયું છે. આ બધા માટે હું એમની ખૂબ જ આભારી છું.

કેન્દ્રના બીજા મિત્રોએ પણ મારા કાર્યમાં મને સહકાર આપ્યો છે. આમાં ખાસ ઉલ્લેખ કેન્દ્રના સંશોધન અધિકારી શ્રી રાસ બિહારી લાલનો કરવો જોઇએ. જેમણે મારી સાથે ક્ષેત્રકાર્યમાં આવીને અને લેખન સમયે પણ યોગ્ય સલાહસૂચનો આપ્યાં છે. તે માટે હું એમનો આભાર માનું છું. કેન્દ્રના બીજા મિત્રો જેમણે મારા કાર્યમાં મદદ કરી છે તેમના પ્રત્યે પણ હું મારી આભારની લાગણી વ્યકત કરું છું.

૧ મે ૧૯૮૧

ભારતી દેસાઇ
સંશોધન અધિકારી
આ. સં. તા. કેન્દ્ર

## પ્રકરણ - ૧

## મૂલ્યાંકનની ભૂમિકા

ભારતમાં આદિવાસીની વસ્તી ધરાવતાં રાજ્યોમાં ગુજરાતનો નંબર ચોથો છે. આદિવાસીઓ આર્થિક, સામાજિક અને શૈક્ષણિક રીતે બિન-આદિવાસીઓ કરતાં પાછળ રહી જવા પામ્યા છે. શૈક્ષણિક પછાતપણાનું મુખ્ય કારણ એ છે કે આદિવાસીઓનો મોટો ભાગ જંગલ કે પહાડી વિસ્તારમાં વસેલો હોવાથી એમને પૂરતા પ્રમાણમાં શૈક્ષણિક સવલતો પૂરી પાડી શકાઇ નથી, ઉપરાંત શિક્ષણ મેળવવાની બાબતમાં એ લોકોનું માનસિક વલણ પણ થોડું મોળું રહેવા પામ્યું છે.

૧૯૬૧ ની વસ્તી ગણતરીના આંકડા પ્રમાણે ગુજરાત રાજ્યમાં અને રાજ્યના આદિવાસીઓમાં શિક્ષણનું પ્રમાણ અનુક્રમે ૩૦.૫ ટકા અને ૧૧.૭ ટકા હતું. ૧૯૭૧માં આ પ્રમાણ અનુક્રમે ૩૫.૭૯ ટકા અને ૧૪.૧૨ ટકા થયું. આ ઉપરથી ખ્યાલ આવે છે કે ગુજરાત રાજ્યમાં એક દાયકામાં શિક્ષણના પ્રમાણમાં ૫.૨૯ ટકાનો વધારો થયો જ્યારે આદિવાસીઓના શિક્ષણમાં માત્ર ૩.૫ ટકાનો વધારો થયો. આથી સ્વાભાવિક રીતે એવું લાગે કે શિક્ષણના વિકાસની દ્રષ્ટિએ આદિવાસીઓના શિક્ષણના વિકાસનો દર બિન-આદિવાસીઓની સરખામણીમાં ખૂબ જ ધીમો રહયો છે. આ દર સુધારવા માટે, એટલે કે આદિવાસીઓમાં શિક્ષણના વ્યાપ વધારાની દિશામાં ઘનિષ્ટ પ્રયત્નો કરવાની જરૂર લાગે છે.

ફરજિયાત અને મફત પ્રાથમિક શિક્ષણ પૂરું પાડવાની જવાબદારી રાજ્યે સ્વીકારેલી હોવા છતાં શકિત-મર્યાદાને લીધે બધા આદિવાસીઓને એ માટેની વ્યવસ્થા પહોંચાડી શકાય એમ ન હોવાથી રાજ્ય સરકારે એ માટેની જવાબદારી સ્વીકારવાની કેટલીક સ્વૈચ્છિક સંસ્થાઓને પણ છૂટ આપી. આદિવાસીઓના શિક્ષણમાં આવી સ્વૈચ્છિક સંસ્થાઓનો ફાળો

નોંધનીય રહયો છે. ગુજરાતમાં ગાંધીજીના પ્રભાવવાળી કેટલીક આશ્રમ સંસ્થાઓમાં અન્ય રચનાત્મક પ્રવૃત્તિઓની સાથે શિક્ષણનો પણ સમાવેશ કરવામાં આવ્યો. આ રીતે શિક્ષણ આપતી આશ્રમ સંસ્થાઓ આશ્રમશાળા તરીકે પ્રચલિત બની. આવી આશ્રમશાળાઓએ આદિવાસીઓમાં શિક્ષણ પરિવર્તનમાં મહત્વનો ભાગ ભજવ્યો છે.

આ આશ્રમશાળાઓ સ્વૈચ્છિક સંસ્થાઓ વ્દારા ચાલે છે અને એ માટે તેમને સરકારી અનુદાન મળે છે. આશ્રમશાળાઓની સંખ્યામાં ઉત્તરોત્તર વધારો થતો રહયો છે. શિક્ષણ ક્ષેત્રે એક એવી માન્યતા બંધાઇ કે આદિવાસીઓના પ્રાથમિક શિક્ષણના વ્યાપ અને વિકાસ માટે આશ્રમશાળા એક સફળ સાધન છે. તેમ છતાં આ આશ્રમશાળાઓ વિષે કેટલીક શંકા-કુશંકાઓ, ફરિયાદો પણ સાંભળવા અને જાણવા મળે છે.

આશ્રમશાળાઓની સફળતા કે એ અંગેની ફરિયાદોને ધ્યાનમાં લઇ લાંબા ગાળાની દ્રષ્ટિએ આશ્રમશાળાઓનો વિકાસ કેટલો આવશ્યક છે અને તેમાં સુધારાવધારાને કેટલું સ્થાન છે એ વિષે વૈજ્ઞાનિક પધ્ધતિથી અભ્યાસ કરવાનું અનિવાર્ય લાગે છે. આ સંદર્ભમાં હાલમાં ચાલતી આશ્રમશાળાઓનો આદિવાસી બાળકો કેટલો ઉપયોગ કરે છે ? આશ્રમશાળાની આદિવાસી શિક્ષણ અને સમાજ ઉપર કેવી અસર થઇ છે ? શિક્ષણમાં સ્થગિતતા અને બગાડનું પ્રમાણ કેટલું છે ? તેમને કયા પ્રકારની સમસ્યાઓ છે ? અને તેનો વ્યવહારું ઉકેલ શું હોઇ શકે ? વગેરે બાબતો જાણવી જરૂરી બને છે.

આ મુદ્દાઓનો પધ્ધતિસર અભ્યાસ કરવાથી હાલમાં ચાલતી આશ્રમશાળાઓની સ્થિતિ વિષે પૂરતો ખ્યાલ મેળવી શકાય અને તેની સાથે તેના વિકાસને રુંધતા અને નડતા પ્રશ્નો સમજી શકાય. તેમજ તેને હલ કરવાના માર્ગો વિચારી શિક્ષણના વિકાસમાં વેગ વધારી શકાય. સાથે સાથે આદિવાસી વિસ્તારમાં આશ્રમશાળાના સ્વરૂપ વિષે તેમજ તેના પ્રમાણ વિષે



પણ ખ્યાલ મેળવી શકાય. એટલું જ નહીં ભવિષ્યમાં ઉભી થતી નવી આશ્રમશાળાઓમાં આ મુદ્દાઓ ધ્યાનમાં લઇ શિક્ષણના વિકાસમાં સારું એવું યોગદાન આપી શકાય.

હવે આશ્રમશાળાના મૂલ્યાંકનની વિગતો વ્યવસ્થિત સ્વરૂપે જોઇએ :

<u>આશ્રમશાળાના મૂલ્યાંકનના ઉદ્દેશો :</u>

(૧) આશ્રમશાળાઓનો ઉપયોગ જે તે આશ્રમશાળાની આજુબાજુના ગામડાઓ તથા સ્થાનિક આદિવાસીઓનાં બાળકો વ્દારા કેટલા પ્રમાણમાં થાય છે તે તપાસવું.

(૨) આશ્રમશાળાઓ પાસે શિક્ષકો અને વિધાર્થીઓના પ્રમાણમાં રહેઠાણની સગવડ કેટલી ઉપલબ્ધ છે તે જોવું.

(૩) (અ) આશ્રમશાળામાં ભણતા બાળકોની શિક્ષણમાં સ્થગિતતા અને બગાડ કેટલા પ્રમાણમાં છે તે તપાસવું.

(બ) આદિવાસી શિક્ષણમાં આશ્રમશાળાઓનો ફાળો શું છે તે તપાસવું.

(૪) આશ્રમશાળાની આદિવાસી સમાજ ઉપર પડતી અસરો તપાસવી.

(૫) જે આશયોથી આશ્રમશાળા સ્થપાઇ છે તે આશયો બર આવે છે કે નહીં તે તપાસવું.

(૬) આશ્રમશાળાની સમસ્યાઓ અને તેના સંભવિત ઉકેલો વિચારવા.

<u>આશ્રમશાળાઓનો અભ્યાસ કરવા માટેની પધ્ધતિઓ :</u>

આશ્રમશાળાઓના અભ્યાસ માટે સંશોધનની વૈજ્ઞાનિક પધ્ધતિઓ, જેનો ઉપયોગ કરવામાં આવ્યો છે તે, નીચે મુજબ છે :

(૧) અવલોકન અને નિરીક્ષણ તપાસમાં આવરી લેવાયેલી આશ્રમશાળાઓમાં રૂબરૂ જઇ ત્યાં ત્રણચાર દિવસ રોકાઇ આશ્રમશાળાનું કંપાઉન્ડ, બગીચો તેનાં મકાનો, બાળકોનાં

રહેઠાણ, કોઠાર, બાળકોની વિવિધ પ્રવૃત્તિઓ, શિક્ષણ ઉદ્યોગનાં સાધનો અને મળતી સવલતો, કપડાં, જમવાનું વગેરેની વિગતો મેળવવી.

(૨) મુલાકાત માર્ગદર્શિકા :

આશ્રમશાળાના સંચાલક, વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીઓના વાલીઓની મુલાકાત લઇ તેમને આશ્રમશાળા સંબંધિત પ્રશ્નો પૂછી માહિતી મેળવવી.

(૩) પ્રશ્નાવલી :

મુદ્દા ૧ માં જે અવલોકનથી માહિતી પ્રાપ્ત થઇ તેમાં ઉમેરો કરવા માટે આશ્રમશાળાને લગતી માહિતી પ્રશ્નાવલીના ફોર્મમાં તેવી કે જેમાં લગભગ બધી જ માહિતી લીધેલી હોય અને જેના વ્દારા આશ્રમશાળાની વિગતો મેળવી શકાય.

(૪) આશ્રમશાળાનાં જૂનાં દફતરો જેવાં કે પરિણામ પત્રકો, રજિસ્ટરનો ઉપયોગ કરી આશ્રમશાળાના શિક્ષણમાં આવતાં સ્થગિતતા અને બગાડને શોધવાં.

(૫) આશ્રમશાળા જે ગામમાં ચાલતી હોય તે ગામ તેમજ તેની આજુબાજુ આવેલાં ગામડાઓની મુલાકાત લઇ આશ્રમશાળાની અસરો તપાસવી.

(૬) આશ્રમશાળાઓ જે સંસ્થા વ્દારા ચાલતી હોય તેના સંચાલક અને કાર્યકરોની મુલાકાત લઇ સંચાલન અને અન્ય પ્રશ્નોની વિગતો નક્કી કરવી અને તેમના આશ્રમશાળાના વિકાસ અંગેનાં સૂચનો મેળવવાં.

આ મૂલ્યાંકન માટે ઉપર જણાવેલી વિવિધ પધ્ધતિનો ઉપયોગ કરી બધા જ પ્રકારની વિગતો મેળવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે.



**અભ્યાસનો વિસ્તાર :**

અભ્યાસના ઉદ્દેશોને ધ્યાનમાં રાખીને જે તે જિલ્લામાં જયાં આદિવાસી વસ્તી વધુ હોય અને સ્વૈચ્છિક સંસ્થાઓ વ્દારા આશ્રમશાળાઓ ચાલતી હોય તે બધા જિલ્લાઓની આશ્રમશાળાઓ અને વિવિધ સંસ્થાઓને ધ્યાનમાં રાખીને દરેક આદિવાસી જિલ્લામાંથી કુલ આશ્રમશાળાઓના પ્રમાણસર ધોરણને ખ્યાલમાં રાખીને આશ્રમશાળા પસંદગીનો વિસ્તાર નક્કી કરવો.

ઉપરના મુદ્દાઓને ધ્યાનમાં રાખતાં સુરત, વલસાડ, ભરૂચ, વડોદરા, પંચમહાલ, સાબરકાંઠા અને બનાસકાંઠા જેવા વિસ્તાર કે જયાં આદિવાસીઓની વસ્તી વધુમાં વધુ છે તેમની પસંદગી કરવામાં આવી. ગુજરાત રાજયના ૧૯૭૯ના આંકડા પ્રમાણે કુલ ૧૯૧ આશ્રમશાળાઓ છે તેમાં ૧૪૯ આશ્રમશાળાઓ આદિજાતિ માટેની છે. આ બધી જ આશ્રમશાળાઓનું સંચાલન અલગ અલગ સ્વૈચ્છિક સંસ્થાઓ મારફતે થાય છે.

**નમૂનાની પસંદગી :**

પૂરેપૂરું પ્રતિનિધિત્વ જળવાય એ દ્રષ્ટિએ ૮ જિલ્લાઓમાંથી ૨૨ આશ્રમશાળાઓની પસંદગી કરી. પસંદ કરતી વખતે એ જોવામાં આવ્યું કે મોટે ભાગે પસંદગી પામેલ આશ્રમશાળા ઓછામાં ઓછી ૩ થી ૭ ધોરણની હોવી જોઇએ. વળી જિલ્લામાં આવેલી આશ્રમશાળાની સંખ્યા પ્રમાણે જ તે સંસ્થા જેટલી આશ્રમશાળા ચલાવતી હોય તેના પ્રમાણમાં હોય અને અલગ અલગ તાલુકામાં ફેલાયેલી હોય એ ઉદ્દેશાત્મક નમૂના પધ્ધતિથી આશ્રમશાળાઓનાં નામ નક્કી કરવામાં બનાસકાંઠા, સાબરકાંઠા કે જયાં આશ્રમશાળાની સંખ્યા ઓછી છે એટલે પ્રમાણના દર એક જ આશ્રમશાળા પસંદગી પામી શકે. તેથી ચીઠ્ઠી ઉપાડવાની પધ્ધતિનો ઉપયોગ કર્યો. તેવી જ રીતે વડોદરા અને પંચમહાલમાં અનુક્રમે વડોદરા પછાતવર્ગ સેવા મંડળ અને ભીલ સેવા મંડળ દાહોદ વ્દારા આશ્રમશાળાઓનો વહીવટ ચાલે છે તેના પ્રમાણમાં જેટલી આશ્રમશાળાઓ પસંદગી કરવાની હતી તે ચીઠ્ઠી ઉપાડીને જ પસંદ કરવામાં આવી.

જે આશ્રમશાળાઓ અભ્યાસમાં આવરી લેવામાં આવી છે તેની યાદી નીચે મુજબ છે :

| ક્રમ | ગામ | તાલુકો | જિલ્લો | ચલાવનાર સ્વૈચ્છિક સંસ્થા |
|---|---|---|---|---|
| ૧. | કનજોડ | વાલોડ | સુરત | વેડછી ગ્રામવિકાસ |
| ૨. | ઝાંખરી | વ્યારા | સુરત | ગ્રામ સેવાસમાજ, વ્યારા |
| ૩. | ખાબદા | ઉચ્છલ | સુરત | નેસુ સેવા આશ્રમ |
| ૪. | બોરદા | સોનગઢ | સુરત | ઉકાઇ નવનિર્માણ સમિતિ |
| ૫. | નરેણ | માંડવી | સુરત | દ.ગુ. પછાતવર્ગ સેવા મંડળ |
| ૬. | નાનીવહિયાળ | ધરમપુર | વલસાડ | દ.ગુ. પછાતવર્ગ સેવા મંડળ |
| ૭. | ફતેપુર | ધરમપુર | વલસાડ | સેવાશ્રમ ચંદનવાડી |
| ૮. | કરમબેલે | ઉમરગાંવ | વલસાડ | હળપતિ સેવાસંઘ |
| ૯. | રાયબોર | વાંસદા | વલસાડ | ગ્રામ સેવા મંડળ |
| ૧૦. | વડખૂંટા | ઝઘડિયા | ભરૂચ | જિલ્લા આદિવાસી સેવા મંડળ |
| ૧૧. | ઘાંટોલી | ડેડિયાપાડા | ભરૂચ | ભરૂચ જિલ્લા આદિવાસી સેવા મંડળ |
| ૧૨. | અટાલી | વાગરા | ભરૂચ | અટાલી વિભાગ પ્રગતિ મંડળ |
| ૧૩. | દેવહાટ | છોટાઉદેપુર | વડોદરા | વડોદરા જિલ્લા પછાતવર્ગ સેવા મંડળ |
| ૧૪. | સેઢિયા | છોટાઉદેપુર | વડોદરા | જિલ્લા પછાતવર્ગ સેવા મંડળ |
| ૧૫. | દુગ્ધા | નસવાડી | વડોદરા | વડોદરા જિલ્લા પછાતવર્ગ સેવા મંડળ |
| ૧૬. | નારૂકોટ | જાંબુઘોડા | પંચમહાલ | પંચમહાલ કેળવણી મંડળ, કાલોલ |
| ૧૭. | ડુંગેટા | લીમખેડા | પંચમહાલ | ભીલ સેવા મંડળ |
| ૧૮. | કઠલા | દાહોદ | પંચમહાલ | ભીલ સેવા મંડળ |



| | | | | |
|---|---|---|---|---|
| ૧૯. | ઇટાડી | ઝાલોદ | પંચમહાલ | ભીલ સેવા મંડળ |
| ૨૦. | વાંગડ | સંતરામપુર | પંચમહાલ | ભીલ સેવા મંડળ |
| ૨૧. | મચકોડા | દાંતા | બનાસકાંઠા | સેવાનિકેતન, ખેડબ્રહ્મા |
| ૨૨. | દમતી | ખેડબ્રહ્મા | સાબરકાંઠા | સેવાનિકેતન, ખેડબ્રહ્મા |

....

## પ્રકરણ - ૨

## આશ્રમશાળાઓનો ઉદ્ભવ અને વિકાસ

ભારતમાં બ્રિટિશ શાસન દરમ્યાન જે શિક્ષણનો પાયો નંખાયો હતો તે રૂઢિગત શિક્ષણ હતું અને તે કેવળ 'કારકુની કેળવણી' આપતું હતું. ગાંધીજીને એ વાતની પ્રતિતિ થઇ ગઇ હતી કે આ શિક્ષણ નકામું છે અને આઝાદીની લડતમાં વિઘ્નરૂપ છે. તેઓ રાષ્ટ્રને આવશ્યક અને ઉપયોગી એવું શિક્ષણ આપવાની મથામણમાં હતા. તેમણે એ માટે રાષ્ટ્રીય કેળવણીનો મુસદ્દો પણ તૈયાર કર્યો હતો. એમાં એમણે સ્વાશ્રયી અને સ્વાવલંબી કેળવણીની હિમાયત કરી. એમણે કેળવણીમાં ઉદ્યોગને પણ અક્ષરજ્ઞાન જેટલું જ મહત્વ આપ્યું. એટલું જ નહીં 'ઉદ્યોગ દ્વારા અક્ષરજ્ઞાન' આપવાની વાત રજૂ કરી. એમના મત પ્રમાણે કેળવણી સ્વભાષામાં અપાય અને ઉદ્યોગ દ્વારા અપાય તો શીખનારા અને શીખવનારા હોંશે હોંશે એ પ્રક્રિયામાં ભાગીદાર બને અને કંઇક પામી શકે. ઉદ્યોગ દ્વારા શિક્ષણથી જુદા જુદા ઉદ્યોગની જાણકારી મળે. જુદા જુદા ગ્રામોપયોગી ઉદ્યોગોનો વિકાસ થાય અને કેળવણી આપતી સંસ્થાઓ સ્વાવલંબી બને. અને તો જ મફત અને ફરજિયાત (પ્રાથમિક) શિક્ષણ બધાને પહોંચાડી શકાય.

અમદાવાદમાં કોચરબ આશ્રમમાં, હરિજન આશ્રમમાં અને વર્ધાના સેવાગ્રામમાં ગાંધીજીએ આવી પાયાની કેળવણીના પાયા નાખ્યા અને એ રીતે દેશમાં આશ્રમી શિક્ષણની શરૂઆત થઇ. આવું શિક્ષણ આપતી સંસ્થાઓ આશ્રમશાળા તરીકે ઓળખાઇ.

આઝાદી પૂર્વે, પછાત, ઊંડા અને જંગલ વિસ્તારમાં રહેતા લોકોના કલ્યાણ માટે રાજ્ય ચિંતિત ન હતું. ગાંધીજી અને એમના જેવા વિચારવાળા દેશનેતાઓ અને દેશસેવકોને આવા લોકોના કલ્યાણની વિશેષ ચિંતા હતી. અને તેથી એમના તમામ પ્રયત્નો એ દિશામાં હતા.



તેઓએ રચનાત્મક કાર્યક્રમોની સાથે શિક્ષણ સાંકળીને આવા વિસ્તારોમાં આશ્રમી કેળવણીના પ્રયોગો શરૂ કર્યા. આ કાર્યમાં અનેકવિધ સ્વૈચ્છિક સંસ્થાઓએ અને વ્યક્તિઓએ ઝંપલાવ્યું અને તેમાં સફળતા હાંસલ કરી. ભારતની આઝાદી એ એનું ઝળહળતું ઉદાહરણ છે. સ્વૈચ્છિક સંસ્થાઓ અને વ્યક્તિઓ દ્વારા આશ્રમી શિક્ષણના જે પ્રયોગો થયા તેનો ઇતિહાસ ટૂંકાણમાં અહીં તપાસીશું.

ઊંડાણના વિસ્તારોમાં તેમજ જંગલના પહાડી વિસ્તારોમાં રહેતા આદિવાસીઓ શરૂઆતથી જ શૈક્ષણિક રીતે પછાત હતા. આ લોકોને શિક્ષણ આપવાની આગેવાની ખ્રિસ્તી મિશનરીઓએ ઉપાડી. ખ્રિસ્તી મીશનરીઓ શિક્ષણ આપવાની સાથે આ લોકો પાસે ખ્રિસ્તી ધર્મ અંગીકાર કરાવવામાં પણ સફળ નિવડયા.[1] પરંતુ તેમના દ્વારા થયેલો શિક્ષણનો પ્રચાર વ્યાપક પ્રમાણમાં ન હતો.

૧૯૧૯ માં પંચમહાલમાં દુષ્કાળની પરિસ્થિતિ હતી. તે સમયે પૂ. ઠક્કરબાપા દુષ્કાળ રાહત કાર્ય માટે પંચમહાલમાં ફર્યા. અને ત્યારે દાહોદ-ઝાલોદ તાલુકાના ભીલોની દુર્દશા જોઇ. તેમાંથી તેમણે એ તારવ્યું કે 'આ વિસ્તારના ભીલો સ્વભાવે બહાદુર અને પ્રમાણિક હોવા છતાં -આળસુ અને અજ્ઞાની છે. તેઓ વહેમમાં, વ્યસનોમાં અને કરજમાં ડૂબેલા રહે છે. વેપારી તેમને પૈસા ધીરે, કલાલ તેમને દારૂ પાય અને બંને તેમને બરબાદ કરી ધીમે ધીમે એમની પાસે જે માલમિલકત હોય તે પડાવી લે છે.[2] વળી ઠક્કરબાપાએ એ પણ જોયું અને અનુભવ્યું કે 'ભીલોને લૂંટવા, ચૂસવા અને દબડાવવા માટે સરકાર, અમલદાર, શાહુકાર, વાણિયા વેપારી, ઇનામદાર, વહોરાઓની આખી ફોજ ઊભી છે. આ ફોજ પોતાના સ્વાર્થ ખાતર ભીલોને દબાવે

---

૧. Naik D.J. : Ashram School, Vanya Jati, October, 1965
Vol. XII, Page No. 165

૨. ઠક્કરબાપા : લે. શાહ કાંતિલાલ, પ્રકરણ ૧૬, પાન-૧૩૭

છે, લલચાવે છે, લૂંટે છે, હેરાનપરેશાન કરે છે. વખત આવ્યે છેતરે છે અને તેમની મહેનત મજૂરીનો મફત ભોગવટો કરે છે.'[1]

ભીલોની દુર્દશા દૂર કરવા માટે તેમની સેવા કરવા સેવક-ફોજની પણ જરૂર છે એવો વિચાર તેમને આવ્યો. અલબત્ત તેમનો આ વિચાર તે વખતે દાહોદ-ઝાલોદ તાલુકાના દુષ્કાળગ્રસ્ત વિસ્તારના ભીલો અને તેમના બાળકોને તત્કાળ પૂરતી રાહત આપવા પૂરતો મર્યાદિત હતો. કોઇ કાયમી યોજના તેમણે વિચારી ન હતી. અને તેથી રાહતકામ પૂરું થતાં આ વિચાર આગળ વધી શકયો નહીં. પરંતુ ૧૯૨૨ માં જયારે ફરીથી દુષ્કાળની પરિસ્થિતિ આવી ત્યારે ઠકકરબાપા ફરીથી પંચમહાલમાં રાહતકાર્ય માટે ગયા.[2] ત્યાં તેમણે મીરાખેડી આશ્રમમાં એક બ્રાહ્મણ દંપતિને ભીલ બાળકોને શિખવતા અને કથા સંભળાવતા જોઇ તેમના મનમાં ૧૯૧૯ માં ભીલોની સેવા કરવાનો જે વિચાર પડેલો હતો તે ફરી જાગૃત થયો અને તે માટે એક કાયમી સંસ્થા ઊભી કરવાની પ્રેરણા થઇ. આ વિચારને મૂર્ત સ્વરૂપ આપવાનો પાકો નિશ્ચય કર્યો અને ૧૯૨૨ ના ડિસેમ્બરમાં તેમણે આખી યોજના વિચારી કાઢી.

આ યોજનાનું અમલીકરણ થાય તે પહેલાં ૧૯૨૨ માં મીરાખેડીમાં સુખદેવભાઇ દ્વારા આશ્રમની સ્થાપના તો કરવામાં આવી જ હતી. જેની દેખરેખ અને ખર્ચની જવાબદારી શરૂઆતમાં ઇન્દુલાલ યાજ્ઞિક રાખતા હતા. પાછળથી તેનું સંચાલન અને દેખરેખનું કામ પૂ. ઠકકરબાપાએ ઉપાડ્યું. સુખદેવભાઇ દ્વારા શરૂ થયેલ આશ્રમનું ઉદઘાટન ઠકકરબાપાના હસ્તે થયું. તેમણે આશ્રમની દૈનિક નોંધપોથીમાં નીચે મુજબ નોંધ લખી.

---

૧ ઠકકરબાપા : લે. શાહ કાંતિલાલ, પ્રકરણ-૧૬, પાન-૧૩૭

૨ ઠકકરબાપા : લે. શાહ કાંતિલાલ, પ્રકરણ-૧૬, પાન-૧૪૧



આજ રોજ ફાગણ વદ સાતમને રવિવારે ભીલ આશ્રમની શરૂઆત કરી નીચે પ્રમાણે ચાર છોકરા દાખલ કર્યા :

વસ્તા કમજી ઉંમર વર્ષ-૮

ચુનીલાલ કમજી ઉંમર વર્ષ-૫

નાનજી તેલિયા ઉંમર વર્ષ-૧૦

જડબિયા ધનજી ઉંમર વર્ષ-૧૩

આ ચાર છોકરાઓ તથા બીજા પાંચ છોકરાઓને જે વાળ નવડાવી ચાંલ્લા કરી ગોળ ખવરાવ્યો અને નવાં કપડાં પહેરાવી પ્રાર્થના કરાવી.'[1]

કંગાળ અને શોષિત હાલતમાં જીવતા આદિવાસીઓના કલ્યાણનો સૂરજ ઉગ્યો. અને આ રીતે તેમના બાળકોને વિના મૂલ્યે શિક્ષણ આપવાની સુવિધા સ્વૈચ્છિક રીતે ઊભી થઇ.

આ પ્રકારની આશ્રમશાળા શરૂ કરવાનો મુખ્ય ઉદ્દેશ આદિવાસીઓમાંથી જ પ્રમાણિક અને નકકર નેતાગીરી ઊભી કરવાનો હતો, કે જેઓ આદિવાસીઓમાં જ શિક્ષણ તથા આર્થિક વિકાસ જેવી કલ્યાણકારી પ્રવૃત્તિ હાથ ધરે ને જેને લઇને તેઓ (આદિવાસીઓ) ભારતના સમાન નાગરિક બની શકે.[2]

આ ઉદ્દેશ ધ્યાનમાં રાખી આશ્રમના બાળકોને સ્થળ ઉપર રાખીને જ સ્વચ્છતા, આરોગ્ય અને સમૂહ જીવનના સંસ્કાર આપવા લાગ્યા. આ ઉપરાંત સાદાઇભર્યું, ખેતી અને ખાદીથી જોડાયેલું શિક્ષણ દાખલ કરવામાં આવ્યું. બાળકો પોતાની સંસ્કૃતિ ભૂલી ન જાય અથવા મોટા થઇ તેનાથી

---

૧ શાહ, કાંતિલાલ : ઠકકરબાપા, પ્રકરણ-૧૮, પાન નં. ૧૪૮

૨ Naik D.J. : Ashram School, Vanyajati, October 1965 Vol. XII, Pate 165.

અલિપ્ત ન થાય તે માટે આદિવાસી તહેવારોની ઉજવણી, નૃત્યો, ગીતોને પણ સ્થાન આપવામાં આવ્યું. શિક્ષણ આપવાનું માધ્યમ ભીલ બોલીમાં જ રાખવામાં આવ્યું. આમ આદિવાસીઓને શિક્ષણ અને સંસ્કાર આપવાનું ભગીરથ કાર્ય આશ્રમશાળાઓએ ઉપાડી લીધું. આના ફળસ્વરૂપે થોડા જ વર્ષોમાં આશ્રમશાળામાં તૈયાર થયેલા બાળકો આદિવાસીઓમાં શિક્ષણ અને કલ્યાણના કાર્યો કરવા લાગ્યા.[1]

ઠક્કરબાપાની યોજના પ્રમાણે અન્ય સ્થળોએ પણ શાળાઓ શરૂ કરવામાં આવી. આ પછીના અરસામાં મુંબઇ સરકારના શિક્ષણ ખાતાએ ૧૯૨૮ માં સ્ટાર્ટ સમિતિની નિમણૂક કરી. આ સમિતિએ નબળા વર્ગો અને આદિવાસીઓની શૈક્ષણિક, આર્થિક અને સામાજિક સ્થિતિ તપાસીને તેઓના વિકાસ અંગેની ભલામણો કરવાની હતી, આ સમિતિએ દળદાર અહેવાલ લખ્યો. જેમાં આદિવાસીઓમાં શિક્ષણના પ્રસાર અંગે જોરદાર ભલામણો કરી. તેમણે આદિવાસીઓના બાળકોના શિક્ષણ અંગે જણાવ્યું કે 'ઊંડાણવાળા આદિવાસી ગામડાઓમાં કે જ્યાં નાના બાળકો માટે ચાર ધોરણ સુધીની શાળા શક્ય ન હોય ત્યાં તેઓના ઘરથી નજીક છાત્રાલયો સાથેની શાળાઓ શરૂ કરવાની જરૂરી છે. આની સાથોસાથ જ બાળકો ઉત્તર પ્રાથમિક શાળામાં અભ્યાસ કરવા ઇચ્છતા હોય તેઓ માટે મુખ્ય છાત્રાલય અને જોડાયેલી પ્રાથમિક શાળાની પણ એટલી જ આવશ્યકતા છે. હાલમાં અસ્તિત્વ ધરાવતી આ પ્રકારની શાળાઓએ અભૂતપૂર્વ પરિણામ હાંસલ કર્યું છે. જેના ઉદાહરણરૂપે સુરત જિલ્લાની ગોંડસેલા છે. અમે આવી શાળા (આશ્રમશાળા)ની સંખ્યા વધારવા માટે ભલામણ કરીએ છીએ,[2] સ્ટાર્ટ કમિટીએ એવી પણ ભલામણ કરી કે આગલા સૂચવેલા છાત્રાલયો ચલાવવાની જવાબદારી બને ત્યાં સુધી સામાજિક સેવા કરતી સંસ્થાને સોંપવી અને એમને એ કામ માટે જરૂરી નાણાંકીય મદદ કરવી.[3] આ રીતે સમિતિ દ્વારા

---

૧ Naik D.J. : Ashram School, VanyaJati, October, 1965, Vol. XIII P.No. 165.

૨ Starte Committe e, Report : Chapter IV, Page 31.

૩ શાહ વિમલ : આદિવાસીઓના પ્રશ્નો : સ્ટાર્ટ કમિટી અહેવાલ, પાન નં. ૨૪



આશ્રમશાળા પ્રકારની શાળાને વિકસાવવા માટે પ્રોત્સાહન આપવામાં આવ્યું અને તેને ચલાવવાની જવાબદારી સ્વૈચ્છિક સંસ્થાને સોંપવાની હિમાયત કરી.[1]

આ પછી સિમિંગ્ટન સમિતિની રચના કરવામાં આવી. તેઓએ પોતાનો અહેવાલ ૧૯૩૭ માં સુપ્રત કર્યો. તેઓએ પણ પ્રાથમિક શિક્ષણ ફરજિયાત બનાવવાની અને આદિવાસીઓને આદિવાસી બોલીમાં જ શિક્ષણ આપવાની ભલામણ કરી હતી.

સ્વતંત્રતા મળ્યા બાદ મુંબઇ રાજ્યમાં બાળાસાહેબ ખેરનું જે પ્રધાનમંડળ હતું તેમણે પણ આદિવાસીઓના શિક્ષણના પ્રશ્નમાં રસ લીધો. તેમણે તેમના સમય દરમ્યાન મુંબઇ સરકારમાં ઠરાવ પસાર કરાવ્યો. જેમાં નોંધ્યું છે કે 'અનુસૂચિત જનજાતિ અને પછાત વિસ્તારોમાં રહેનારા લોકોના શૈક્ષણિક પ્રશ્નનો અસરકારક રીતે ઉકેલ લાવવાના હેતુસર સરકાર આશ્રમશાળાઓ મંજૂર રાખે છે

જ્યાં અનુસૂચિત જનજાતિના બાળકોને મફત રહેવા જમવાનું આપીને, સેવા અને સહકારની ભાવનાવાળા-શક્તિશાળી શિક્ષકની દેખરેખ અને માર્ગદર્શન હેઠળ તેઓને પાયાની તાલીમ આપી શકાય.[2]

આ રીતે આદિવાસી વિસ્તારમાં સ્વૈચ્છિક સંસ્થાઓને આશ્રમશાળા ખોલવા માટે સરકાર તરફથી પ્રોત્સાહન અપાયું. સરકાર અનુદાન માટેના નિયમો સરળ અને કાળજીપૂર્વકના તૈયાર કર્યા. અનાવર્તક ખર્ચ જેવા કે જમીન, મકાનો, સાધનો અને પશુઓ માટે ૧૦૦ ટકા અનુદાન આપવાનું નક્કી કર્યું. આવર્તક ખર્ચ જેવા કે શિક્ષકો અને અન્ય કર્મચારીઓનો પગાર, બાળકોનું

---

૧ શાહ વિમલ, આદિવાસીઓના પ્રશ્નો, સ્ટાર્ટ કમિટી અહેવાલ, પાન નં. ૨૪

૨ Resolution No. BCH 1953 : Education Department Government of Bombay.

ભોજનખર્ચ તેમજ અન્ય ખર્ચ માટે ૯૦ ટકા અનુદાન આપવાનું નક્કી કર્યું. આશ્રમશાળાના વર્ષવાર ક્રમશઃ વિકાસના તબક્કાઓ વિચારવામાં આવ્યા. આ રીતે આશ્રમશાળાને સંપૂર્ણ સરકારી અનુદાન મળે તેવી જોગવાઇ થઇ. તદુપરાંત આશ્રમશાળાઓ સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા ખોલવા માટેનો સરકાર દ્વારા આગ્રહ રખાયો. તે જ વર્ષમાં સરકારી દફતરે ત્રણ આશ્રમશાળાઓ નોંધાઇ. તે પછીના વર્ષમાં તેમાં આઠનો ઉમેરો થયો.

આ પછી ૧૯૫૯ માં અંદાજપત્ર સમિતિએ પોતાનો ૪૮મો અહેવાલ આપ્યો અને તેમાં તેમણે શિક્ષણના વિકાસ માટે જણાવ્યું કે 'સમિતિને લાગે છે કે આશ્રમશાળાઓમાં બાળકોની નાની ઉંમરથી સંભાળ રખાય છે અને તેથી તેમના ઘડતરમાં આ શાળાઓનો ઘણો મોટો ફાળો હોય છે. પ્રમાણમાં ઓછી કિંમતે આ શાળાઓ બાળકોની રહેણીકરણીમાં ફેરફાર લાવે છે. અને તેમને સંસ્કારી બનાવે છે. આથી આદિવાસીઓ માટે અને અસ્પૃશ્યો માટે આવી આશ્રમશાળાઓ વધારે સંખ્યામાં શરૂ કરવી જોઇએ. અને તેનો વહીવટ બિન-સરકારી સંસ્થાઓને સોંપવો જોઇએ,[1] આશ્રમશાળાના વિકાસમાં તેનાથી પ્રોત્સાહન મળ્યું. આ પછી રચાયેલ રેણુકા રે સમિતિએ પણ આદિવાસીઓમાં શિક્ષણનો વિકાસ થાય એ માટેનાં સૂચનો કર્યાં. અને પછી રચાયેલ ઢેબર સમિતિએ પણ શિક્ષણ અંગેનાં ઘણાં સૂચનો કર્યાં. તેમણે કરેલાં કેટલાંક વિશિષ્ટ સૂચનો નીચે મુજબ હતાં.

(૧) ચોવીસ કલાકની આશ્રમશાળાઓ વધુ ન રાખવી, વહેલા ઉઠવા બાબત કે પ્રાર્થના કરવા વિષે અતિ કડકાઇ ન રાખવી, શાળાના કલાકો વધારે ન રાખવા.

(૨) એવા હુન્નરો શીખવવા કે જે આગળ ઉપર કામ આવે. કપાસ ન થતો હોય ત્યાં કાંતણનો આગ્રહ ન રાખવો.

---

૧ વિમલ શાહ, આદિવાસીઓના પ્રશ્નો, અંદાજપત્ર સમિતિનો અહેવાલ, પાન નં. ૪૮



(૩) વિદ્યાર્થીઓમાં જ્ઞાતિના દુષણો ન પેસી જાય કે હરિજનો પ્રત્યે સૂગ ન જાગે તે જોવું.

(૪) આશ્રમશાળાના વિદ્યાર્થીઓને માંસાહાર છોડાવવા માટે ધીમે ધીમે કહેવું.

(૫) આશ્રમશાળાના આદિવાસી બાળકો સોગિયા ન બની જાય કે બીજા આદિવાસી વિદ્યાર્થીઓ કરતાં પોતે કંઇક જુદા છે એવો અહંભાવ સેવતા ન થઇ જાય એની કાળજી રાખવી.[1]

આ રીતે આશ્રમશાળાઓમાં વિદ્યાર્થીઓ ઉપર નિયમોની બાબત રખાતી કડકાઇ અને બીજી કેટલીક બાબતોનું તેમણે ધ્યાન દોર્યું છે. આમ છતાં આશ્રમશાળા દ્વારા થયેલા કામનો તેમણે ઇન્કાર કર્યો નથી.

સંયુક્ત મહારાષ્ટ્રમાંથી ગુજરાત છૂટું પડયું ત્યારે ગુજરાતમાં કુલ ૪૧ આશ્રમશાળાઓ હતી.[2] ત્યાર પછી ૧૯૬૧માં ઢેબરના અધ્યક્ષ હેઠળ જે કમિશન નિમાયું તેણે પણ કેટલીક ભલામણો કરી. તેમાંની એક ભલામણ એ હતી કે 'આદિવાસી વિસ્તારમાં આશ્રમશાળાઓ વધુ પ્રમાણમાં ખોલવી જોઇએ. તેમજ શિક્ષણમાં ગમે તે એક ઉદ્યોગને દાખલ કરવો જોઇએ. લોકવાર્તાઓ, લોકગીતો તથા લોકનૃત્યોને તેમના શિક્ષણમાં યોગ્ય સ્થાન આપવું જોઇએ,[3]

ઉપર જોયું તે પ્રમાણે લગભગ બધી જ સમિતિઓએ આદિવાસીઓના શિક્ષણમાં આશ્રમશાળાનું મહત્વ સ્વીકાર્યું છે. અને તેની સંખ્યા વધારવા માટે ભલામણો કરી છે. તે અનુસાર ગુજરાત સરકારે આદિવાસી વિસ્તારમાં સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા દર વર્ષે નવી આશ્રમશાળાઓ ખોલવાનો આગ્રહ રખાયો છે. અને તેથી તેના વિકાસમાં અવરોધરૂપ પ્રશ્નોને જાણવા સમજવા માટે ગુજરાત સરકારે ભાણ સમિતિની રચના કરી છે. સમિતિએ પોતાનો અહેવાલ સુપ્રત કરી દીધો છે.

---

૧ વિમલ શાહ, આદિવાસીઓના પ્રશ્નો, અંદાજપત્ર સમિતિનો અહેવાલ, પાન નં. ૧૬૩

૨ શિક્ષણ નિયામકની કચેરીના આધારે

૩ શાહ વિમલ, આદિવાસીઓના પ્રશ્નો, ઢેબર કમિશનનો અહેવાલ, પાન નં. ૧૬૩

સમિતિની મોટા ભાગની ભલામણોનો સરકારે પૂર્ણ પણે સ્વીકાર કર્યો છે. અને અમલીકરણ માટેની તૈયારી પણ કરી છે. ગુજરાત રાજ્યમાં ૧૯૭૮-૭૯ દરમ્યાન આશ્રમશાળાની કુલ સંખ્યા ૧૭૦ છે. ૧૯૫૩ થી ૩ થી શરૂ થયેલી આશ્રમશાળાઓની સંખ્યામાં સતત વધારો થતો જ રહ્યો છે. જે બાબત આપણે નીચેના કોઠા પરથી જાણી શકીશું.

આશ્રમશાળાઓની વર્ષવાર સ્થિતિ દર્શાવતો કોઠો

કોઠો-૧

| ક્રમ | વર્ષ | જે તે વર્ષમાં શરૂ થયેલ આશ્રમશાળા | વર્ષ અંતે કુલ આશ્રમશાળા |
|---|---|---|---|
| ૧. | ૧૯૫૩-૫૪ | ૩ | ૩ |
| ૨. | ૧૯૫૪-૫૫ | ૮ | ૧૧ |
| ૩. | ૧૯૫૫-૫૬ | ૩ | ૧૪ |
| ૪. | ૧૯૫૬-૫૭ | ૩ | ૧૭ |
| ૫. | ૧૯૫૭-૫૮ | ૨ | ૧૯ |
| ૬. | ૧૯૫૮-૫૯ | ૧૬ | ૩૫ |
| ૭. | ૧૯૫૯-૬૦ | ૬ | ૪૧ |
| ૮. | ૧૯૬૦-૬૧ | ૭ | ૪૮ |
| ૯. | ૧૯૬૧-૬૨ | ૮ | ૫૬ |
| ૧૦. | ૧૯૬૨-૬૩ | ૪ | ૬૦ |
| ૧૧. | ૧૯૬૩-૬૪ | ૯ | ૬૯ |
| ૧૨. | ૧૯૬૪-૬૫ | ૯ | ૭૮ |
| ૧૩. | ૧૯૬૫-૬૬ | ૪ | ૮૨ |
| ૧૪. | ૧૯૬૬-૬૭ | ૧૬ | ૯૮ |
| ૧૫. | ૧૯૬૭-૬૮ | ૯ | ૧૦૭ |
| ૧૬. | ૧૯૬૮-૬૯ | – | ૧૦૭ |
| ૧૭. | ૧૯૬૯-૭૦ | ૫ | ૧૧૨ |
| ૧૮. | ૧૯૭૦-૭૧ | ૨ | ૧૧૪ |
| ૧૯. | ૧૯૭૧-૭૨ | ૧૧ | ૧૨૫ |
| ૨૦. | ૧૯૭૨-૭૩ | – | ૧૨૫ |
| ૨૧. | ૧૯૭૩-૭૪ | – | ૧૨૫ |
| ૨૨. | ૧૯૭૪-૭૫ | ૬ | ૧૩૧ |
| ૨૩. | ૧૯૭૫-૭૬ | ૨ | ૧૩૩ |
| ૨૪. | ૧૯૭૬-૭૭ | ૭ | ૧૪૦ |
| ૨૫. | ૧૯૭૭-૭૮ | ૧૮ | ૧૫૮ |
| ૨૬. | ૧૯૭૮-૭૯ | ૧૨ | ૧૭૦ |



આમ કોઠામાં જોતાં જ ખ્યાલ આવે છે કે છેલ્લા ૨૭ વર્ષમાં આશ્રમશાળાના ઇતિહાસમાં આશ્રમશાળાના વિકાસમાં ત્રણ વર્ષને બાદ કરતાં સતત વધારો જ થતો રહ્યો છે. તેમાં પણ છેલ્લા ત્રણ વર્ષમાં તો તેની સંખ્યામાં નોંધપાત્ર વધારો થવા પામ્યો છે.

જ્યારે વિકાસનો તબક્કો હોય ત્યારે તેમાં ખામી ન આવે તે માટે તેનું વાસ્તવિક આદર્શ સ્વરૂપ કેવું હોવું જોઇએ તેના વિષે પણ આપણે સભાનપણે વિચારવું જોઇએ.

**આશ્રમશાળાનું વાસ્તવિક આદર્શ સ્વરૂપ :**

આશ્રમશાળા વિષે ઉપસાવેલું આદર્શ સ્વરૂપ સરકારે કરેલા ઠરાવો, સરકાર નિમેલી વિવિધ સમિતિઓના તૈયાર થયેલા અહેવાલો, સરકારે નક્કી કરેલાં ધોરણો વગેરેને ધ્યાનમાં લઇ તૈયાર કરવામાં આવ્યું છે.

**આશ્રમશાળા ચલાવનાર સંસ્થા :**

આશ્રમશાળા શરૂ કરવા માગતી સંસ્થા અથવા આશ્રમશાળાનું હાલમાં સંચાલન કરતી સંસ્થા નીચે દર્શાવેલ વિગતોથી પરિપૂર્ણ હોવી જોઇએ.

૧. જે તે ચલાવતી અથવા ચલાવવા માગતી સંસ્થા કાયદા અન્વયે માન્ય થયેલ હોય તેવું પબ્લીક ટ્રસ્ટ હોવું જોઇએ.

૨. જ્યાં આશ્રમશાળા શરૂ કરવાની હોય તેવા સ્થળ પર ૧૦ એકર ખેતી લાયક જમીન હોય અથવા તે મેળવી શકે એટલી સંસ્થા શક્તિમાન હોવી જોઇએ.

૩. સ્થળ ઉપર પીવાના પાણી અંગે તથા ખેતીકામમાં જોઇતા પાણીના પૂરવઠાની સવલત હોય અથવા પાણી મળી રહેવાની શકયતા હોય.

૪. કામચલાઉ ઉપયોગમાં લઇ શકાય તેવા મકાનની વ્યવસ્થા.

૫. આશ્રમશાળાની શરૂઆતના વર્ષે ૧૫ કુમાર અને ૧૫ કન્યા એમ કુલ ૩૦ વિદ્યાર્થીઓ અને તે પછીના દર વર્ષે ૧૦ કુમાર અને ૧૦ કન્યા જે ૧૨૦ સુધી સંખ્યા થાય તેટલા વિદ્યાર્થીઓ મેળવવાની શકયતા ધરાવતી હોય.[૧]

આ ઉપરાંત સંસ્થાના વહીવટદારોને ઉદ્દેશીને મુંબઇ સરકારના ઠરાવમાં જે જુદા જુદા મુદ્દાઓ દર્શાવ્યા છે તે પ્રમાણે સંસ્થાના વહીવટદારો આશ્રમશાળા માટે સરકારે જે ઉદ્દેશથી અનુદાન

---

૧ નિયામકશ્રી પ્રા. અં. પ્રૌઢ શિક્ષણ તરફથી મંગાવવામાં આવતી અરજીપત્રના નમૂના પરથી



આપ્યું હોય તે પ્રમાણે ઉપયોગ કરે. સંચાલકોએ સરકારી નીતિ અને આદેશો અથવા સરકારના વતી શિક્ષણ ખાતું અથવા નિયામક જે પ્રમાણે વારંવાર સૂચનાઓ આપે તે પ્રમાણે કડક રીતે વહીવટ કરવાનો રહેશે. આ ઉપરાંત સંચાલકોએ પક્ષીય, રાજકીય કે સરકાર વિરોધી પ્રચાર માટે અનુદાનનો ઉપયોગ કરી શકશે નહીં.[૧]

ઉપર દર્શાવેલી વિગતો ઉપરથી એવો અર્થ થઇ શકે કે જે સંસ્થાઓ આશ્રમશાળાઓ ચલાવતી હોય તે સંસ્થાઓએ પણ આશ્રમશાળા માટેની બધી જ સગવડો કરેલી હોય અને નિયમ પ્રમાણે આશ્રમશાળાનું સંચાલન કરતી હોય.

**કેમ્પસ :**

આશ્રમશાળાના પટાંગણને ફરતી વાડ હોવી જોઇએ અને પટાંગણની અંદર નાનો બગીચો રાખવો અને વૃક્ષ ઉછેર કરવો જોઇએ.[૨]

**મકાનો :**

એબિન સમિતિની મકાન કરવા બાબતની ભલામણ મુજબ મકાનોની બાંધણી સાદી રાખવી અને સામગ્રી સ્થાનિક વાપરવી. બાળકને ઘરે જે સગવડ મળે છે તેથી જુદા પ્રકારની સગવડ આપી બાળકને અશઆરામી ન બનાવવો.[૩] ગુજરાત રાજ્ય સરકાર તરફથી આશ્રમશાળાના મકાનોના બે યુનિટ માટે પૈસા આપવામાં આવે છે. આમાં એક યુનિટ શરૂઆતમાં બાંધવાનું હોય છે. અને ત્યારપછી બીજું યુનિટ બનાવવાનું હોય છે. આ યુનિટ સરકારી ધારાધોરણ પ્રમાણે તેટલી જ સગવડવાળા બનાવવાના હોય છે.[૪] બને યુનિટનું બાંધકામ એ પ્રકારે બનાવવાનો આગ્રહ રખાય

---

૧ Resolution No. 13 CH-16 SH. ~~Dx~~ Education Department, Government of Bombay.

૨ પ્રાથમિક શાળાની તપાસણીના અહેવાલનું નમૂનાપત્રક, વિભાગ-૨ ૧ (અ) મકાન ૧૦, ૧૨

૩ શાહ વિમલ, આદિવાસીઓના પ્રશ્નો-એબિન સમિતિનો અહેવાલ, પાન નં. ૧૬૨

૪. ગુજરાત સરકારના શિક્ષણ ખાતા તરફથી આશ્રમશાળાને અનુદાન આપવા બનાવેલ પત્રક મુજબ

છે કે જેને લઇને સમગ્ર રીતે શૈક્ષણિક વાતાવરણ જળવાઇ રહે.

## ખેતી અને જમીન :

આશ્રમશાળા શરૂ કરવા ઇચ્છતી સંસ્થા પાસે જ ગામમાં આશ્રમશાળા શરૂ કરવા ઇચ્છતી હોય ત્યાં ૧૦ એકર જમીન હોવી જોઇએ.[1] આવી જમીન બક્ષીસ, દાન અથવા સરકાર તરફથી મળેલી ન હોય તો સંસ્થાને ખરીદી પેટે ૧૦૦૦૦ રૂપિયાનું અનુદાન આપવાની જોગવાઇ કરવામાં આવે છે.[2] આમ આશ્રમશાળા પાસે ખેતી લાયક ૧૦ એકર જમીન હોવી ફરજિયાત છે, ઉપરાંત આ જમીનનો ઉપયોગ બાળકોને ખેતી ઉદ્યોગનું શિક્ષણ આપવા માટે કાળજીપૂર્વક થવો જોઇએ.

## ખેતીનાં સાધનો અને બળદ :

આશ્રમશાળાના પ્રથમ તબક્કામાં સરકારશ્રી તરફથી આશ્રમશાળા શરૂ કરનાર સંસ્થાને શરૂઆતમાં અને પાંચ વર્ષ પછી ખેતી વિષયક સાધનો ખરીદવા અનુદાન આપવામાં આવે છે. શરૂઆતમાં બે બળદો અને ગાડું ખરીદવા અનુદાન આપવામાં આવે છે.[3] આ પ્રમાણે ઉપરોક્ત સગવડો સાથે જ આશ્રમશાળા હોય તો વધુ ઇચ્છનીય છે.

## દુધાળી ગાય અને તેનું રહેઠાણ :

આશ્રમશાળા શરૂ થાય ત્યારે બે અને તે પછીના પાંચ વર્ષે બીજી બે એમ કુલ ચાર ગાય લાવવા માટે સરકાર અનુદાન આપે છે. આ ઉપરાંત ગાયોના રહેઠાણના શેડ બનાવવા માટે પણ અનુદાન આપવામાં આવે છે.[4] આશ્રમશાળા પાસે ચાર ગાય અને તેને રહેવાની સગવડતા થયેલી હોવી જોઇએ.

---

૧ આશ્રમશાળા શરૂ કરવા ઇચ્છતી સંસ્થા માટે મંગાવવાની અરજીપત્રક મુજબ

૨. ગુજરાત સરકારના શિક્ષણ ખાતા તરફથી આશ્રમશાળાને આપવાના અનુદાનમાં પત્ર મુજબ

૩, ૪ ગુજરાત સરકારના શિક્ષણ અને મજૂર વિભાગે આશ્રમશાળાને અપાતા અનુદાન પત્રક મુજબ



## પાણીની વ્યવસ્થા :

આશ્રમશાળા પાસે કૂવો, પાણીની ટાંકી પાઇપલાઇન સાથે અને સ્નાનગૃહ હોવાં જોઇએ.[1] બાળકોને પીવાના પાણીની અલગ ઓરડી હોવી જોઇએ અને તેમાં પાણી ભરવા માટેનાં વાસણો હોવા જોઇએ.[2]

## આરોગ્ય :-

આશ્રમશાળાનાં બાળકોનું આરોગ્ય બગડે તે સમયે ખર્ચ કરવા પેટે આશ્રમશાળા શરૂ થયા પછી દર વર્ષે તે અંગેનું અનુદાન આપવામાં આવે છે.[3] આ રીતે આશ્રમશાળામાં પ્રાથમિક સારવારની સગવડો હોવી જરૂરી છે.

## કર્મચારીની પસંદગી :

આશ્રમશાળાનો શિક્ષક તાલીમ પામેલો હોવો જોઇએ.[4] તે પોતે સેવા અને સહકારની ભાવના તથા ઉદ્દેશથી પ્રેરાયેલો હોવો જોઇએ. તે બાળકોની સતત દેખરેખ રાખતો અને માર્ગદર્શન આપતો હોવો જોઇએ.[5] મુખ્ય શિક્ષક ગૃહપતિની ફરજ બજાવવી જોઇએ અને કન્યાના છાત્રાલય માટે વડાં શિક્ષિકા બહેનને ગૃહમાતાની ફરજ બજાવવી જોઇએ. જો પતિપત્ની બંને શિક્ષક તરીકે નોકરી કરતાં હોય તો તેઓને આશ્રમશાળાની જવાબદારી સોંપવી જોઇએ.[6] આશ્રમશાળામાં આદિવાસી શિક્ષણનું પ્રમાણ વધુ હોવું જોઇએ.[7] અને તેમને આદિવાસી શિક્ષણ અને સંસ્કૃતિ વિષે

---

૧ ઠરાવ નં. ઇ.બી.સી. ૧૯૬૭/૭૮૧૯૦ છ, શિક્ષણ અને મજૂર વિભાગ

૨ પ્રાથમિક શાળાના તપાસના અહેવાલના નમૂના પત્રક પ્રમાણે

૩. ગુજરાત સરકારના શિક્ષણ અને મજૂર ખાતાએ આશ્રમશાળાને અપાતા અનુદાનના પત્રક મુજબ

૪ શિક્ષણ ખાતાના નિયમ મુજબ

૫, ૬ Resolution No. B.H.C. 1654: Education Department, Government of Bombay.

૭ શાહ વિમલ : આદિવાસીના પ્રશ્નો, ઢેબર કમિશન અહેવાલ.

પૂરતુ જ્ઞાન હોવું જોઇએ.[1] ઉપરના મુદ્દા ઉપરથી એમ તારવી શકાય કે આશ્રમશાળામાં શિક્ષક તરીકે કામ કરનાર વ્યકિત ફકત નોકરી કરવાના આશયવાળો ન હોતાં સેવાની ભાવનાવાળો હોવો જરૂરી છે. અને તેનો બધો જ સમય બાળકોને આપી શકે તેવો હોવો જરૂરી છે. એટલું જ નહીં તે શિક્ષક આદિવાસી સંસ્કૃતિ અને જીવનની રીતભાતથી પરિચિત હોવો જોઇએ.

## આશ્રમશાળામાં કર્મચારીનું પ્રમાણ :

સરકારશ્રીએ મંજૂર કર્યા પ્રમાણે આશ્રમશાળામાં નીચે મુજબ કર્મચારીઓ હોવા જોઇએ. કે જેને લઇને આશ્રમશાળાની પ્રવૃત્તિઓ વિઘ્ન વગર સરળતાથી ચાલી શકે.

| | | સંખ્યા |
|---|---|---|
| ૧. | શિક્ષક | ૪ |
| ૨. | કામાટી | ૧ |
| ૩. | રસોયા | ૨ |
| ૪. | રસોડાનો નોકર | ૧ |
| | કુલ | ૮ |

## આશ્રમશાળામાં શિક્ષણ માટે દાખલ થયેલા બાળકોને આપવામાં આવતી સુવિધાઓ :ભોજન, કપડાં, પથા

આશ્રમશાળામાં અભ્યાસ કરતા દરેક વિદ્યાર્થીને ૧૯૮૦ થી રૂ.૭૫/-ની શિષ્યવૃત્તિ આપવામાં આવે છે.[2] જેમાં દરેક વિદ્યાર્થીને ત્યાંના નિવાસ દરમ્યાન પથારી તથા દર વર્ષે બે જોડ કપડાં તેમજ દરરોજ સવાર સાંજ પૌષ્ટિક અને સમતોલ આહાર તેમજ બપોરના સમયે નાસ્તો આપવાનો

---

૧ શાહ વિમલ, આદિવાસીઓના પ્રશ્નો, ઢેબર કમિશન અહેવાલ

૨ ગુજરાત સરકારના શિક્ષણ અને મજૂર વિભાગના આશ્રમશાળાને આપવાના અનુદાનના પુસ્તક મુજબ



આગ્રહ રાખવામાં આવે છે. આ સગવડો ઉપરાંત સાબુ, કોપરેલ તથા બીજી નાની સગવડો પણ વિદ્યાર્થીને અપાતી હોય છે.

## શિક્ષણ :

આશ્રમશાળાની શરૂઆત પછી ચારપાંચ વર્ષના સમયગાળામાં તે પ્રથમ કક્ષાની (અ વર્ગની) પ્રાથમિક શાળા થઇ જવી જોઇએ.[1] શાળાના વાર્ષિક નિરીક્ષણના સમયે દરેક ધોરણના બાળકોને દરેક વિષયમાં કેટલું જ્ઞાન છે તેની પૂરતી ચકાસણી થવી જોઇએ. આ ઉપરાંત વાર્ષિક પરીક્ષાના પરિણામોને આધારે સમગ્ર ધોરણની કક્ષા નક્કી કરવી. વળી શાળામાં ભણતાં તેજસ્વી અને નબળાં બાળકો માટે વિશિષ્ટ આયોજન કરવું જોઇએ અને તેની નોંધ રાખવી જોઇએ.

આ ઉપરાંત હાજરી, અપવ્યય, સ્થગિતતા બધી જ બાબતોને ધ્યાનમાં લઇ શાળાના સમગ્ર શિક્ષણ કાર્ય અંગે, બાળકોના શૈક્ષણિક સ્તર અંગે અને સહશિક્ષણ પ્રવૃત્તિ અંગે કક્ષા આપવામાં આવે અને તેમની પાસે સારી કક્ષાની અપેક્ષા રાખવી જોઇએ.[2]

ઉપરની દરેક બાબત ઉપરથી એમ કહી શકાય કે આશ્રમશાળા એ શાળાકીય શિક્ષણ કાળજીપૂર્વક અને નિયમિત આપે એટલું જ નહીં તેમનું શાળાકીય શિક્ષણ 'અ' કક્ષાની પ્રાથમિક શાળા જેવું હોવું જોઇએ.

## ઉદ્યોગ શિક્ષણ :

આશ્રમશાળામાં બાળકોને અપાતા શિક્ષણમાં ઉદ્યોગનું સ્થાન આશ્રમશાળાની શરૂઆતથી જ મહત્વનું રહયું છે. પંચમહાલમાં જે આશ્રમશાળાઓ શરૂ થઇ હતી તેમાં 'વિદ્યાર્થીઓને લખવા વાંચવા અને હિસાબ ઉપરાંત સુથારીકામ અને કાંતણ જેવા ઉદ્યોગોને પણ શીખવવામાં આવતા હતા.[3]

---

1 Resolution No. B.H.C. 1955 Education Department, Government of Bombay.

૨ પ્રાથમિક શાળાની તપાસણીના અહેવાલનું નમૂનાપત્રક ૫ અ બ અને ૧૧

3 શાહ કાંતિલાલ, ઠક્કરબાપા, પ્રકરણ-૧૦ પાન નં. ૧૫૦

સ્ટાર્ટ સમિતિએ લખ્યું છે કે 'આદિવાસીની બાળકોની શાળાઓના અભ્યાસક્રમમાં ખેતી દાખલ કરવી જોઇએ. જેથી ખેતી સુધારણાના સંસ્કાર આપી શકાય.'[1] મુંબઇ સરકારે પસાર કરેલા ઠરાવોમાં પણ જણાવ્યું છે કે 'આશ્રમશાળામાં મુખ્ય ઉદ્યોગ તરીકે ખેતી શીખવવી જોઇએ. આ ઉપરાંત સરળ ઉદ્યોગો જેવા કે આંગણવાડી, કાંતણવણાટ, મરઘા ઉછેર વગેરે શીખવવાની સંમતિ આપવામાં આવે છે.[2] આમ બધી જ બાજુથી આદિવાસી બાળકોને ઉદ્યોગનું શિક્ષણ અપાય તેવો આગ્રહ રખાયો છે. આ સંદર્ભમાં જલિન સમિતિએ તેના અહેવાલમાં નોંધ્યું છે કે 'એવા હુન્નર ઉદ્યોગો શીખવવા કે જે આગળ ઉપર કામ આવે. કપાસ ન થતો હોય ત્યાં કાંતવાનો આગ્રહ ન રાખવો જોઇએ.[3] આ રીતે આ સમિતિએ હુન્નર ઉદ્યોગ શીખવવા ઉપર ભાર મૂકવા કરતાં વિદ્યાર્થીઓ ભવિષ્યમાં ઉપયોગી થાય તે જાતના ઉદ્યોગો શીખવવા જોઇએ, તેવી ભલામણ કરી હતી.

હાલ આશ્રમશાળાના વાર્ષિક નિરીક્ષણ વખતે ઉદ્યોગ માટે અઠવાડિયા દરમ્યાન થતો ખર્ચ તે પાછળ વાપરવામાં આવતો સમય અને તે અંગેનાં સાધનો, તે માટેના પત્રકોની નોંધ રાખી તેની ચકાસણી કરવામાં આવે છે.[4]

આમ સમગ્ર રીતે આશ્રમશાળાના શિક્ષણમાં વિવિધ ઉપયોગી ઉદ્યોગોનું શિક્ષણ આપવાનું સ્વીકારવામાં આવ્યું. અને તે પ્રમાણે તાલીમ આપવામાં આવે તેવી અપેક્ષા રાખવામાં આવે છે.

---

૧ વિમલ શાહ, આદિવાસીઓના પ્રશ્નો, સ્ટાર્ટ સમિતિનો અહેવાલ, પાન નં. ૨૪

૨ Resolution No. B.H.C. 1653, Education Department, Government of Bombay.

૩ વિમલ શાહ, આદિવાસીઓના પ્રશ્નો, જલિન સમિતિનો અહેવાલ પાન નં. ૧૬૩

૪ પ્રાથમિકશાળા તપાસણીના અહેવાલના નમૂના પત્રક, ૪ (૩૫) ૧.



પુસ્તકાલય :

આશ્રમશાળામાં પુસ્તકો વસાવવા માટે જે અનુદાન આપવામાં આવે છે તેમાંથી વિદ્યાર્થીને વાંચવા લાયક પુસ્તકો લાવવાં જોઇએ.[1]

આ રીતે આશ્રમશાળાનો મૂળભૂત હેતુ આદિવાસી બાળકોનો સમગ્ર રીતે વિકાસ કરવાનો છે. તેથી આગળ દર્શાવેલ શૈક્ષણિક અને ઉદ્યોગની પ્રવૃત્તિ ઉપરાંત આશ્રમશાળાના બાળકોને વિવિધ રમતો રમાડવાનો અને શીખવવાનો અવકાશ ઊભો કરવો જોઇએ. સાંસ્કૃતિક રીતે તેનો વિકાસ થાય તે માટે નાટક-ગરબા તથા સ્થાનિક ઉત્સવોની ઉજવણી કરવી જોઇએ. આવી ઉજવણી સ્થાનિક લોકોના સહકારથી કરવી જોઇએ. જેથી બાળકોને તેમના સમાજ સાથેનો સંબંધ અતૂટ રીતે જળવાઇ રહે અને તે પોતાની જાતને પોતાના સમાજથી જુદો ન સમજે. આશ્રમશાળાનો કોઇ પણ બાળક ચાલુ અભ્યાસ છોડી દે અને તે સાતમું ધોરણ પાસ કર પછી જ આશ્રમશાળામાંથી જાય તેવું વાતાવરણ સર્જવું.

---

૧ ગુજરાત સરકાર શિક્ષણ અને મજૂર વિભાગ, આશ્રમશાળા ચલાવવાના અનુદાનપત્રક મુજબ

...

## પ્રકરણ - ૩

### આશ્રમશાળાની શૈક્ષણિક પરિસ્થિતિ

પ્રકરણ-૧માં આશ્રમશાળાના મૂલ્યાંકનની ભૂમિકા તપાસી અને છેલ્લે મૂલ્યાંકન માટે પસંદ કરેલી ૨૨ આશ્રમશાળાની યાદી જોઇ. હવે આ આશ્રમશાળાઓની ભૌતિક સવલતો અને શૈક્ષણિક પરિસ્થિતિ તપાસીએ.

**આશ્રમશાળાઓની નોંધાયેલી સંખ્યા :**

સરકારી નિયમ મુજબ આશ્રમશાળામાં બધાં ધોરણોમાં થઇ કુલ ૧૨૦ વિદ્યાર્થીઓની સંખ્યા લેવાની મંજૂરી આપવામાં આવે છે. અને સાથ સાથે એવો આગ્રહ રાખવામાં આવે છે કે આશ્રમશાળાના વિદ્યાર્થીઓમાં ૫૦ ટકા કુમારો અને ૫૦ ટકા કન્યાઓ હોવી જોઇએ.

અભ્યાસમાં આવરી લીધેલી આશ્રમશાળાઓ પૈકી ૧૪ આશ્રમશાળાઓનો એટલે કે ૬૩.૬૪ ટકા આશ્રમશાળાઓમાં સરકારી નિયમ મુજબની પૂરેપૂરી એટલે કે ૧૨૦ સંખ્યા લેવામાં આવી હતી. બાકીની ૮માંથી પાંચ આશ્રમશાળામાં ૧૨૦ થી વધુ સંખ્યા હતી. આનું કારણ એ હતું કે પાછળથી બક્ષીપંચના વિદ્યાર્થીઓને લેવા એવું સૂચન આવવાથી સંખ્યા વધારવામાં આવી હતી.

કુમાર અને કન્યા બંનેની સંખ્યા ૫૦ ટકા હોવી જોઇએ એ નિયમ મુજબ જોઇએ તો તપાસેલી આશ્રમશાળામાંથી ફકત બે આશ્રમશાળામાં જ કુમાર અને કન્યાનું પ્રમાણ સરખું હતું. બાકીની ૨૦ આશ્રમશાળાઓમાં કુમાર કરતાં કન્યાઓનું પ્રમાણ ઓછું હતું. બધી જ આશ્રમશાળા મળીને જોઇએ તો કુમારોની સંખ્યા ૧૭૦૯ અને કન્યાની સંખ્યા ૯૯૦ હતી. ટકાવારીની દ્રષ્ટિએ કુમારોનું પ્રમાણ ૬૩.૩૨ ટકા હતું. જયારે કન્યાઓનું પ્રમાણ ૩૬.૬૮ ટકા હતું. એટલે કે લગભગ ૨:૧ નું પ્રમાણ હતું. આના પરથી બે ફલિત થાય છે કે આદિવાસીઓમાં કુમાર કરતાં કન્યાઓમાં શિક્ષણની ભૂખ ઓછી છે. તેનું કારણ કન્યાઓ ઘરકામ તેમજ મજૂરીમાં રોકાયેલી રહે છે.

તપાસવામાં આવેલી આશ્રમશાળાની રજીસ્ટર સંખ્યાનું ધોરણ અને કન્યા-કુમાર પ્રમાણે વર્ગીકરણ

| ધોરણ | કુમાર | | કન્યા | | કુલ | |
|---|---|---|---|---|---|---|
| | સંખ્યા | ટકા | સંખ્યા | ટકા | સંખ્યા | ટકા |
| ૧ | ૧૯૭ | ૧૧.૫૩ | ૧૪૪ | ૧૪.૫૫ | ૩૪૧ | ૧૨.૬૩ |
| ૨ | ૧૯૪ | ૧૧.૩૫ | ૧૩૧ | ૧૩.૨૪ | ૩૨૫ | ૧૨.૦૪ |
| ૩ | ૨૫૩ | ૧૪.૮૦ | ૧૩૯ | ૧૪.૦૪ | ૩૯૨ | ૧૪.૫૨ |
| ૪ | ૩૫૮ | ૨૦.૯૫ | ૧૯૨ | ૧૯.૩૯ | ૫૫૦ | ૨૦.૩૮ |
| ૫ | ૨૯૧ | ૧૭.૦૩ | ૧૪૩ | ૧૪.૪૪ | ૪૩૪ | ૧૬.૦૮ |
| ૬ | ૨૪૨ | ૧૪.૧૬ | ૧૩૨ | ૧૩.૩૩ | ૩૭૪ | ૧૩.૮૬ |
| ૭ | ૧૭૪ | ૧૦.૧૮ | ૧૦૯ | ૧૧.૦૧ | ૨૮૩ | ૧૦.૪૯ |
| કુલ | ૧૭૦૯ | ૧૦૦.૦૦ | ૯૯૦ | ૧૦૦.૦૦ | ૨૬૯૯ | ૧૦૦.૦૦ |
| ટકા | ૬૩.૩૨ | | ૩૬.૬૮ | | ૧૦૦.૦૦ | |

રજિસ્ટરની સંખ્યા અને ધોરણ પ્રમાણે તપાસીએ તો નીચલા ધોરણોનું એટલે કે ૧થી ૩ ધોરણ સુધીની સંખ્યાનું પ્રમાણ ઓછું જોવા મળે છે. વધુમાં વધુ સંખ્યા ચોથા ધોરણની જોવા મળે.છે. અલબત્ત તેનું કારણ એ પણ છે કે તપાસમાં લીધેલી ૨૨ આશ્રમશાળા પૈકી ફકત ૧૨ શાળા પહેલા ધોરણથી ચાલે છે અને ૨ આશ્રમશાળાઓ બીજા ધોરણથી ચાલે છે. બાકીની ૮ આશ્રમશાળાઓ ત્રીજા ધોરણથી શરૂ થયેલી છે. નિયમ મુજબ તો આશ્રમશાળાઓ ૩થી ૭ ધોરણનીજ જ હોવી જોઈએ. પ્રથમ અને બીજા ધોરણમાં બાળકની જે ઉંમર હોય છે તે ઉંમરે બાળક એકલું રહેવા ટેવાયેલું હોતું નથી. અને પોતાનાં કાર્યો જાતે કરી લેવા માટે અશક્તિમાન હોય છે. અભ્યાસ દરમ્યાન અમને એ પણ જાણવા મળ્યું કે નાનાં બાળકો અંગે શિક્ષકને વિશેષ



કાળજી રાખવી પડે છે. અને પાયાનું શિક્ષણ આપવામાં પણ મુશ્કેલી અનુભવવી પડે છે. હવે આ નિયમોનું ચુસ્ત રીતે પાલન કરવામાં બીજી મુશ્કેલી એ રહેલી છે કે જે મા-બાપ જાગૃત છે અને આર્થિક રીતે કંઇક સુખી છે તે જ પોતાના બાળકને શરૂઆતના બે ધોરણ ગામની શાળામાં મૂકીને પૂરાં કરાવે અને પછી ત્રીજા વર્ષે આશ્રમશાળામાં દાખલ કરે, પરંતુ જે મા-બાપ ગરીબ અને અજ્ઞાન છે તેનાં બાળકો ગામની શાળામાં શિક્ષણ લેતા જ નથી. તેથી આશ્રમશાળાના લાભથી વંચિત રહે છે. આમ કેટલાંક બાળકો બે ધોરણ પોતાના ગામમાં ભણીને ત્રીજા વર્ષે આશ્રમશાળામાં દાખલ થતાં હોઇ શરૂઆતના ધોરણમાં બાળકોની સંખ્યા ઓછી જોવા મળે છે. વચ્ચેનાં બે ધોરણો ૪ અને ૫ માં સંખ્યાનું પ્રમાણ સારું જોવા મળે છે. સામાન્ય રીતે ત્રીજા ધોરણમાં દાખલ થયેલું બાળક બે ત્રણ વર્ષ તો અભ્યાસ પૂરો કરે જ છે. છઠ્ઠા ધોરણથી આ સંખ્યા ઘટતી લાગે છે, અને સાતમા ધોરણમાં તો આ ઘટાડો સારો એવો માલુમ પડે છે. આ ઘટાડાનું મુખ્ય કારણ એ જાણવા મળ્યું કે બાળક નાપાસ થાય એટલે એને ભણવામાંથી રસ ઓછો થઇ જાય છે, અને બીજું એ કે બાળક થોડીક સમજ ધરાવતો થતાં કુટુંબ માટે આર્થિક કમાણીના કામમાં જોડાઇ જાય છે. આની વિગતવાર ચર્ચા પ્રકરણ ૫ માં જોઇશું.

**આશ્રમશાળાઓની દિનચર્યા :**

મોટા ભાગની આશ્રમશાળાઓની પોતાની રોજિંદી દિનચર્યા ઘડેલી હતી. તે છાત્રાલયના જાહેર બ્લેક બોર્ડ ઉપર અથવા પૂંઠા ઉપર લખીને રાખેલી જોવા મળી હતી.

તપાસ કરેલ આશ્રમશાળાઓમાંથી એક આશ્રમશાળા એવી જોવા મળી હતી કે જયાં આ પ્રકારની દિનચર્યા લેખિત સ્વરૂપમાં ન હતી. મોટા ભાગની આશ્રમશાળાઓની દિનચર્યામાં બહુ ફેરફાર જોવા ન મળ્યો. મોટા ભાગની બાબતોમાં બાબતોમાં દિનચર્યા સરખી જણાઇ હતી. ઘણી આશ્રમશાળાઓએ કાર્યક્રમ વિગતવાર બનાવ્યો હતો જયારે કેટલાક મુખ્ય બાબતોની નોંધ કરી હતી. બધી જ શાળાઓનો ઉઠવાનો સમય ૫-૦૦ થી ૫-૩૦ વચ્ચે જણાવા મળ્યો

હતો. જયારે સૂવાનો સમય ૯-૩૦ થી ૧૦-૩૦ ની વચ્ચે જોવા મળ્યો હતો. અભ્યાસ માટેનો દૈનિક સમય લગભગ બધી જ શાળાઓનો ૧૧ થી ૫-૧૫ નો જોવા મળ્યો. દિનચર્યામાં નીચેની વિગતો આવરી લેવા માં આવી હતી.

આશ્રમશાળાઓની દિનચર્યા :

| | |
|---|---|
| (૧) ઉત્થાન | (૯) ભોજન |
| (૨) દાતણ-શૌચક્રિયા | (૧૦) શાળા સમય (અભ્યાસ) |
| (૩) પ્રાર્થના | (૧૧) રમતગમત |
| (૪) સફાઇ | (૧૨) ભોજન |
| (૫) વ્યાયામ | (૧૩) વિશ્રાંતિ |
| (૬) ઉદ્યોગ | (૧૪) પ્રાર્થના |
| (૭) સ્નાન | (૧૫) સ્વાધ્યાય |
| (૮) સ્વાધ્યાય | (૧૬) શયન |

સમય પ્રમાણે આશ્રમશાળાની દિનચર્યા : X

| અ.નં. | સમય | કાર્ય |
|---|---|---|
| ૧. | ૫-૦૦ -૦૦ | ઉત્થાન |
| ૨. | ૫-૦૦ થી ૫-૩૦ | દાતણપાણી, શૌચક્રિયા |
| ૩. | ૫-૩૦ થી ૬-૦૦ | પ્રાર્થના |
| ૪. | ૬-૦૦ થી ૬-૩૦ | કસરત |
| ૫. | ૬-૩૦ થી ૭-૦૦ | સફાઇ |
| ૬. | ૭-૦૦ થી ૭-૩૦ | નાસ્તો |

X નમૂના તરીકે એક આશ્રમશાળાની દિનચર્યા લખી છે.



| | | |
|---|---|---|
| ૭. | ૭-૩૦ થી ૮-૩૦ | સ્વાધ્યાય |
| ૮. | ૮-૩૦થી ૯-૩૦ | ઉદ્યોગ |
| ૯. | ૯-૩૦ થી ૧૦-૦૦ | સ્નાન |
| ૧૦. | ૧૦-૦૦ થી ૧૦-૪૫ | ભોજન |
| ૧૧. | ૧૦-૪૫ થી ૫-૦૦ | શાળા અભ્યાસ |
| ૧૨. | ૫-૦૦ થી ૫-૩૦ | સફાઇ |
| ૧૩. | ૫-૩૦ થી ૬-૦૦ | રમતગમત |
| ૧૪. | ૬-૦૦ થી ૭-૦૦ | સાંજનું વાળુ |
| ૧૫. | ૭-૦૦ થી ૭-૩૦ | પ્રાર્થના |
| ૧૬. | ૭-૩૦ થી ૧૦-૦૦ | સ્વાધ્યાય |
| ૧૭. | ૧૦-૦૦ થી ૫-૦૦ | શયન |

ઉપર જે દિનચર્યા દર્શાવી તેમાં ઉઠવા બાબતમાં બધી જ આશ્રમશાળાઓ નિયમિત જોવા મળી હતી. દાતણ કરવાની બાબતમાં મોટા ભાગની આશ્રમશાળાના બાળકો બેદરકાર જોવા મળ્યા, પ્રાર્થના સમયસર અને નિયમિત જોવા મળી, મોટાભાગની આશ્રમશાળાઓમાં પ્રાર્થનામાં વિદ્યાર્થીઓ અને શિક્ષકો અનિવાર્ય સંજોગો સિવાય હાજર જ રહેતા હતા, અને હાજરીની નોંધ પણ લેવાતી હતી. સવારની પ્રાર્થના સાથે ભજન, ધૂન અને સર્વોદય પ્રતિજ્ઞા લેવાતી જોવા મળી. પ્રાર્થના ખૂબ લાંબી અને ઉચ્ચારમા અઘરી હોય એવું લાગ્યું. પરિણામે બાળકો ઘણી જગ્યાએ ઉચ્ચાર બરોબર ન કરી શકવાને કારણ શબ્દોનો અપભ્રંશ કરી નાખતા હતા. તેથી અર્થના અનર્થ પણ જોવા મળતા હતા. ઉપરાંત પ્રાર્થના શા માટે કરવી જોઇએ ? જે પ્રાર્થના કરવામાં આવે છે તેનો અર્થ શું ? વગેરે બાબતો મોટાભાગનાં બાળકોને ખ્યાલમાં ન હોય એવું જણાયું. પ્રાર્થના એક દૈનિક ક્રિયા હોય એવું લાગ્યું. અલબત્ત પ્રાર્થનામાંથી કમ્પસમાં એક એવું વાતાવરણ

તો જોવા મળતું જ હતું અને તેની આંતરિક અસર તો બાળકો ઉપર થતી જ હતી. મોટા ભાગની આશ્રમશાળાઓમાં સફાઇ નિયમિત અને વ્યવસ્થિત રીતે જોવા મળી. બે આશ્રમશાળાઓ એવી હતી કે જ્યાં સફાઇ બાબતમાં ઉદાસિનતા જોવા મળી. વ્યાયામને દરેક આશ્રમશાળામાં સ્થાન આપવામાં આવ્યું છે પણ પ્રત્યક્ષ રીતે નિયમિત વ્યાયામ થતો કોઇ પણ જગ્યાએ જોવા મળ્યો નહીં. સ્નાન બાબતમાં પણ વ્યાયામ જેવી પરિસ્થિતિ અનુભવવા મળી. ત્રણ ચાર આશ્રમશાળા સિવાય બીજી આશ્રમશાળાના બધા જ બાળકો દરરોજ નિયમિતપણે સ્નાન કરતાં હોય એવું દેખાયું નહીં. સામાન્ય રીતે શનિ-રવિ દરમ્યાન બધાં બાળકો સ્નાન કરતાં, બાકીના દિવસો દરમ્યાન સ્નાનમાંથી મુક્તિ મળે એ જાતના પ્રયત્નો બાળકો દ્વારા થતા. સ્વાધ્યાય સમયમાં બાળકો વાંચવાનું કાર્ય કરતા હતા. ભોજન નિશ્ચિત સમયે નિયમિતપણે થતું હોય તે તેવું જોવા મળ્યું. શાળા સમય સાચવવાની બાબતમાં મોટા ભાગની શાળાઓ વધુ નિયમિત હતી. જ્યારે બાકી બધે નિશ્ચિત સમયે શાળા કાર્ય થતું જોવા મળ્યું નહીં. કેટલીક જગ્યાએ તો રાખવામાં આવેલા સમયના અડધા કરતાં ઓછા સમયમાં શાળા કાર્ય થતું જોવા મળ્યું. ખાસ કરીને ખેતીની મોસમમાં આવું બનતું વધારે જોવા મળ્યું. પરંતુ પાંચ આશ્રમશાળાઓ એવી હતી કે જ્યાં શાળાના સમય બાબતમાં વ્યવસ્થિત તંત્ર ચાલતું હતું. મોટે ભાગે રમતગમતના સમયને નિશ્ચિતપણે વળગી રહેતા ન હતા, છતાં મોટે ભાગે બાળકો રમતો રમતા દેખાયા હતા. સાંજની પ્રાર્થના નિયમિતપણે થતી હતી. સાંજના સ્વાધ્યાયમાં બાળકો લખતા વાંચતા હતા પરંતુ કેટલીક જગ્યાએ આ બાબતમાં ખાસ કાળજી લેવાતી હોય એવું લાગ્યું નહીં.

આમ આશ્રમશાળાની સમગ્ર દિનચર્યા ઓછાવત્તા પ્રમાણમાં નિયમિત ચાલ્યા કરે છે. વ્યાયામ જેવી બાબતો તરફ દુર્લક્ષ સેવાય છે પરંતુ અમારા ખ્યાલ મુજબ વ્યાયામ દિનચર્યામાં રાખવામાં ન આવે તો પણ વાંધો નથી, કારણ કે દરેક આશ્રમશાળામાં ખેતી તો હોય છે તેથી શારિરીક કસરત ખેતી કાર્યમાંથી બાળકને પ્રાપ્ત થતી જ હોય છે. પરંતુ અગાઉ જોયું તે મુજબ દાતણ અને સ્નાન બાબતમાં જે અનિયમિતતા છે તે દૂર થવી જોઇએ. કારણ કે આશ્રમશાળા દ્વારા સફાઇના



સંસ્કાર અપાવા જોઇએ એ માન્યતા દૃઢપણે હોય ત્યારે તેમને આ સંસ્કાર અધૂરા મળે એ કોઇ રીતે યોગ્ય ગણાય નહીં.

પ્રાર્થના જેમ બને તેમ ટૂંકી પસંદ થાય તો સારું. કારણ કે બાળક સમજી શકે અને અર્થના અનર્થ ન કરે. ઉઠવાનો સમય તો વ્યવસ્થિત જળવાય છે પરંતુ બાળકોને જો ઋતુ પ્રમાણે ફેરફાર કરી આપવામાં આવે તો તે તેને વધુ અનુકૂળ થાય. આશ્રમશાળાના બાળકોને વિવિધ પ્રકારની રમતો રમાડવામાં આવે અને જિલ્લા કક્ષાએ હરિફાઇમાં મોકલવામાં આવે તો તેઓને આખા દિવસની પ્રવૃત્તિમાં આનંદ પણ પ્રાપ્ત થશે અને જિલ્લા કક્ષાએ જવાથી તેમનામાં જાગૃતિ પણ આવશે. તેથી રમત રમાડવાનો આગ્રહ રખાય એ વધુ ઇચ્છનીય છે.

શિક્ષણ :
------

આશ્રમશાળા શરૂ કરવાના જે ઉદેશો હતા તેમાં આદિવાસી બાળકોને શિક્ષણ આપવું એ મુખ્ય ઉદેશ હતો. આ ઉદેશ કેટલો પૂર્ણ કરી શકાયો છે તે જોઇએ.

તપાસમાં લીધેલી બધી જ આશ્રમશાળાઓનો સમય ૧૧ થી ૫-૩૦ ની અંદરનો હતો અને વચ્ચે બપોરના ૩૦ મિનિટની રિસેસ આપવામાં આવતી હતી. શિક્ષકનો હાજરી અને ગેરહાજરી એમ બંને વખતે વર્ગની મુલાકાત દરમ્યાન જાણવા મળ્યું કે લગભગ બધી જ આશ્રમશાળાઓ શાળા શરૂ કરવાનો સમય બરોબર સાચવવા પ્રયત્ન કરતી હતી. શરૂઆતના કાર્યક્રમમાં શાળા સભા કે સંમેલન અને ત્યાર પછી બાળકો નક્કી કરેલ જગ્યાએ ધોરણ પ્રમાણે બેસી જતાં હતાં.

અભ્યાસની દ્રષ્ટિએ જોઇએ તો તપાસેલ શાળામાંથી પાંચ શાળા એટલે કે ૨૨.૭૩ ટકા આશ્રમશાળા એવી હતી કે જ્યાં અભ્યાસ પ્રત્યે બેદરકારી હતી. બાળકો વર્ગના સમય દરમ્યાન એકત્ર થઇને વર્ગમાં બેસી રહેતા કે વાતચીત કરતા. બીજું કે તપાસેલ આશ્રમશાળામાંથી બહુ ઓછી આશ્રમશાળાઓમાં બધા જ વર્ગો નિયમિતપણે ચાલતા હોય તેવું જોવા મળ્યું. બાકીની

આશ્રમશાળાઓમાં બાળકો વર્ગમાં બેઠા પછી શિક્ષકોની જ્યારે ઇચ્છા થાય ત્યારે તે વર્ગમાં જતા. અને કોઇ શિક્ષક ગેરહાજર હોય તો બાળકો એકલા વર્ગમાં બેસી રહેતા અથવા અન્ય વર્ગની સાથે ભેળવી દેવામાં આવતા હતા. આવું બનતું ત્યારે કેટલીકવાર તો એક શિક્ષક પાસે પોતાના બે વર્ગો અને બીજા શિક્ષકના બે વર્ગ એમ ચાર વર્ગનું કામકાજ કરવું પડતું. તેથી સ્વાભાવિક છે કે બાળકોને અભ્યાસ માટેનો ન્યાય મળતો નહીં. મોટે ભાગે આચાર્યને વહીવટી અને અન્ય કામગરી કરવાની હોવાથી તે વર્ગ લેવાની બાબતમાં અનિયમિત હતા અને તેમના વર્ગો બીજા શિક્ષકો લઇ લેતા. જ્યાં પૂરતા શિક્ષકની સગવડ ન હતી તેવી આશ્રમશાળામાં ૧ કે ૨ કલાકથી વધુ વર્ગો ચાલતા ન હતા. જે આશ્રમશાળાઓમાં નિયમિત કે અનિયમિતપણે વર્ગો ચાલતા હતા તે આશ્રમશાળાઓમાં શિક્ષકોની શિક્ષણ આપવાની પધ્ધતિ બોલી જવાની કે પાઠ વંચાવવાની હતી. જેમાં બ્લેકબોર્ડનો ઉપયોગ નહીંવત્ થતો હતો. સામાન્ય રીતે આધુનિક રીતે દ્રશ્ય કે શ્રાવ્ય સાધનો જેવા કે નકશાઓ, નમૂનાઓ, ગીતો આદિનો ઉપયોગ કરી ભણાવતા હોય એવું જોવા જાણવા મળ્યુ નહીં. તેમજ વિધાર્થી ગ્રહણ કરી શકે અને સમજી શકે તેવી કોઇ ભણાવવાની પધ્ધતિનો ઉપયોગ થતો હોય તેવું પણ દેખાયું નહીં. આશ્રમશાળાના બાળકો ભાષા અને સામાન્ય જ્ઞાનમાં કાચા લાગતા હતા.

આ અંગે કારણો વિચારીએ તો કહી શકાય કે આશ્રમશાળામાં કામ કરતા શિક્ષકોમાં જાણે અજાણે એક માંન્યતા બંધાઇ જતી હોય છે કે તેઓ ખૂબ જ કામ કરે છે, તથા તેમને એમ લાગે છે કે તેમની નોકરી સલામત નથી, કોકવાર પગાર પણ નિયમિત ન મળે તેથી શિક્ષણકાર્યમાં તેઓ નિરૂત્સાહી બનતા હોય છે. આ બાબતે હકીકતથી તપાસીએ તો કહી શકાય કે તેમના ઉપર થોડ ઘણે અંશે કામનું ભારણ બહું જ રહેતું. કારણ કે કેટલાક શિક્ષકોને બે કે બેથી વધુ વર્ગોને શીખવવાનું, વળી આશ્રમશાળાના બાળકો માટેની સમગ્ર જવાબદારી ઉપાડવાની હોય છે. કેટલીક આશ્રમશાળા કે જ્યાં નિશ્ચિત સંખ્યાના શિક્ષકો પણ નથી ત્યાં તો વધુ મુશ્કેલી



પડતી હોય છે. આના પરિણામ સ્વરૂપ નવા શિક્ષકો આવે, જૂના જાય તેથી શિક્ષણ માટેની સ્થિરતા જળવાતી હોતી નથી. વળી તેમાં જો આશ્રમશાળાના ત્રીજા ધોરણથી શરૂ કરવામાં આવી હોય તો તેમાં જે બાળક આવે છે તે પ્રથમ બે વર્ષ ગામની પ્રાથમિક શાળામાં કરીને આવતો હોય છે, તેથી અભ્યાસમાં ઘણો નબળો હોય છે. અને તેને શિક્ષણ આપવામાં શિક્ષકોને સારી એવી મહેનત પડે છે. એટલું જ નહીં ઘણીવાર આવા થોડા નબળા બાળકોને કારણે આશ્રમશાળાના સમગ્ર શિક્ષણ પર તેની અસર વરતાતી હોય છે.

ઉધોગ શિક્ષણ :
-----------

આશ્રમશાળામાં ઉધોગ શિક્ષણનું મહત્વ અક્ષરજ્ઞાનના શિક્ષણ જેટલું જ સ્વીકારવામાં આવ્યું છે. આશ્રમશાળાના શિક્ષણમાં એક મુખ્ય અને એક ગૌણ ઉધોગ શીખવવાની વ્યવસ્થા હોય છે. અભ્યાસમાં લીધેલી આશ્રમશાળાઓમાં ખેતીને મુખ્ય ઉધોગ તરીકે શીખવવાનું સ્વીકારવામાં આવ્યું હતું. ગૌણ ઉધોગ તરીકે કાંતણની વ્યવસ્થા કેટલીક આશ્રમશાળામાં રાખવામાં આવી હતી. પરંતુ હાલ કોઇ પણ આશ્રમશાળામાં આ ઉધોગ ચાલતો જોવા મળ્યો નથી.

ઉધોગ માટે સાંજનો એક તાસ અથવા એક કલાકનો સમય ફાળવેલો બધે જોવા મળ્યો હતો. પરંતુ આનું ચુસ્તપણે પાલન થતું હોય તેવું ક્યાંય જોવા મળ્યુ નહીં. ખેતી ઉધોગ શીખવવાનો આધાર ૠતુ પ્રમાણે હતો. ઘણી જગ્યાએ સવારના પણ ખેતી કરાવાતી. અને બપોર પછીનો શાળાનો બધો સમય ખેતીમાં આપવામાં આવતો હતો. અને ખેતીમાં કામ ન હોય તો બાળકો આખો દિવસ વર્ગમાં બેસી રહેતા જોવા મળે.

આશ્રમશાળાના મૂલ્યાંકનમાં અમને ખાસ જોવા જાણવા મળ્યું કે ઉધોગ શિક્ષણનો અર્થ ચલાવનાર સંસ્થા કે શિક્ષક કે બંને જુદી રીતે ઘટાવતા હતા. ઉધોગ શિક્ષણના નેજા હેઠળ બધી આશ્રમશાળાઓમાં બાળકો પાસે ખેતીમાં મજૂરીનું કામ કરાવવામાં આવતું હતું બળદો વ્દારા થતા કાર્ય સિવાયના બધા શારિરીક કામ બાળકો કરતાં હતા. આ માટે એક પણ મજૂર રોકવામાં આવતો ન હતો. બાળકોને ખેતીનું ટેકનીકલ જ્ઞાન આપવું જોઇએ તે પણ જોવા

મળ્યું નહીં. કેટલીક જગ્યાએ તો ખેતી કામ માટે બાળકોને વેકેશનમાંથી પણ વહેલો બોલાવવામાં આવતો હતો. અને અમારા મન ઉપર એવી સ્પષ્ટ છાપ પડી કે ખેતી બાળકોને માટે મજૂરી છે. તેથી ઉધોગ એના શિક્ષણનો જે હેતુ હતો-બાળક કોઇ ઉધોગ શીખે અને તેમાંથી કંઇક જાણે-તે માર્યો જતો હતો. અમને એવું લાગે છે કે ખેતી અને કાંતણ સિવાયના પણ જે ગૃહોધોગો કે નાના પ્રકારના ઉધોગો હોય, અને આશ્રમશાળાના બાળકોના સ્તર પ્રમાણે શિખવાડી શકાય તેવા હોય તે ઉધોગોને આમાં સ્થાન આપવું જોઇએ.

<u>આશ્રમશાળાનો ઉપયોગ :</u>

આદિવાસીઓમાં શિક્ષણનો વ્યાપ વધે એ માટે બધા જ પ્રકારની સગવડ સાથે આશ્રમશાળા શરૂ કરવામાં આવેલી હોય છે. તેથી સ્વાભાવિક રીતે જ આ આશ્રમશાળાનો આદિવાસીઓ દ્વારા કેટલો લાભ લેવાય છે તે જોવાનું જાણવાનું જરૂરી બને છે. આ આશ્રમશાળાઓમાં કેટલા ગામોના અને કેટલા અંતરેથી બાળકો ભણવા આવે છે તેમજ કઇ કઇ જાતિના બાળકો એનો લાભ મેળવે છે તે જોવા પ્રયત્ન કરીએ.

અભ્યાસમાં લીધેલી ૨૨ આશ્રમશાળાઓમાં ૯૦ તાલુકાના ૭૦૪ ગામોના બાળકો હાલ અભ્યાસ કરી રહયા છે. એક આશ્રમશાળા સરેરાશ ૪ તાલુકાના અને ૩૪ ગામડાના બાળકોને શિક્ષણ આપે છે. અંતર પ્રમાણે ઉપયોગ તપાસીએ તો જાણવા મળે છે કે અભ્યાસમાં લીધેલી આશ્રમશાળાઓમાં મોટા ભાગના બાળકો ૧થી ૫ કિ.મી.ના અંતરેથી આવતાં જોવા મળ્યાં. ૧૨ આશ્રમશાળાઓના જે આંકડા ઉપલબ્ધ છે તેના આધારે કહી શકાય કે ૭૫ ગામડાના ૨૯૯ વિધાર્થીઓ ૧થી ૫ કિ.મી.ના અંતરેથી ચાલે છે. અહીં ગામડા અને વિધાર્થીઓનું ટકાવારી પ્રમાણ અનુક્રમે ૫૨.૩૦ અને ૫૬.૪૬ નું છે. ઘણા ઓછા વિધાર્થીઓ ૫ કિ.મી. થી વધારે અંતરેથી આવતા હોય છે. સામાન્ય રીતે પોતાના તાલુકામાં કે જિલ્લામાં જ જો આશ્રમશાળાની સગવડ હોય તો આ અંતર વધારે હોતું નથી. પરંતુ બહારના જિલ્લામાં જવાનું થતું હોય તો જ અંતર વધી જાય.



જાતિ પ્રમાણે ઉપયોગ તપાસીએ તો જોવા મળે છે કે કુલ ૨૩ જાતિના બાળકો આશ્રમશાળામાં અભ્યાસ કરી રહયા છે. સુરત અને વલસાડ જિલ્લામાં ધોડિયા, ચૌધરી અને ગામીત જાતિ દ્વારા આશ્રમશાળાનો વિશેષ ઉપયોગ થાય છે. જયારે ભરૂચ જિલ્લામાં વસાવા, વડોદરા જિલ્લામાં રાઠવા અને પંચમહાલ જિલ્લામાં ભીલ દ્વારા આશ્રમશાળાનો ઉપયોગ વિશેષ છે. બીજી જાતિઓમાં વાર્લી, કોટવાળિયા, તડવી, નાયકા કે પટલિયા જૂજ પ્રમાણમાં આશ્રમશાળાનો ઉપયોગ કરે છે.

આશ્રમશાળાના ઉપયોગની અસર જાણવાનો પ્રયત્ન કરતાં, છેલ્લા બે ત્રણ વર્ષની માહિતીના આધારે એવું જોવા મળ્યું કે આશ્રમશાળામાંથી સાતમું ધોરણ પાસ કરેલ વિધાર્થી (છોકરો) બુનિયાદી સ્કૂલ કે હાઇસ્કૂલમાં જાય છે અને વિધાર્થીની (છોકરી) મોટે ભાગે ઘરકામમાં લાગી જતી હોય છે. આગળનો અભ્યાસ છોડી દેનાર વિધાર્થીઓ પણ ખેતી કે મજૂરીના કામમાં ન રોકાતાં જંગલ મંડળી, કારખાના કે અન્ય રોજગારમાં જોડાય છે. આમ આશ્રમશાળાઓને લીધે આદિવાસી બાળકો માટે આગળ ભણવાની તક પ્રાપ્ત થઇ અને ખેતી કે મજૂરી સિવાયના અન્ય ઉધોગોમાં રોજી મેળવવા તરફ લક્ષ્ય જતું થયું.

...

## પ્રકરણ - ૪

## આશ્રમશાળાઓનું વહીવટી માળખું

કોઈપણ સંસ્થાના હેતુઓ, કાર્યક્રમો કે પ્રવૃત્તિઓને ચાલના આપવા વહીવટી માળખું આવશ્યક બને છે. ઘણી વખત કાર્યક્રમોની સરળતાનો આધાર સંસ્થાના વહીવટી માળખા પર રહેતો હોય છે. આશ્રમશાળાઓમાં પણ વહીવટી માળખું તો ગોઠવાયેલું જ છે. આશ્રમશાળાની પ્રવૃત્તિઓ અને એની સરળતામાં આધારભૂત બનતા એના વહીવટી માળખાની પરિસ્થિતિ તપાસીએ.

સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા ચાલતી આશ્રમશાળાઓનું વહીવટી માળખું બે પ્રકાર વહેંચાયેલું જોવા મળે છે. એક સરકારી માળખું અને બીજું સંસ્થાગત માળખું. સરકારી માળખામાં રાજ્ય જિલ્લા તેમજ તાલુકા કક્ષાએ એના વહીવટી અધિકારીઓની કામગીરી સંકળાયેલી હોય છે. જ્યારે સંસ્થાગત માળખામાં રજિસ્ટર્ડ ટ્રસ્ટ કે સંસ્થાના ધોરણે પ્રમુખ, મંત્રી તેમજ કારોબારીના સભ્યોની કામગીરી સંકળાયેલી હોય છે.

### (૧) સરકારી માળખું :

| ક્રમ | કક્ષા | હોદ્દેદાર | કામગીરી |
| --- | --- | --- | --- |
| ૧ | રાજ્ય | સરકાર | આશ્રમશાળાઓને મંજૂરી આપવી |
| ૨ | રાજ્ય | શિક્ષણ નિયામક | (૧) આશ્રમશાળાઓને આપવામાં આવતા અનુદાનની મંજૂરી આપવી<br>(૨) નાયબ નિયામકના કામોની દેખરેખ રાખવી. |
| 3 | રાજ્ય | નાયબ નિયામક (આશ્રમશાળા) | (૧) નવી આશ્રમશાળા શરૂ કરવા અરજી મંગાવવી.<br>(૨) આશ્રમશાળાને મળતા અનુદાનની વિગતો તપાસવી અને મંજૂરી માટ મૂકવી |

આદિવાસી શિક્ષકો ૪૪.૪૪ છે જયારે બિનઆદિવાસી શિક્ષકોનું પ્રમાણ ૪૮.૧૫ હતું. બાકીના ૨.૪૭ શિક્ષકો બક્ષીપંચની ભલામણ મુજબના હતા અને ૨ શિક્ષકો અનુસૂચિત જાતિના હતા. આમ કુલ શિક્ષકોમાંથી ૫૪.૩૨ ટકા શિક્ષકો પછાત જાતિના હતા એમ કહી શકાય.

આશ્રમશાળામાં સેવા આપી રહેલા બધા શિક્ષકોએ આશ્રમશાળામાં કેટલો સમય આપ્યો તે રીતે તપાસીએ તો ખ્યાલ આવશે કે એક જ આશ્રમશાળામાં શિક્ષણ આપ્યાને પાંચ વર્ષ થઇ ગયાં હોય એવા એટલે કે સ્થિર થઇ ગયા હોય તેવા શિક્ષકો ૫૯.૨૬

કોઠા નં.૩

આશ્રમશાળામાં કામ કરતા સેવકોએ આપેલી સેવાનો કોઠો

| વર્ષ | સંખ્યા | ટકાવારી |
|---|---|---|
| ૦-૩ | ૧૭ | ૨૧.૦૦ |
| ૩.૫ | ૧૬ | ૧૯.૭૫ |
| ૫.૧૦ | ૧૨ | ૧૪.૮૧ |
| ૧૦ થી વધુ | ૩૬ | ૪૪.૪૪ |
| કુલ | ૮૧ | ૧૦૦.૦૦ |

જયારે ૧૪ શિક્ષકો એટલે કે ૧૭.૨૮ શિક્ષકો એવા હતા કે જે ૧ વર્ષથી ઓછા સમયનો અનુભવ ધરાવતા હતા. કેટલાક આચાર્ય અને શિક્ષકો એવા છે કે જે આશ્રમશાળા શરૂ થઇ ત્યારથી જ પોતાની સેવા આશ્રમશાળાને આપી રહયા હતા. અલબત્ત આમાંની કેટલીક આશ્રમશાળામાં પતિ-પત્ની બંને આશ્રમશાળામાં નોકરી કરતાં હતા. અને કેટલાંક લોન સર્વીસ પર આવ્યાં હતાં. ૪ નવા આવેલા શિક્ષકો હતા તે મોટે ભાગે મદદનીશ શિક્ષકો હતા. અને તેમને જયાં નોકરી મળે ત્યાં જવું એ ઇરાદાથીઆવેલા હતા. તેથી આશ્રમશાળામાં સ્થિર થઇ શકયા નથી. અલબત્ત આ પ્રમાણ ઘણું જૂજ કહી શકાય.



આશ્રમશાળાના શિક્ષકો સાથે જે ચર્ચા થઇ તેના પરથી એ તારણ નીકળે છે કે આશ્રમશાળામાં જે શિક્ષકો કાર્યકર તરીકે જોડાયા તેનું પ્રયોજન એમણે જણાવ્યુ તે મુજબ તેઓ જિલ્લા પ્રમાણે શિક્ષણ સમિતિમાં દાખલ ન થઇ શકયા અથવા તેની જાહેરાત બહાર ન પડી તેથી આશ્રમશાળામાં જોડાયા છે. અથવા તો પતિ-પત્ની બંનેને એક જ જગ્યાએ (આશ્રમશાળામાં) નોકરી મળી તેથી જોડાયા. કેટલાક શિક્ષકો એવા પણ જોવા મળ્યા કે જેઓ આશ્રમશાળામાં કામ કરવું એવી ભાવનાવાળા હતા.

આશ્રમશાળાના શિક્ષકોનું બાળકો માટેનું વલણ તપાસીએ તો કહી શકાય, આમાંના જે કેટલાંક બિનઆદિવાસી શિક્ષકો છે તેઓ એમ માને છે કે આદિવાસીઓ નીચા પ્રકારના લોકો છે. તેમના બાળકોને શિક્ષણ આપો કે બીજી સગવડો આપો પણ તેમનામાં કંઇ સુધારો થાય તેવી શકયતા જ નથી, અને પરિણામ સ્વરૂપ આ શિક્ષકોનું બાળકો પ્રત્યેનું વલણ પણ તોછડાઇ ભરેલું જોવા મળ્યું. પરંતુ આદિવાસી શિક્ષકોમાં આ વલણ નહિવત જોવા મળ્યું.

શિક્ષકોના અભિપ્રાય મુજબ આદિવાસીઓની બોલવાની ભાષા જુદી હોય છે, તેથી ગુજરાતી ભાષા ઝડપથી શીખી શકતા નથી. પરિણામે શરૂઆતના ધોરણોમાં તેમને ભણાવવામાં તકલીફ પડતી હોય છે. ભાષા ન સમજવાને પરિણામે વિષય સમજવો પણ મુશ્કેલ પડે છે, કયારે તો એક જ વસ્તુ ત્રણ-ચાર પ્રયત્ને સમજાવી શકાય છે. કેટલાક શિક્ષકોની તો દૃઢપણે એ માન્યતા હતી કે આદિવાસી બાળકોની ગ્રહણશકિત નબળા પ્રકારની છે. અને તેઓને અભ્યાસ કરતાં અન્ય કામોમ વધુ રસ હોય છે. આદિવાસી બાળકોને શિક્ષણ સાથે તેમની ભાષા, તેમના રિવાજો, ઉત્સવો વગેરેને સ્થાન આપવામાં આવે તો તેઓ અભ્યાસમાં રૂચિ કેળવી શકે. મોટા ભાગના શિક્ષકોનું કહેવું છે કે આશ્રમશાળામાં શિક્ષણ આપવા માટ પૂરતાં સાધનો નથી.

પ્રાથમિકશાળા અને આશ્રમશાળા વચ્ચે શું તફાવત છે એ સંદર્ભમાં શિક્ષકોના મત માગતાં જાણવા મળ્યું કે આશ્રમશાળામાં કોઇપણ પ્રકારનો ખર્ચ કર્યા વગર સ્થાનિક રીતે બાળક ભણી શકે છે. વળી તેમનામાં સ્વચ્છતા, આરોગ્ય અને સ્વાવલંબનના ગુણો ખીલે છે. આ વસ્તુ પ્રાથમિક શાળામાં શકય નથી. વળી બાળકોમાં છાત્રાલય જીવન આશ્રમશાળામાં પ્રાપ્ત થાય છે. તેથી સમૂહમાં હળીમળીને કેવી રીતે રહેવું, એકબીજા સાથે કેવી રીતે વર્તવું દરેક બાબતમાં નિયમિતતા કેવી રીતે કેળવવી વગેરેનું જ્ઞાન મળે છે. સ્વચ્છતા અને આરોગ્યની ટેવોની ખીલવણી પણ થાય છે. આશ્રમશાળાના બાળકો પાસે કેવા આદર્શો રાખવામાં આવે છે તે સંદર્ભમાં બહુ ઓછા શિક્ષકો પ્રકાશ પાડી શકયા હતા. જેમણે કંઇક જણાવ્યું તેમણે નિયમિતતા, સ્વચ્છતા વગેરે બાબતો જ જણાવી હતી. બાળક નિયમિતતાનો ભંગ કરે તો કયા પ્રકારની સજા કરવામાં આવે છે. તેના સંદર્ભમાં તેમણે જણાવ્યું કે શારીરિક શિક્ષા જેવી કે દોડાવવું, ગૃહકાર્ય વધુ આપવું, બાગને પાણી પાવું, માટીકામ કરાવવું, ખેતીમાં વધુ કામ કરાવવું, ઉઠબેસ કરાવવાની. આ ઉપરાંત માર મારવાની અને ખાવા નહીં આપવાની શિક્ષા તેઓ વ્દારા કરવામાં આવે છે.

કર્મચારીઓને આશ્રમશાળા વ્દારા શું સગવડ આપવામાં આવે છે તેના ઉત્તરમાં જણાવ્યું કે. તેમને રહેવા માટે મકાન આપવામાં આવે છે પરંતુ તે ઘણા સંકડામણવાળા હોય છે. અને કેટલીક સામાન્ય સગવડોનો અભાવ હોય છે. કેટલીક આશ્રમશાળામાં વીજળી અને પીવાના પાણીની મફત સગવડ આપવામાં આવે છે. આશ્રમશાળામાં જોડાયા પછી તેમના ઉપર શી અસર થઇ તેના સંદર્ભમાં તેઓ જણાવે છે કે આશ્રમશાળામાં આવ્યા પછી એક જગ્યાએ સ્થાયી જીવન જીવતા થઇ ગયા અને નિયમિતતા આવી. વહીવટી જ્ઞાન, ખેતી, હિસાબ, સંચાલન વગેરેની આવડત આવી. પરિણામે કોઇપણ કામ કરવા માટેની હિંમત આવી ગઇ. નબળા પાસા તરીકે કંઇક ગણી શકાય એવી બાબત હોય તો એ છે કે તેઓ (બિનઆદિવાસી શિક્ષકો) તેમના સમાજથી અલગ પડી ગયા છે અને તેમના બાળકોને અભ્યાસ કરાવવામાં અડચણ ઊભી થાય છે.



શિક્ષકોની આર્થિક સ્થિતિ કેવી છે તે તપાસતાં માલુમ પડયું કે મોટા ભાગના શિક્ષકોની આર્થિક સ્થિતિ સામાન્ય પ્રકારની હતી. તપાસમાં લીધેલી આશ્રમશાળાઓ પૈકીની બે આશ્રમશાળાના બે આચાર્યો એવા જોવા મળ્યા કે તેમણે આશ્રમશાળાનું સંચાલન સંભાળ્યા પછી તેઓ વતનમાં જમીન, કૂવો, ઘર કરી શકયા છે. અને નજીકના શહેરમાં પોતાનું મકાન પણ બનાવ્યું છે. તેઓની રહેણીકરણી પણ ઊંચા પગારદારના જેવી જોવા મળી હતી. વળી આશ્રમશાળાના કામને લઇને તેઓ આજુબાજુમાં સારી એવી વગ અંગત લાભ માટે ઊભી કરી શકયા છે એવું જોવા મળ્યું.

શિક્ષકોની કામગીરી સંદર્ભમાં લાગ્યું કે સામાન્ય શિક્ષકો નિષ્ઠવાન હતા પરંતુ કેટલીક જગ્યાએ તેમના વ્યકિતગત પ્રશ્નો અને તેમાંથી ઉદભવતા અસંતોષની અસર તેમની કામગીરી પર પડતી હતી. ખાસ કરીને ભરૂચ જિલ્લાની જ આશ્રમશાળા હતી તેના શિક્ષકોને પોતાની સલામતી બાબતમાં બહુ ચિંતા રહેતી હતી, કારણ કે જે સંસ્થાના તેઓ કર્મચારી હતા તે સંસ્થા કયારે તેમને છૂટા કરી દે ત્યારે કયાં જવું તે ચિંતા તેમને સતત રહેતી હતી. લગભગ બધા જ શિક્ષકોનો કામના બોજા અંગેની ફરિયાદ રહેતી હતી, અને તેઓ દૃઢપણે માનતા હતા કે પોતે પ્રાથમિક શાળાના શિક્ષક કરતાં કામ પણ વધારે કર છે અને જવાબદારી પણ વધુ ઉપાડે છે. તે પ્રમાણમાં તેમને પૂરતું વળતર મળતું નથી.

આશ્રમશાળાના મૂલ્યાંકન દરમ્યાન ધ્યાન ખેંચે તેવી બાબત એ લાગી કે તેઓના પગાર ગ્રાન્ટ પર આધારિત હોવાને કારણે ઘણા અનિયમિત થતા હતા. તપાસ દરમ્યાન જાણવા મળ્યું કે કેટલીક આશ્રમશાળાઓમાં પગાર આપવામાં સારો એવો વિલંબ થઇ ગયો હતો. વળી કેટલીક જગ્યાએ શિક્ષકોનું પ્રોવિડંડ ફંડ પણ સંસ્થા નિયમિતપણે જમા કરાવતી નહોતી. અલબત્ત આ બાબતની તપાસ કરતાં જાણવા મળ્યું કે સરકાર તરફથી જ ગ્રાન્ટ આપવામાં આવે છે તે સમયસર આવતી નથી તેથી પગાર નિયમિત અપાતો નથી.

અન્ય કર્મચારીઓ :

આશ્રમશાળાઓમાં ખેતીકામ માટે એક કમાઠી, રસોડા કામ માટે બે રસોઇયા અને એક નોકર રાખવાની જોગવાઇ હોય છે. તે મુજબ તપાસેલ આશ્રમશાળાનો આ કર્મચારી વર્ગ કઇ જાતિમાંથી આવે છે, તેમનો અનુભવ, શિક્ષણ અને આશ્રમશાળા માટેના તેમના ખ્યાલો કેવા છે તે ટૂંકમાં જોઇએ.

કોઠા નં. ૪

અન્ય કર્મચારીનું જાતિ મુજબ વર્ગીકરણ

| કર્મચારી | આદિવાસી | | બિનઆદિવાસી | | બક્ષીપંચ | | કુલ સંખ્યા |
|---|---|---|---|---|---|---|---|
| | સંખ્યા | ટકા | સંખ્યા | ટકા | સંખ્યા | ટકા | |
| કમાઠી | ૧૯ | ૮૬.૩૬ | ૨ | ૯.૦૯ | ૧ | ૪.૫૫ | ૨૨ |
| રસોઇયા | ૩૯ | ૮૮.૬૪ | ૪ | ૯.૦૯ | ૧ | ૨.૨૭ | ૪૪ |
| નોકર | ૧૮ | ૯૦.૦૦ | ૧ | ૫.૦૦ | ૧ | ૫.૦૦ | ૨૦ |
| કુલ | ૭૬ | ૮૮.૩૭ | ૭ | ૮.૧૪ | ૩ | ૩.૪૯ | ૮૬ |

કમાઠી :

તપાસેલ દરેક આશ્રમશાળામાં કમાઠીની વ્યવસ્થા હતી જ. તપાસેલ ૨૨ આશ્રમશાળા પૈકી ૧૯ આશ્રમશાળામાં આદિવાસી કમાઠી હતા જ્યારે બાકીની ત્રણ આશ્રમશાળામાંથી બે આશ્રમશાળામાં બિનઆદિવાસી અને એક આશ્રમશાળામાં બક્ષીપંચનો કમાઠી હતો. આમ આ વ્યવસાય માટે આદિવાસીઓનું પ્રમાણ વધુ જળવાયું હતું. એમ જોવા મળ્યું. એમના શિક્ષણ બાબતમાં તપાસ કરતા જાણવા મળ્યું કે વધુમાં વધુ શિક્ષણ મેળવેલ બે કમાઠી હતા જેમાં એક એસ.એસ.સી. હતો અને એક ખેતીનો ડિપ્લોમા કર્યો હતો. મોટાભાગના કમાઠીઓનું શિક્ષણ ૭થી ૯ ધોરણનું હતું. ફકત બે જ કમાઠીઓ અભણ હતા. અનુભવની દ્રષ્ટિએ વિચારીએ તો



૨ વર્ષથી ઓછા અનુભવવાળા ૨, ૨થી ૩ વર્ષના અનુભવવાળા ૪, ૩થી ૫ વર્ષના અનુભવવાળા ૩, ૬થી ૧૦ વર્ષના અનુભવવાળા ૪ અને ૧૦ થી વધુ વર્ષના અનુભવવાળા ૯ કમાઠી હતા. આમ અનુભવની રીતે પણ ૫ વર્ષથી વધુ આશ્રમશાળામાં રહેલો કમાઠી એટલે કે સ્થિર થઇ ગયા હોય એવા કમાઠીઓની ટકાવારી લગભગ ૫૦ ટકા જેટલી થાય છે. આમ આશ્રમશાળામાં આવ્યા પછી સ્થિર થવાનું તેમનું વલણ રહયું એમ લાગે છે.

તેમની સમસ્યા અને મુશ્કેલીઓ વિષે તેમની સાથે વાતચીત કરતાં માલુમ પડયુ કે મોટા ભાગની આશ્રમશાળામાં ખેતી કરવાનાં સાધનો તેમજ બળદોનો અભાવ હોવાના કારણે ખેતી કામમાં કમાઠીઓને મુશ્કેલી પડતી હતી. બીજું કે કેટલીક આશ્રમશાળાઓમાં તેમની પાસે ખેતી સિવાયના કામો કરવા માટેનો પણ આગ્રહ રખાતો હતો. શિક્ષકોની જેમ તેમને પણ પગાર અનિયમિત મળતો હતો તે જાણવા મળ્યુ.

રસોઇયા :

આશ્રમશાળામાં બે રસોઇયા રાખવાની જોગવાઇ હોય છે. તે મુજબ તપાસેલ આશ્રમશાળામાં બધે જ આ સગવડ પૂરતી હતી. રસોઇયા તરીકે કામ કરનાર કર્મચારીઓમાં આદિવાસીઓનું પ્રમાણ વધુ હતું. ૨૨ આશ્રમશાળાના કુલ ૪૪ રસોઇયામાંથી ૩૯ રસોઇયા આદિવાસી હતા. બાકીના પાંચમાંથી ૪ બિનઆદિવાસી અને ૧ બક્ષીપંચની ભલામણ મુજબના હતા. જાતિની દ્રષ્ટિએ તપાસીએ તો કુલ ૪૪ રસોઇયામાંથી ૩૨ પુરૂષો અને ૧૨ સ્ત્રીઓ હતી. આમ આશ્રમશાળામાં કામ કરવા માટે પુરૂષ રસોઇયા રાખવાનું વલણ વધુ હતું.

આશ્રમશાળામાં કામ કરતા રસોઇયા સ્ત્રી-પુરૂષોનું શિક્ષણનું સ્તર અભણથી એસ.એસ.સી. સુધીનું હતું. ૪૪ માંથી ૧૦ અભણ હતા, ૩૦ પ્રાથમિક શિક્ષણ એટલે કે ૧થી ૭ ધોરણનું શિક્ષણ મેળવ્યું હોય એવા પ્રકારના હતા. એક ફાઇનલ, બે આઠમું ધોરણ ભણેલા અને એક એસ.એસ.સી. સુધી ભણેલા જોવા મળ્યા.

અનુભવની રીતે જોઇએ તો ૩ વર્ષથી ઓછા અનુભવવાળી ૧૮ વ્યક્તિઓ અને ૯ ૩થી ૫ વર્ષનો અનુભવ લેનાર ૧૪ વ્યક્તિઓ એટલે કે નોકરીની દ્રષ્ટિએ ઠીક લાગે અને બીજે મળે તેવી વૃત્તિ રસોઇયામાં વધુ લાગી. કારણ કે ૩૨ કર્મચારીઓ પાંચ વર્ષથી ઓછા અનુભવવાળા હતા. જયારે ૫થી ૧૦ વર્ષમાં ૮ અને ૧૦થી વધુ વર્ષના અનુભવવાળા કર્મચારી ફકત ૪ જ હતા. ઉપર જણાવ્યું તે મુજબ રસોઇયા તરીકે બહેનોનું પ્રમાણ ઓછું હતું પરંતુ તપાસ દરમ્યાન એ જોવા મળ્યું કે જયાં બહેનો હતી ત્યાં રસોઇ વધુ વ્યવસ્થિત બનતી હતી, જયાં એકલા પુરૂષો હતા ત્યાં બનાવાયેલી રસોઇ ચીવટ વગરની હોય એવું લાગ્યું.

રસોઇયા સાથેની વાતચીત દરમ્યાન તેમનો આશ્રમશાળાના બાળકો સાથેનો અભિગમ શું છે તે જોવા મળ્યો. સામાન્ય રીતે તેઓ રસોઇ બનાવવામાં બાળકોની મદદ લેતા હોય છે. આ મદદમાં ખાસ કરીને કોઠારમાંથી તોલીને માલ કાઢી આપવો, રોટલા-રોટલી વણવા લાગવું, શાક સુધારવું, અનાજ સાફ કરવું એવાં પરચૂરણ કામો બાળકો વ્દારા કરાવવામાં આવતું હતું. તેમનું બાળકો સાથેનું વર્તન ખાસ પ્રેમાળ હોય એવું દેખાયુ નહીં.

રસોઇયા નોકર :

દરેક આશ્રમશાળામાં જે એક નોકર રાખવાની વ્યવસ્થા હોય છે તે મુજબ બે આશ્રમશાળામાં આ વ્યવસ્થા નહોતી. અન્ય કર્મચારી અને બાળકો વ્દારા આ કામ કરાવી લેવામાં આવતું હતું. અલબત્ત તેમની રાખવાની તૈયારી હતી પરંતુ તપાસના સમય દરમ્યાન તેમને ત્યાં આ સગવડ નહોતી. ૨૦ નોકરોમાંથી ૧૮ નોકરો આદિવાસી હતા અને એક બિનઆદિવાસી અને એક બક્ષીપંચની ભલામણ મુજબના હતા. નોકર તરીકે ૧૪ ભાઇઓ અને ૬ બહેનો હતી. નોકરો અભણ હતા. ફકત ૬ નોકરો એકથી ૭ સ ધોરણનું એટલે કે પ્રાથમિક શિક્ષણ પ્રાપ્ત કરેલું હતું. નોકરીની બાબતમાં પણ સ્થિરતા જોવા મળી નહીં. પાંચ વર્ષથી ઓછા સમયથી આશ્રમશાળામાં હોય તેવા ૧૪ નોકરો હતા. એટલે લગભગ



૨/૩ ભાગના લોકો સ્થાયી થયેલા ન હતા. બાકીના ૬ માંથી ૪, ૫ થી ૧૦ વર્ષથી આશ્રમશાળામાં કામ કરતા હતા. ૨ નોકરો એવા હતા કે જે ૧૦ વર્ષથી વધુ સમયથી આશ્રમશાળાને પોતાની સેવા આપી રહયા હતા.

રસોઇયા અને રસોડા નોકર સાથે તપાસ દરમ્યાન ચર્ચા કરીને તેમનો આશ્રમશાળાની કામગીરી વિષેનો અભિપ્રાય જાણવાનો પ્રયત્ન કર્યો તેમાંથી ફલિત થાય છે કે આ લોકો બીજા કર્મચારી કરતાં કેમ સ્થિર થયા નથી તેનું મુખ્ય કારણ તેમને સલામતી માટેની સતત ચિંતા રહે છે.

આશ્રમશાળાઓની ભૌતિક સગવડો :-

અભ્યાસમાં લીધેલી બધી જ આશ્રમશાળાઓના પટાંગણની ભૂમિ પરની ગોઠવણી અલગ અલગ જોવા મળી. સામાન્ય રીતે આશ્રમશાળાના બંને એકમો વચ્ચે મેદાન છોડી સામ સામે એટલે કે એક પૂર્વ દિશામાં હોય તો બીજું પશ્ચિમ દિશામાં હોય એ રીતે બનાવવામાં આવ્યા હતા.

બધી જ આશ્રમશાળાઓમાંથી ત્રણ આશ્રમશાળાઓના મકાનો તેની ભૂમિ પરની ગોઠવણીની રીત અને બાંધવાની રીતે ખૂબ જ સારા હતા. આ મકાનોની દીવાલોની બંને બાજુએ પ્લાસ્ટર કરેલું હતું. જરૂરી ઓરડામાં પાર્ટીશન ન કરતાં આખી બનાવેલી દીવાલ પર ચૂનો કરેલો હતો. મકાનનું છાપરૂ મજબૂત અને ઊંચુ હતું. મકાનો જમીનના તળિયેથી ઊંચાં હતાં અને તેના તળિયામાં લાદી પાથરેલી હતી. આ મકાનો સ્વચ્છ અને આકર્ષક લાગતાં હતાં. ૬ આશ્રમશાળાઓ એવી હતી કે જયાં આશ્રમશાળાનાં મકાનો જમીનથી ઊંચાં ઓટલા બનાવીને બનાવવામાં આવ્યાં હતા. તેનું તળિયું કાચું હતું તેથી ખાડા પડી જતા હતા, કે જે સ્વચ્છ રાખવામાં મુશ્કેલી પડતી હોય એમ લાગતું હતું. આ કાચા તળિયાથી બાળકોની પથારી અને તેમનાં કપડાંની સ્વચ્છતા પર ઘણી અસર થતી હતી. આ મકાનોના ઓરડાઓ બનાવવા માટે અડતી ઈંટ કે માટીની દીવાલો કરી હતી કે જે ઓરડા માટેનું અલગ વાતાવરણ

કરી શકતા ન હતા. ખાસ કરીને શિક્ષણ ઉપર વિશેષ અસર થતી જોવા મળી. આ વસ્તુ દેખાવમાં પણ સારી લાગતી નહોતી. આ મકાનો જોઇ એવું લાગતું હતું કે આ મકાનો થયા પછી કોઇ દિવસ ચૂનો થયો નહીં હોય. મકાનો જર્જરિત અને અસ્વચ્છ લાગતાં હતાં. આ મકાનોમાં કેટલાંક તો ખૂબ જ સાંકડાં પણ હતાં એમ કહીએ તો ખોટું નહીં. અલબત્ત આમાં એક આશ્રમશાળા એવી હતી કે જેનું સ્થળાંતર કરવાનું હતું જેથી તેનાં સારાં પાકાં મકાનો તોડી નાખવામાં આવ્યાં હતાં અને બીજા સ્થળે પાકાં મકાનો બંધાઇ રહયાં હતાં. બાકીની આશ્રમશાળાઓ ગ્રામ્ય જીવનને અનુકૂળ એવી સામાન્ય પ્રકારની હતી.

આ આશ્રમશાળાઓમાં જે મકાનો હતાં તેમાં વિદ્યાર્થીઓના સામાન મૂકવા માટેની કોઇપણ જાતની સુવિધા જોવા ન મળી. કેટલીક જગ્યાએ અપૂરતા ઘોડા બનાવવામાં આવ્યા હતા જેમાં બાળકોનો સામાન ખીચોખીચ ભરેલો જોવા મળ્યો. મકાનની અંદર કે બહાર બાળકો માટે પીવાના પાણી મૂકવા અંગેની કોઇ વ્યવસ્થા જોવા મળી નહીં, વળી દીવાબત્તી માટેના પણ કોઇ નિશ્ચિત સ્થળો ન હતાં. કેટલીક જગ્યાએ આશ્રમશાળાના મકાનોનો ગોડાઉન તરીકે એટલે કે ખેતીની ઉપજને અથવા તો તે અંગેની આડપેદાશને સાચવવા માટે થતો હોય તે જોવા મળ્યું. મકાનમાં એક બાજુ બાળકો રહેતાં હોય અને બીજી બાજુ અનાજના ઢગલા કે પરાળ હોય. આ રીતે આશ્રમશાળાના મકાનોને જોતાં લાગ્યું કે મકાનોની યોગ્ય બાંધણી, જાળવણી અને ઉપયોગ થાય તે અંગેની દેખરેખની જરૂરિયાત છે.

<u>રસોડું :</u>

અભ્યાસમાં લીધેલી આશ્રમશાળાઓમાંથી મોટા ભાગની આશ્રમશાળાઓમાં પાકું રસોડું બનાવવામાં આવ્યું હતું. પરંતુ બીજી બાજું એમ કહી શકાય કે અપવાદ બાદ કરતાં મોટા ભાગના રસોડાની બાંધણી સામાન્ય ઓરડા જેવી હતી, જેથી કરીને ધૂમાડાને બહાર નીકળવાનો પ્રશ્ન વિકટ બની જતો દેખાયો. રસોડાં કાળાં અને અંધારિયાં હતાં, અલબત્ત કેટલીક



આશ્રમશાળાના રસોડાના ભોંયતળિયાં પાકાં હતાં તેથી ધોવામાં અને કામોમાં સગવડતા સચવાતી જોવા મળી. તપાસ હેઠળની આશ્રમશાળાઓમાંથી ત્રણ આશ્રમશાળા એવી હતી કે જયાં રસોડાનું ઠેકાણું જ ન હતું. મકાનની દીવાલની બાજુમાં એક સામાન્ય નાનું છાપરૂં બનાવી દેવામાં આવ્યું હતું, પરિણામે રસોઇ થતી હોય ત્યારે આજુબાજુથી સતત રેત ઉડતી હતી. ભોંયતળિયું પણ ખાડાટેકળાવાળું હતું આથી રસોડા અંદરની સ્વચ્છતા જળવાતી ન હતી. મોટાભાગની આશ્રમશાળાઓનાં બાળકોની જમવાની સગવડ ખુલ્લામાં હતી. વરસાદ, ઠંડી વગેરે સમયમાં ઓસરીમાં બેસીને જમણ લેતા હોય છે. આ દ્રષ્ટિએ કહી શકાય કે આશ્રમશાળાનાં રસોડાં વિશાળ ધૂમાડો જઇ શકે એવાં સગવડવાળાં અને પાકા ભોંયતળિયાવાળાં બનાવવાની જરૂર છે.

<u>પાણી અંગેની સવગડ :</u>

અભ્યાસમાં લીધેલી ૭૫ ટકા જેટલી આશ્રમશાળાઓમાં નળથી પાણી આપવાની સગવડ હતી, જેથી વપરાશનું પાણી બાળકોને મળી રહેતું હતું. પરંતુ આ પાણીની સગવડ હોવા છતાં બાળકોને સ્નાન કરવાની વ્યવસ્થા ઊભી કરી હોય એટલે કે સ્નાનઘાટ બનાવ્યા હોય તેવી ત્રણ આશ્રમશાળાઓ હતી. બે આશ્રમશાળાઓ એવી હતી કે જેની પાસે પાણીની ટાંકી અને પાઇપલાઇનની સગવડ હોવા છતાં તેનો ઉપયોગ વાસ્તવમાં જોવા મળતો ન હતો. એક આશ્રમશાળામાં કૂવાની પણ સગવડ ન હતી, અને બાળકો વપરાશનું પાણી દૂરની નદીએથી લઇ આવતા હતા. બાકીની આશ્રમશાળાઓમાં ભૂમિ પર જ કૂવાની સગવડ હતી તેથી વપરાશનું પાણી બાળકો તેમાંથી ખેંચીને લઇ આવતા હતા.

જે આશ્રમશાળાની નજીક નદી કે તળાવની સગવડ હતી ત્યાં બાળકો નદીએ કે તળાવે જઇ સ્નાન કરવાનું પસંદ કરતાં હતાં, પરંતુ રોજિંદું નાહવાનું બનતું જ એવું ન હતું.

પરંતુ જે આશ્રમશાળાઓમાં પાણીની સગવડનો અભાવ હોય, પાણી કૂવામાંથી ખેંચવાનું હોય ત્યાં તો બાળકોને સ્નાન કરવાની ઉદાસિનતા વધુ જોવા મળતી હતી. ખાસ કરીને બાળકોનાં

શરીર અને કપડાંની સ્વચ્છતા ઉપર પાણીની અગવડતાની અસર પડતી દેખાઇ હતી.

**મૂતરડી અને જાજરૂ :**

અભ્યાસમાં લીધેલી આશ્રમશાળાઓમાંથી ૭૫ ટકા આશ્રમશાળાઓમાં બાળકો અને કર્મચારીઓ માટે સામાન્ય પ્રકારની મુતરડી અને જાજરૂની વ્યવસ્થા કરવામાં આવી હતી. બાકીની આશ્રમશાળાઓમાંથી ત્રણ આશ્રમશાળાઓમાં એકલા મહેમાનો માટે પાકા જાજરૂની સગવડ હતી. મહેમાનો અને કર્મચારીઓ માટ કાચાં જાજરૂ બનાવ્યાં હોય તેવી બે આશ્રમશાળાઓ હતી. જયારે એક આશ્રમશાળા તો એવી હતી કે જયાં કોઇ પણ વ્યકિત માટ આ પ્રકારની સગવડ ઉપલબ્ધ ન હતી. છ આશ્રમશાળાઓમાં બાળકો માટે જાજરૂ કે મૂતરડીની વ્યવસ્થા જોવા મળી નહીં. બાળકો બહાર ખેતરમાં શૌચક્રિયા પતાવી દેતા હતા. જે આશ્રમશાળાઓ પાસે આ સગવડ ઉપલબ્ધ ન હોય તેમણે જાગૃતિપૂર્વક આ માટેનો પ્રયત્ન કરવો જોઇએ, કારણ કે બાળકને આશ્રમશાળામાં સ્વચ્છતા માટેની કેળવણી અપાતી હોય ત્યાં શૌચક્રિયા વ્યવસ્થિતપણે થાય તે અત્યંત જરૂરી છે.

**અભ્યાસ માટેનાં સાધનો :**

અભ્યાસમાં લીધેલી બધી જ આશ્રમશાળાનાં વિજ્ઞાન પેટીઓ અને કેટલાક નકશાઓ શિક્ષણ આપવાના મદદરૂપ સાધન તરીકે જોવા મળ્યા. પરંતુ શિક્ષકો આ વસ્તુઓનો ઉપયોગ કરી બાળકોને ભણાવતા હોય તે ખાસ જોવા મળ્યું નહીં. કેટલીક આશ્રમશાળાઓમાં તો આ સાધનો વર્ષોથી એક જગ્યાએ જયાં મૂકયાં હોય ત્યાં જ પડી રહયાં હોય તેવું લાગતું હતું. સાધનો હોવા છતાં આધુનિક શિક્ષણ પધ્ધતિ શિક્ષણ વ્દારા અપનાવાતી ન હતી. તેથી બાળકો આવા પ્રયોગાત્મક અભ્યાસમાંની વંચિત રહી જતા હોય એવું દેખાયું.

**આદિવાસી બાળકોને અપાતી સવલતો :**

આશ્રમશાળાઓને ૧૦૦ ટકા સરકારી અનુદાન પ્રાપ્ત થાય છે. આશ્રમશાળામાં ભણતા બાળકને કોઇપણ પ્રકારનું ખર્ચ ન થાય તે પ્રમાણેની જોગવાઇ કરવામાં આવેલી છે. આ મુજબ



૧૯૮૦ સુધી વિધાર્થીદીઠ ૫૫ રૂપિયા આપવામાં આવતા હતા. ૧૯૮૦ પછી ૭૫ રૂપિયા આપવાની વ્યવસ્થા કરવામાં આવી છે. આ શિષ્યવૃત્તિ અભ્યાસક્રમના સમય પ્રમાણે એટલે કે દસ માસની આપવામાં આવે છે. આ શિષ્યવૃત્તિ સરકાર તરફથી જ આપવામાં આવે છે તે માટે સરકાર એવી અપેક્ષા રાખે છે કે આમાંથી આશ્રમશાળામાં રહીને ભણતા બાળકોને સવાર-સાંજ ભોજન, બપોરે નાસ્તો, બે જોડ કપડાં અને બાળક દાખલ થાય ત્યારે એક જોડ પથારી આપવાની જોગવાઇ કરવી.

આ બાબત અંગે જોઇએ તો કહી શકાય કે અભ્યાસમાં લીધેલી બધી જ આશ્રમશાળાઓમાં સવાર-સાંજ ભોજન નિયમિતપણે અપાતું હતું. ભોજન અંગેનું સમયપત્રક એક સિવાયની બધી જ આશ્રમશાળાઓમાં જોવા મળ્યું. પરંતુ ભોજનપત્રકમાં જણાવ્યા મુજબ જ ભોજન અપાતું હોય તેવા પ્રકારની આશ્રમશાળાઓનું પ્રમાણ જૂજ કહી શકાય. ભોજનપત્રક આશ્રમશાળાના નિયમ મુજબ રાખવું પડતું હોય છે. તેથી રખાતું હતું, હકીકતમાં તેનો ઉપયોગ થતો ન હતો. મોટે ભાગે સવારના ભોજનમાં રોટલી-રોટલા અને દાળ ભાત જોવા મળ્યાં. સાંજના ભોજનમાં રોટલા-કઠોળ અથવા શાક અપાતાં હતાં. કેટલીક જગ્યાએ ખીચડી પણ અપાતી હતી. તપાસ હેઠળની અર્ધાથી વધુ આશ્રમશાળામાં ભોજન માટ વપરાશમાં લેવાતું અનાજ સારા પ્રકારનું જોવા મળ્યું નહીં. ખાસ કરીને હલકા પ્રકારના ઘઉં અને હલકા પ્રકારના ધાન્યોનો બહોળો ઉપયોગ થતો હતો. કેટલીક જગ્યાએ આ અનાજને સાફ કરીને દળાવવાની રીત પણ જોવા મળી નહીં. વિવિધ કચરા-કસ્તર અને જીવડાં સાથે અનાજ દળાઇ જતું સાંભળવા મળ્યું. શાક અને દાળમાં તેલનું અને મસાલાનું પ્રમાણ જળવાતું ન હતું. રસોઇ પણ વેઠ ઉતારતા હોય એ રીતે થતી કેટલીક જગ્યાએ જોવા મળી. રસોઇ પૂરતી પકવેલી અને બાળકો આનંદથી ખાસ શકે તેવી મીઠા મરચાવાળી હોય તેવું ન હતું. ઉલટું રસોઇ કયાં તો કાચી હોય અથવા વધુ પડતી ચઢી ગયેલી અથવા બળી ગયેલી જોવા મળી.

અલબત્ત અભ્યાસમાં લીધેલી આશ્રમશાળાનાં બાળકોની વાતચીત ઉપરથી એવું તારવી શકાય કોઇપણ આશ્રમશાળાના બાળકો ભૂખ્યાં રહેતાં ન હતાં. તેમજ બાળકો તરફથી પૌષ્ટિક ભોજન કે બનાવટની ફરિયાદ પણ ન હતી. પરંતુ આ બાબત આદિવાસી બાળકો માટે સહજ ગણી શકાય, કારણ કે જે બાળકોને ઘરે પૂરતું દરરોજ જમવાનું મળવું મુશ્કેલ હોય તેવા બાળકને આવા ભોજન માટે ફરિયાદ શી હોય ?

જે સિવાયની તપાસ હેઠળની બધી જ આશ્રમશાળાઓમાં બપોરના નાસ્તો આપવાનો રિવાજ જળવાતો હતો. આને લઇને બાળકોને વિવિધ નાસ્તો મળી રહે અને જેથી તેમની વિવિધતા પણ જળવાઇ રહેતી.

કપડાં :

આશ્રમશાળાઓનો નિયમ છે કે બાળકોને વર્ષમાં બે જોડ કપડાં આપવાં. તે મુજબ અભ્યાસમાં લીધેલી આશ્રમશાળાઓમાંથી કેટલીક આશ્રમશાળાઓ એવી હતી કે જેમાં છેલ્લાં ત્રણ વર્ષથી બાળકોને કપડાં આપવામાં આવ્યાં ન હતાં. જે આશ્રમશાળા એવી જોવા મળી કે જેણે તપાસના વર્ષ દરમ્યાન કપડાં આપ્યાં ન હતાં, અને આગલાં વર્ષોમાં એક જ વાર કપડાં આપવામાં આવ્યાં હતાં. બાકીની આશ્રમશાળાઓમાં દરેક સત્રદીઠ એક જોડ કપડાં આપવામાં આવતાં જોવા મળ્યાં. પરંતુ આ અંગેનો નિશ્ચિત સમય જોવા મળ્યો નહીં. કપડાં આપવાની બાબતમાં ઘણો વિલંબ થતો હોય એવું જોવા મળ્યું.

પથારી :

બાળક આશ્રમશાળામાં દાખલ થાય ત્યારે પથારી (શેતરંજી-ચોરસો કોથળો) આપવાનો જે છે તે એક સિવાયની બધી આશ્રમશાળાઓમાં જળવાયો છે. અલબત્ત કેટલીક આશ્રમશાળાઓમાં બે બાળક વચ્ચે એક પથારી અપાતી હતી.



સાબુ અને કોપરેલ :

અભ્યાસમાં લીધેલી આશ્રમશાળા પૈકી એક સિવાયની બધી જ આશ્રમશાળાઓમાં સાબુ અને કોપરેલ અપાતું હતું. સાબુ મોટે ભાગે અઠવાડિયે કે પંદર દિવસે અપાતો અને તેની માત્રા પણ ઓછી હતી. તેથી બાળકોને કપડાં ધોવામાં અગવડ પડતી હતી.

ચોપડીઓ :

મોટા ભાગની આશ્રમશાળાઓમાં સમાજ કલ્યાણ ખાતાની શિષ્યવૃત્તિ દ્વારા બાળકોને ચોપડી આપવાની સગવડ કરવામાં આવી હતી, પરંતુ પેન્સિલ આપવાની સગવડ ચાર આશ્રમશાળા સિવાય ક્યાંય જોવા મળી નહીં. જેના પરિણામે બાળકને આ ખર્ચ પોતે કરવો પડતો હતો.

...

## પ્રકરણ - ૫

### આશ્રમશાળાના શિક્ષણમાં અપવ્યય અને સ્થગિતતા

અગાઉ આપણે જોયું તે મુજબ સ્વૈચ્છિક સંસ્થાઓ જે આશ્રમશાળા ચલાવે છે તે ૧૦૦ ટકા સરકારી અનુદાનથી ચાલે છે. અને આ અનુદાનમાંથી આદિવાસી બાળકોને આશ્રમશાળામાં રહેવાની, જમવાની, કપડાંની અને અન્ય સુવિધાઓ આપવામાં આવે છે. વળી આશ્રમશાળામાં ભણતો બાળક સ્થળ ઉપર સતત શિક્ષકોની દેખરેખ હેઠળ અભ્યાસ કરતો હોય છે, બધા જ પ્રકારની સગવડો અને દેખરેખ વચ્ચે જયારે બાળક શિક્ષણ લેતો હોય ત્યારે તે શિક્ષણમાં અપવ્યય અને સ્થગિતતા કેટલા પ્રમાણમાં થાય છે તે જાણવું જરૂરી બને છે. કારણ કે આશ્રમશાળાઓ વ્દારા શિક્ષણ આપવાનો ઉદ્દેશ ફલિભૂત થાય છે કે નહીં તેનો ખ્યાલ આના ઉપરથી જ મેળવી શકાય છે.

અપવ્યય અને સ્થગિતતા કોને કહેવાય અને એ કેવી રીતે જાણવી. જે માટે હાર્ટોગ કમિટીએ જે વ્યાખ્યા આપી છે તે વધુ અનુકૂળ છે. તેમના મત મુજબ અપવ્યય એટલે . બાળક પ્રાથમિક શાળામાં સંબંધિત અભ્યાસક્રમના ક્રમમાં દાખલ થયા પછી પ્રાથમિક અભ્યાસક્રમ પૂર્ણ કર્યા સિવાય વચ્ચેના કોઇપણ ધોરણમાંથી શાળા છોડી દે તેને અપવ્યય કહેવામાં આવે છે.

જયારે બાળક અભ્યાસક્રમમાં કાચો પડે અને તેને કારણે એકનું એક ધોરણ ફરી કરવું પડે એટલે કે એક વર્ગમાં એકથી વધુ વર્ષ રહેવું પડે તેને સ્થગિતતા કહે છે.

અભ્યાસમાં લીધેલ આશ્રમશાળામાંથી આ વ્યાખ્યા મુજબ અપવ્યય અને સ્થગિતતા કાઢવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે.

અભ્યાસમાં લીધેલી આશ્રમશાળામાં ૧૧ આશ્રમશાળાઓ પહેલા ધોરણથી શરૂ થતી હતી. જયારે બે આશ્રમશાળાઓ બીજા ધોરણથી શરૂ થતી હતી. બે આશ્રમશાળાઓ હાલમાં ચોથા ધોરણથી ચાલે છે. પરંતુ પહેલાં તેમાં ત્રીજું ધોરણ હતું. આથી સાતત્ય જળવાઇ રહે તે માટે અભ્યાસમાં લીધેલી આશ્રમશાળાનો અપવ્યય અને સ્થગિતતા ૧૯૭૫ થી ૧૯૭૮ એમ ચાર વર્ષ, ત્રણથી સાત

ધોરણ સુધી તપાસવાનું નક્કી કર્યું.

આશ્રમશાળામાં ત્રીજા ધોરણમાં દાખલ થયેલા વિદ્યાર્થીઓનું ધોરણ અને અભ્યાસક્રમના વર્ષો પ્રમાણે છેવટ સુધી પહોંચવું તે સફળ વિદ્યાર્થી ગણાય છે. ઉપર જણાવેલી વ્યાખ્યા પ્રમાણે ધોરણ અને અભ્યાસક્રમના વર્ષો દરમ્યાન અથવા વર્ષની અધવચ્ચે દાખલ થયેલા વિદ્યાર્થીઓમાંથી જેટલા ઉઠી ગયા હોય તેને અપવ્યય તરીકે ગણીશું. અને દાખલ થયેલા વિદ્યાર્થીઓમાંથી કોઇપણ ધોરણને પાસ કરવા માટે જરૂર કરતાં વધુ વર્ષ પ્રયત્ન કરવો પડે તેને સ્થગિતતા કહીશું.

અભ્યાસમાં લીધેલી આશ્રમશાળામાં આ અપવ્યય અને સ્થગિતતાનો અભ્યાસ કરવા માટે અગાઉ જણાવ્યું તે મુજબ ૧૯૭૫ થી ૧૯૭૮ નો સમયગાળો લીધો છે. જેમાં ૧૯૭૫ માં ત્રીજા ધોરણમાં દાખલ થયેલા અને ક્રમબદ્ધ રીતે છઠ્ઠુ પાસ કરી હાલમાં સાતમામાં અભ્યાસ કરી રહેલા વિદ્યાર્થીઓને તપાસ્યા છે.

અભ્યાસમાં લીધેલી આશ્રમશાળાઓમાંથી જે આશ્રમશાળાઓમાંથી દફતર મળી શકે તેમ ન હોવાથી તેમનુ અપવ્યય અને સ્થગિતતા સામેલ કરી શકયા નથી. તેથી અપવ્યય અને સ્થગિતતાના અભ્યાસ માટે ૨૦ આશ્રમશાળાઓને લેવામાં આવી છે. જેનો અપવ્યય અને સ્થગિતતા કેટલા પ્રમાણમાં છે તે નીચે જણાવવામાં આવ્યું છે.

કોઠો-૧

આશ્રમશાળાઓનો અપવ્યય અને સ્થગિતતા દર્શાવતો કોઠો :

| આશ્રમશાળાની વિગત | સંખ્યા | ટકાવારી |
|---|---|---|
| ત્રીજા ધોરણમાં દાખલ થયેલા વિદ્યાર્થીઓ | ૩૮૫ | ૧૦૦ |
| અપવ્યય ધરાવતી શાળાઓ | ૨૦ | ૧૦૦ |
| છઠા ધોરણ પાસ કર્યા સિવાય ઉઠી ગયેલા વિદ્યાર્થી(અપવ્યય) | ૧૭૧ | ૪૪.૪૨ |
| સ્થગિતતાવાળી શાળાઓ | ૧૦ | ૪૫.૪૫ |
| હાલમાં ત્રીજા ધોરણથી છઠ્ઠા ધોરણમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ (સ્થગિતતા) | ૨૭ | ૭.૦૧ |
| છઠ્ઠુ ધોરણ પાસ કરેલ વિદ્યાર્થીઓ | ૧૮૭ | ૪૮.૫૭ |



અભ્યાસમાં લીધેલી ૨૦ આશ્રમશાળાઓ સાથે રાખીને જોઇએ તો સરેરાશ અપવ્યય ૪૪.૪૨ ટકા જોવા મળે છે. (સૌથી ઓછામાં ઓછો અપવ્યય ઘાંટોલી આશ્રમશાળાનો છે અને તે માત્ર ૧૮.૧૮ ટકા છે.) આશ્રમશાળાઓની સરેરાશ સ્થગિતતા માત્ર ૭.૦૧ ટકા છે. અભ્યાસમાં લીધેલી આશ્રમશાળાઓમાંથી ૧૦ (૪૫.૪૫ટકા) આશ્રમશાળાઓમાં જ સ્થગિતતા છે. બાકીની આશ્રમશાળાઓમાં સ્થગિતતા જોવા મળતી જ નથી. આનો અર્થ એમ થાય કે છઠ્ઠા ધોરણ સુધી કોઇ બાળક નાપાસ થતું જ નથી. આ સત્ય ઉપરછલ્લી રીતે સાચું છે પરંતુ હકીકતમાં એવું છે કે બાળક ત્રીજાથી છઠ્ઠામાં નાપાસ થાય છે તે પછી મોટે ભાગે ઉઠી જાય છે. તેથી તેની ગણતરી અપવ્યયમાં થઇ જાય છે. સ્થગિતતામાં થતી નથી. અલબત્ત એ રીતે જોઇએ તો પણ અપવ્યયના પ્રમાણમાં સ્થગિતતા ઓછી છે. સૌથી વધુ સ્થગિતતા ધરાવતી આશ્રમશાળા ઘાંટોલી છે. જેની સ્થગિતતા ૪૫.૪૫ ટકા છે. આમ ઘાંટોલી આશ્રમશાળાનો અપવ્યય સૌથી નીચો છે. જ્યારે સ્થગિતતા સૌથી ઉંચી છે.

બધી જ આશ્રમશાળામાં દાખલ થયેલા વિદ્યાર્થીઓમાંથી ૪૮.૫૭ ટકા વિદ્યાર્થીઓ ત્રીજાથી છઠ્ઠા ધોરણ સુધી ઉત્તીર્ણ થઇ જાય છે. આ રીતે જોઇએ તો કન્જોઠ આશ્રમશાળાની ટકાવારી સૌથી વધુ છે. દાખલ થયેલામાંથી ૭૦ ટકા વિદ્યાર્થીઓ ત્રીજાથી છઠ્ઠા ધોરણ સુધી પાસ થયા કરે છે. નાપાસ થતા નથી કે ઉઠી જતા નથી. આ આંક બીજાના પ્રમાણમાં સારો ગણી શકાય.

આશ્રમશાળામાં અપવ્યય અને સ્થગિતતા તો થાય છે પણ તે કયા જિલ્લામાં વધુ થાય છે તે કોઠા નં.૨ માં બતાવવામાં આવ્યું છે. (જુઓ કોઠો પાન નં.૫૭)

કોઠા નં. ૨

જિલ્લા પ્રમાણે અપવ્યય અને સ્થગિતતા દર્શાવતો કોઠો

| ક્રમ | જિલ્લો | અપવ્યય સંખ્યા | અપવ્યય ટકા | સ્થગિતતા સંખ્યા | સ્થગિતતા ટકા | ઉત્તીર્ણ સંખ્યા | ઉત્તીર્ણ ટકા | કુલ સંખ્યા | કુલ ટકા |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | ભરૂચ | ૨૬ | ૫૨.૦૦ | ૫ | ૧૦.૦૦ | ૧૯ | ૩૮.૦૦ | ૫૦ | ૧૦૦.૦૦ |
| ૨. | સુરત | ૨૪ | ૩૫.૮૨ | ૨ | ૨.૯૯ | ૪૧ | ૬૧.૧૯ | ૬૭ | ૧૦૦.૦૦ |
| ૩. | વલસાડ | ૧૫ | ૪૦.૫૪ | ૪ | ૧૦.૮૧ | ૧૮ | ૪૮.૬૫ | ૩૭ | ૧૦૦.૦૦ |
| ૪. | પંચમહાલ | ૬૦ | ૪૬.૧૫ | ૬ | ૪.૬૨ | ૬૪ | ૪૯.૨૩ | ૧૩૦ | ૧૦૦.૦૦ |
| ૫. | વડોદરા | ૨૭ | ૪૮.૨૧ | ૩ | ૫.૩૬ | ૨૬ | ૪૬.૪૩ | ૫૬ | ૧૦૦.૦૦ |
| ૬. | સાબરકાંઠા | ૧૧ | ૬૪.૭૧ | - | - | ૬ | ૩૫.૨૯ | ૧૭ | ૧૦૦.૦૦ |
| ૭. | બનાસકાંઠા | ૮ | ૨૮.૫૭ | ૭ | ૨૫.૦૦ | ૧૩ | ૪૬.૪૩ | ૨૮ | ૧૦૦.૦૦ |
| | કુલ | ૧૭૧ | ૪૪.૪૨ | ૨૭ | ૭.૦૧ | ૧૮૭ | ૪૮.૫૭ | ૩૮૫ | ૧૦૦.૦૦ |



કોઠા નં. ૨માં જોતાં ખ્યાલ આવે છે કે આદિવાસી વસતિ ધરાવતા જિલ્લાઓ પૈકી જયાં સ્વૈચ્છિક સંસ્થાઓ આશ્રમશાળાઓ ચલાવે છે તેવા સાત જિલ્લાઓમાં સ્થગિતતા અને અપવ્યય બંનેનું સૌથી ઓછું પ્રમાણ કોઈ જિલ્લામાં હોય તો તે સુરત જિલ્લાનું છે. આ જિલ્લામાં અપવ્યય ૩૫.૮૨ ટકા છે, જયારે સ્થગિતતા ૨.૯૯ ટકા છે. અપવ્યયને જ જોઈએ તો સૌથી ઓછો અપવ્યય બનાસકાંઠાનો છે. અને તે ૨૮.૫૭ ટકા છે. જયારે વધુમાં વધુ અપવ્યય સાબરકાંઠાનો છે. જે ૬૪.૭૧ ટકા છે. જયારે સ્થગિતતા સૌથી વધુ બનાસકાંઠાની છે. અને તે ૨૫ ટકા છે. જયારે સાબરકાંઠામાં સ્થગિતતા છે જ નહીં, જયારે જયાં અપવ્યય ઓછો છે ત્યાં સ્થગિતતા વધુ છે, અલબત્ત અહીં એ સ્પષ્ટ કરવાની જરૂર છે કે સાબરકાંઠા અને બનાસકાંઠા બંને જિલ્લામાં આશ્રમશાળાનું પ્રમાણ ઓછું અને તેથી નિદર્શનમાં જે પ્રમાણ પસંદગીનો હેતુ રાખવામાં આવ્યો હતો તે મુજબ આ બંને જિલ્લાઓમાં નિદર્શન હેઠળ એક એક જ આશ્રમશાળા આવી છે. અને કદાચ તેથી એક આશ્રમશાળા આખા જિલ્લામાંનું ચિત્ર સ્પષ્ટ રીતે રજૂ ન પણ કરી શકતી હોય. અને તેથી બંને જિલ્લાના અપવ્યય અને સ્થગિતતાના આંકડાઓ વિરોધાભાસી લાગે.

વડોદરા, પંચમહાલ, વલસાડ અને ભરૂચ જિલ્લાનું અપવ્યય-સ્થગિતતાનું પ્રમાણ કુલ પ્રમાણ સાથે લગભગ મળતું આવે છે. એટલે કે મધ્યમ પ્રકારનું છે.

હવે ત્રીજાથી છઠ્ઠા ધોરણ દરમ્યાન જે અપવ્યય થાય છે તેમાં સૌથી વધુ અને સૌથી ઓછો કયા ધોરણમાં અને કઈ જાતિમાં થાય છે તે માહિતી કોઠા નં.૩ માંથી મળશે.

કોઠા નં.૩

આશ્રમશાળાના અપવ્યયનું ધોરણ અને કુમાર-કન્યા પ્રમાણે વર્ગીકરણ

| વર્ગ | કુમાર સંખ્યા | કુમાર ટકા | કન્યા સંખ્યા | કન્યા ટકા | કુલ સંખ્યા | કુલ ટકા |
|---|---|---|---|---|---|---|
| ત્રીજું | ૧૩ | ૭.૬૦ | ૨૩ | ૧૩.૪૫ | ૩૬ | ૨૧.૦૫ |
| ચોથું | ૨૩ | ૧૩.૪૫ | ૧૯ | ૧૧.૧૧ | ૪૨ | ૨૪.૫૬ |
| પાંચમું | ૪૦ | ૨૩.૪૦ | ૨૧ | ૧૨.૨૮ | ૬૧ | ૩૫.૬૮ |
| છઠ્ઠુ | ૧૯ | ૧૧.૧૧ | ૧૩ | ૭.૬૦ | ૩૨ | ૧૮.૭૧ |
| કુલ- | ૯૫ | ૫૫.૫૬ | ૭૬ | ૪૪.૪૪ | ૧૭૧ | ૧૦૦.૦૦ |

સૌથી વધુ અપવ્યય પાંચમા ધોરણમાં થાય છે. અને તે ૩૫.૬૮ ટકા છે. અલબત્ત ત્રીજા અને ચોથા ધોરણમાં અપવ્યય ઓછો છે. એવું નથી પરંતુ પ્રમાણમાં ઓછો છે. ત્રીજામાં અપવ્યય ૨૧.૪૫ ટકા છે અને ચોથામાં ૨૪.૫૬ ટકા છે. ધોરણ ૬ માં અપવ્યય ઘણો જ ઓછો છે અને તે ૧૮.૭૧ ટકા છે.

આ અપવ્યયમાં કુમાર અને કન્યાની દ્રષ્ટિએ જોતાં કુલ અપવ્યયમાં કુમાર કરતાં કન્યાઓના અપવ્યયનું પ્રમાણ ઓછું છે. કુમારનો અપવ્યય ૫૫.૫૬ ટકા છે જયારે કન્યાઓમાં અપવ્યય ૪૪.૪૪ ટકા છે. કન્યાઓનો સૌથી વધુ અપવ્યય ત્રીજા ધોરણમાં છે અને સૌથી ઓછો છઠ્ઠા ધોરણમાં છે. જે અનુક્રમે ૧૩.૪૫ ટકા અને ૭.૬૦ ટકા છે. જયારે કુમારનો સૌથી વધુ અપવ્યય પાંચમા ધોરણમાં (૨૩.૩૯ ટકા) અને સૌથી ઓછો ત્રીજામાં (૭.૬૦ ટકા) છે. આનો અર્થ એ થાય છે કે કન્યાઓ ભણવા આવે ત્યારે જો આશ્રમશાળામાં સ્થિર થઇ જાય તો ભણી જાય છે. જયારે કુમારની બાબતમાં એવું છે કે ચાર ધોરણ પછી તે આર્થિક કે અન્ય કોઇ



કારણસર ઉઠી જાય અથવા જિલ્લાની બીજી કોઇ શાળામાં અને તેથી પાંચમા ધોરણમાં અપવ્યય વધુ જોવા મળે છે.

આ અપવ્યયનું ધોરણ જાતિ અને જિલ્લાવાર પ્રમાણ કેવું છે તે કોઠા નં.૪ ઉપરથી જોવા મળશે.

અગાઉ આપણે જોયું તે પ્રમાણે અપવ્યય પાંચમા ધોરણમાં વધુ થાય છે પરંતુ ભરૂચ અને પંચમહાલ જિલ્લામાં ત્રીજા ધોરણમાં જ અપવ્યયનું પ્રમાણ વધુ છે. એટલે કે બાળક ત્રીજામાં દાખલ થાય અને શરૂઆતમાં આશ્રમશાળાનું વાતાવરણ અનુકૂળ ન આવવાથી અને અભ્યાસમાં રસ ન પડવાને કારણે શાળા છોડી દે છે, ચોથા ધોરણમાં સૌથી ઓછો અપવ્યય વડોદરા જિલ્લાનો છે. ને જે ૧૧.૧૧ ટકા છે. પરંતુ પાંચમા ધોરણમાં વડોદરા જિલ્લાનો અપવ્યય સૌથી વધુ છે. અને તે ૬૨.૯૬ ટકા છે. પાંચમા ધોરણમાં સુરત, વડોદરા, સાબરકાંઠા, બનાસકાંઠા બધે જ અપવ્યયનું પ્રમાણ વધુ છે. જ્યારે પંચમહાલનું સૌથી ઓછું છે. છઠ્ઠા ધોરણમાં સૌથી વધુ અપવ્યય વલસાડ જિલ્લામાં થાય છે પરંતુ તે પણ બીજા ધોરણના પ્રમાણમાં ઓછો છે. તે ૩૩.૩૩ ટકા છે. કુમાર કન્યાની દ્રષ્ટિએ જોઇએ તો સુરત, વલસાડ, વડોદરા, સાબરકાંઠા અને બનાસકાંઠામાં છોકરાઓ વધુ ઉઠી જાય છે. જયારે પંચમહાલ જિલ્લો એવો છે કે જયાં કન્યાઓનું ઉઠી જવાનું પ્રમાણ વધુ છે. જે કોઠાના આંકડા પરથી સ્પષ્ટ થશે.

અત્યાર સુધી આપણે જે ચર્ચા કરી તે આશ્રમશાળાના અપવ્યયની વાત કરી એટલે કે આશ્રમશાળામાં જે વિદ્યાર્થીઓ ભણવા આવ્યા છે તેમાંથી કેટલા વિદ્યાર્થીઓ આશ્રમશાળા છોડી ગયા પરંતુ જે માહિતી પ્રાપ્ત છે તે મુજબ આશ્રમશાળામાંથી ઉઠી જનારા બધા જ વિદ્યાર્થીઓ અભ્યાસ છોડી દેતા નથી. આમાંના કેટલાક આગળ અભ્યાસ માટે આશ્રમશાળાને બદલે બીજી શાળામાં જાય છે. કે જયાંથી હાઇસ્કુલનું શિક્ષણ પણ ચાલુ રહે એ બાબતનો ખ્યાલ કોઠા નં. ૫ પરથી આવે છે.

આશ્રમશાળાના અપવ્યયનું ધોરણ કુમાર કન્યા તથા જિલ્લાવાર વર્ગીકરણ

| ક્રમ | જિલ્લો | | ત્રીજું ધોરણ | | | ચોથું ધોરણ | | | પાંચમું ધોરણ | | | છઠ્ઠું ધોરણ | | | કુલ | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | કુમાર | કન્યા | કુલ | કુમાર | કન્યા | કુલ | કુમાર | કન્યા | કુલ | કુમાર | કન્યા | કુલ | કુમાર | કન્યા | કુલ |
| ૧. | ભરૂચ | સંખ્યા | ૩ | ૭ | ૧૦ | ૩ | ૪ | ૭ | ૨ | ૪ | ૬ | ૧ | ૨ | ૩ | ૯ | ૧૭ | ૨૬ |
| | | ટકા | ૧૧.૫૪ | ૨૬.૯૨ | ૩૮.૪૬ | ૧૧.૫૪ | ૧૫.૩૮ | ૨૬.૯૨ | ૭.૬૯ | ૧૫.૩૮ | ૨૩.૦૭ | ૩.૮૫ | ૭.૬૯ | ૧૧.૫૪ | ૩૪.૬૨ | ૬૫.૩૮ | ૧૦ |
| ૨. | સુરત | સંખ્યા | - | ૨ | ૨ | ૨ | ૨ | ૪ | ૮ | ૬ | ૧૪ | ૩ | ૧ | ૪ | ૧૩ | ૧૧ | ૨૪ |
| | | ટકા | - | ૮.૩૩ | ૮.૩૩ | ૮.૩૩ | ૮.૩૩ | ૧૬.૬૭ | ૩૩.૩૩ | ૨૫.૦૦ | ૫૮.૩૩ | ૧૨.૫ | ૪.૧૭ | ૧૬.૬૭ | ૫૪.૧૭ | ૪૫.૮૩ | ૧૦ |
| ૩. | વલસાડ | સંખ્યા | ૧ | - | ૧ | ૧ | ૩ | ૪ | ૫ | - | ૫ | ૫ | - | ૫ | ૧૨ | ૩ | ૧૫ |
| | | ટકા | ૬.૬૭ | - | ૬.૬૭ | ૬.૬૭ | ૧૦.૦૦ | ૧૬.૬૭ | ૩૩.૩૩ | - | ૩૩.૩૩ | ૩૩.૩૩ | - | ૩૩.૩૩ | ૮૦.૦૦ | ૨૦.૦૦ | ૧૦ |
| ૪. | પંચમહાલ | સંખ્યા | ૯ | ૧૪ | ૨૩ | ૧૦ | ૭ | ૧૭ | ૬ | ૪ | ૧૦ | ૩ | ૭ | ૧૦ | ૨૮ | ૩૨ | ૬૦ |
| | | ટકા | ૧૫.૦૦ | ૨૩.૩૩ | ૩૮.૩૩ | ૧૬.૬૭ | ૨૮.૩૪ | ૧૦.૦૦ | ૬.૬૭ | ૧૬.૬૭ | ૫.૦૦ | ૧૧.૬૭ | ૧૬.૬૭ | ૪૬.૬૭ | ૫૩.૩૩ | | ૧૦ |
| ૫. | વડોદરા | સંખ્યા | - | - | - | ૩ | ૧ | ૪ | ૧૩ | ૪ | ૧૭ | ૪ | ૨ | ૬ | ૨૦ | ૭ | ૨૭ |
| | | ટકા | - | - | - | ૧૧.૧૧ | ૩.૭૦ | ૧૪.૮૧ | ૪૮.૩૫ | ૧૪.૮૧ | ૬૨.૯૬ | ૧૪.૮૧ | ૭.૪૧ | ૨૨.૨૨ | ૭૪.૦૭ | ૨૫.૯૩ | ૧૦ |
| ૬. | સાબરકાંઠા | સંખ્યા | - | - | - | ૨ | ૧ | ૩ | ૪ | ૧ | ૫ | ૨ | | ૩ | ૮ | ૩ | ૧૧ |
| | | ટકા | - | - | - | ૧૮.૧૮ | ૯.૦૯ | ૨૭.૨૭ | ૩૬.૩૬ | ૯.૦૯ | ૪૫.૪૫ | ૧૮.૧૮ | ૯.૦૯ | ૨૭.૨૭ | ૭૨.૭૩ | ૨૭.૨૭ | ૧૦ |
| ૭. | બનાસકાંઠા | સંખ્યા | - | - | - | ૨ | ૧ | ૩ | ૨ | ૨ | ૪ | ૧ | - | ૧ | ૫ | ૩ | ૮ |
| | | ટકા | - | - | - | ૨૫.૦૦ | ૧૨.૦૫ | ૩૭.૦૫ | ૨૫.૦૦ | ૨૫.૦૦ | ૫૦.૦૦ | ૧૨.૦૫ | - | ૧૨.૦૫ | ૭૨.૦૫ | ૩૭.૦૫ | ૧૦૦. |
| | કુલ | સંખ્યા | ૧૩ | ૨૩ | ૩૬ | ૨૩ | ૧૯ | ૪૨ | ૪૦ | ૨૧ | ૬૧ | ૧૯ | ૧૩ | ૩૨ | ૯૫ | ૭૬ | ૧૭ |
| | | ટકા | ૭.૬૦ | ૧૩.૪૫ | ૨૧.૦૫ | ૧૩.૪૫ | ૧૧.૧૧ | ૨૪.૫૬ | ૨૦.૪૦ | ૧૨.૨૮ | ૩૫.૬૭ | ૧૧.૧૧ | ૭.૬૦ | ૧૮.૭૧ | ૫૫.૫૬ | ૪૪.૪૪ | ૧૦૦ |



## કોઠો-૫

આશ્રમશાળામાં છઠ્ઠા ધોરણ પાસ કર્યા પહેલાં ઊઠી ગયેલા વિદ્યાર્થીઓનું અને કાયમી ઊઠી ગયેલા વિદ્યાર્થીઓની માહિતી આપતો કોઠો

| ક્રમ | આશ્રમશાળાની માહિતી | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | છઠ્ઠું ધોરણ પાસ કર્યા પહેલાં ઊઠી ગયેલા | ૧૩૧ | ૪૪.૪૨ |
| ૨. | બીજી શાળામાંથી ઊઠી ગયેલા | ૪૯ | ૧૨.૭૩ |
| ૩. | કાયમી ઊઠી ગયેલા | ૧૨૨ | ૩૧.૩૯ |

અગાઉ કોઠા-૧ માં જોયું કે અપવ્યય ૪૪.૪૨ ટકા છે. આમાંથી ૧૨.૭૩ ટકા વિદ્યાર્થીઓ એવા છે કે જે આશ્રમશાળા છોડીને બીજી શાળામાં દાખલ થયા છે. અને તેમણે તેમનો અભ્યાસ ચાલુ રાખ્યો છે. જેને શૈક્ષણિક અપવ્યય તેવા અટલે કે જેણે કાયમ અભ્યાસ છોડી દીધો છે તેવા વિદ્યાર્થીઓની સરેરાશ ટકાવારી ૩૧.૯૯ ટકા છે કે જેણે સાચા અર્થમાં આશ્રમી અભ્યાસનો અપવ્યય લેખી શકાય. આદિવાસી સંશોધન કેન્દ્ર દ્વારા ૧૯૬૬ માં થયેલા 'આદિવાસીઓના પ્રાથમિક શિક્ષણમાં અપવ્યય અને સ્થગિતતા'[1] ના અભ્યાસમાં આશ્રમશાળાનો સમાવેશ કરવામાં[2] આવ્યો છે. તેઓના અભ્યાસમાં આશ્રમશાળાઓના શિક્ષણમાં અપવ્યયનું પ્રમાણ અનુક્રમે ૨૯.૯ ટકા અને ૫૧.૮ ટકા આવ્યું હતું. જ્યારે ચાલુ અભ્યાસમાં ૪૪.૪૨ ટકા આવ્યું છે.

---

૧ Westage and stagnation in Primary Education amongst the Tribal by R.B.Lal (T.R.T.I.)

૨ Wastage and stagnation in Tribal Aria : by M.I. Masvi T.R.T.Institute.

પણ ખરેખર અપવ્યય ૩૧.૬૯ ટકા છે. ૧૯૬૬ અને ૧૯૭૧ ના અભ્યાસોમાં સ્થગિતતા અનુક્રમે ૪૭.૭ અને ૨૪.૧ બતાવવામાં આવી છે. જ્યારે ચાલુ અભ્યાસમાં આ સ્થગિતતા ૯.૦૧ ટકા છે. આ સ્થગિતતા ઓછી હોવાના કારણો તપાસીએ તો ખ્યાલ આવે છે કે ૨૨ માંથી ૧૨ આશ્રમશાળાઓમાં બિલકુલ સ્થગિતતા નથી જે શાળાઓમાં સ્થગિતતા છે ત્યાં બાળકની કસોટી યોગ્ય પ્રકાર કરવામાં આવે છે. અને ત્યાં બાળક નાપાસ થયા પછી પણ અભ્યાસ વિમુખ બનતો નથી. જ્યારે મોટે ભાગે આપણે જોઇએ છીએ કે બાળક નાપાસ થાય એટલે તે અભ્યાસ છોડી દે છે અને પરિણામે એ બાળકની ગણતરી અપવ્યયમાં થતી હોય છે. અને તેથી ચાલુ અભ્યાસમાં સ્થગિતતાનું પ્રમાણ ઓછું જોવા મળે છે.

ચાલુ અભ્યાસ છઠ્ઠા પાસ થયેલા વિદ્યાર્થીઓમાંથી હાલ સાતમામાં કેટલા ભણે છે તે કોઠા નં. ૬ પરથી જોઇ શકાય છે.

કોઠા નં. ૬

આશ્રમશાળામાં ધોરણ ૬ પાસ કર્યા પછી હાલમાં સાતમામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની સંખ્યા દર્શાવતો કોઠો

| વિગત | સંખ્યા | ટકાવારી |
|---|---|---|
| છઠ્ઠુ ધોરણ પાસ કરેલા | ૧૮૭ | ૧૦૦.૦૦ |
| હાલમાં સાતમામાં અભ્યાસ કરતા | ૧૮૦ | ૯૬.૨૬ |
| ઉઠી ગયેલા કે નાપાસ થયેલા | ૭ | ૩.૭૪ |

છઠ્ઠુ ધોરણ પાસ કર્યા પછી મોટા ભાગના વિદ્યાર્થીઓ અભ્યાસ ચાલુ રાખે છે. ફક્ત ૩.૭૪ ટકા વિદ્યાર્થીઓ કયાંતો નાપાસ થયા છે અથવા તો ઉઠી ગયા છે. આમ સાતમા ધોરણમાં બધા ધોરણ કરતાં અપવ્યય અને સ્થગિતતાનું પ્રમાણ ઓછામાં ઓછું છે.



અપવ્યય અને સ્થગિતતા થવાનાં કારણો :

આદિવાસી વિસ્તારમાં પ્રાથમિક શિક્ષણમાં તો મોટા પ્રમાણમાં અપવ્યય થતો જ હોય છે. પરંતુ તેમાં આશ્રમશાળા એક એવી શૈક્ષણિક સંસ્થા છે કે જયાં બાળક ખાવાનું, રહેવાનું, ભણવાનું મફત પ્રાપ્ત થાય છે. ફક્ત તેણે ત્યાં આવવાનું જ હોય છે. આવી સગવડ હોવા છતાં પણ ત્યા અપવ્યય અને સ્થગિતતા પર ટકા જેટલી છે તે ચિંતા ઉપજાવે તેવી બાબત છે. આ અપવ્યય અને સ્થગિતતા શા કારણે થાય છે તે જાણવા માટે અમે શિક્ષકોના અભિપ્રાયો અને જૂના સંશોધનમાંથી અને વિદ્યાર્થીઓ અને વાલીઓ પાસેથી જે જાણવા મળ્યું છે તે આધારે કેટલાંક તારણો આપવા નમ્ર પ્રયત્ન કર્યો છે.

(૧) તપાસમાં જે કારણો જાણવા મળ્યાં તેમાં મહત્વનું કારણ તેમની આર્થિક સ્થિતિ છે. તેઓની આર્થિક સ્થિતિ એટલી નબળી છે કે અને તેઓ એટલા તો ગરીબ છે કે તેમને તેમના જીવનનિર્વાહ ચલાવવા માટે કુટુંબના બધા સભ્યોને કામ કરવું પડતું હોય છે. પુરુષોની સાથે સ્ત્રીએ પણ આર્થિક પ્રવૃત્તિમાં જોડાવું પડે છે. તેથી નાનાં બાળકોને સાચવવાની જવાબદારી મોટાં બાળકો અને તેમાં પણ છોકરાઓએ રાખવી પડતી હોય છે. નબળી આર્થિક સ્થિતિમાં તેઓ પોતાનાં બાળકોને ભણાવવા તૈયાર હોતા નથી. કોઇ પરાણે બાળકને આશ્રમશાળામાં મૂકે તો પણ તેઓની વૃત્તિ તો જેમ બને તેમ બાળકોને આર્થિક પ્રવૃત્તિમાં લગાડી દેવાની હોય છે. અને તેથી તેઓ ભણાવવા તૈયાર થતા નથી. અને જો ભણાવે તો શાળાઓમાંથી ઉઠાડી દેવાની મનોવૃત્તિ વાળા હોય છે.

(૨) અલ્પવિકસિત ખેતીપ્રધાન દેશોમાં મોસમી ફેરફારની અસર આર્થિક પ્રવૃત્તિ પર થતી હોય છે. ખેત પ્રવૃત્તિના ફેરફારો ગ્રામ્ય વિસ્તારોની રોજગારીની તકો ઉપર અસરકર્તા બનતાં હોય છે. સારી મોસમમાં લોકોને કામ મળી રહે છે. વધુ કલાક કામ કરવું પડે છે જેમને પોતાનું ખેતર જ નથી તેમને બીજાના ખેતરમાં રોજગારી સહેલાઇથી પ્રાપ્ત થતી

હોય છે. એટલે કે આવક મેળવવા માટે ઓછી આવક ધરાવતા આદિવાસીઓને પોતાનાં બાળકોને કામે લગાડી આર્થિક લાભ લેવાનું મોટું આકર્ષણ હોય છે. અને તેથી આશ્રમશાળામાંથી બાળકને બોલાવી લે છે. એકવાર આશ્રમશાળામાંથી બાળક પાછું આવે એટલે તે પોતાના ઘરના વાતાવરણમાં એવું ઓતપ્રોત થઇ જાય છે કે તેને ફરી આશ્રમશાળામાં જવાનું મન થતું નથી. આમ અપવ્યય થાય છે.

(૩) આદિવાસી સમાજમાં હજી પણ શિક્ષણનું મહત્વ સમજાયું નથી. અને શિક્ષણ માટે જે જાતનું સામાજિક વાતાવરણ જોઇએ તે જાતનું સામાજિક વાતાવરણનો આ સમાજમાં અભાવ વર્તાય છે. વાલી પોતે જ અજ્ઞાન હોય તેથી તેને શિક્ષણની જરૂરિયાત સમજાતી નથી. તેથી વ્યક્તિગત રીતે પણ બાળક આશ્રમશાળામાં મૂકયા પછી પાછો આવી રહે તો તેઓ નારાજ થતા નથી. ઉલટું કેટલીકવાર તો તેઓ ઇચ્છતા હોય છે કે બાળક ગામમાં રહી પોતાની સાથે ખેતીકામ કરે. તેઓ માને છે કે જો બાળક ભણશે તો તેમને છોડીને જતો રહેશે એના કરતાં ન ભણે તે સારું.

(૪) શિક્ષકોના અભિપ્રાય પ્રમાણે આશ્રમશાળામાં જે બાળક આવે છે તે બાળક ગામડાની નિશાળમાં ૧ કે ૨ ધોરણ પાસ કરી આવે છે. ગામડાની મોટા ભાગની નિશાળો નિયમિત ચાલતી નથી અને તેથી બાળક પાયાથી કાચો રહે છે. આશ્રમશાળામાં તેનો કાચો અભ્યાસ હોવાને કારણે તેને મહેનત વધુ કરવી પડે છે તેથી તેને ભણવા પ્રત્યે અણગમો આવે છે. તેને ભણતર અઘરું લાગે છે. તેથી તે કયોતો ધ્યાન આપતો નથી તેથી નાપાસ થાય છે અથવા તો કંટાળીને તે આશ્રમશાળા છોડીચાલ્યો જાય છે.

(૫) અમારી તપાસ દરમ્યાન અમને શિક્ષણ આપવાની પધ્ધતિ અને અભ્યાસક્રમ બંને કંઇક અંશે બગાડ માટે જવાબદાર લાગ્યાં. આપણે ત્યાં જે અભ્યાસક્રમ ઘડવામાં આવે છે તે આદિવાસી બાળકને ખ્યાલમાં રાખીને ઘડવામાં આવતો નથી, કે જેથી એ સમાજના શિક્ષણ લેતા બાળકોને



એમાં પૂરતો રસ પડે અને ભવિષ્યના જીવન માટે ઉપયોગી એવી તાલીમ મળે. તેથી જે પાંચમા ધોરણમાં જે અપવ્યય લાગે છે તેનું કારણ આ જ છે. મોટા ભાગના આદિવાસી મા-બાપો -ની ફરિયાદ હોય છે કે તેમના બાળકોને જે શિક્ષણ અપાય છે તે તેમને કોઇ રીતે ઉપયોગી નથી. આથી ચોથા ધોરણ સુધીમાં લખતાં વાંચતાં શીખી જાય એટલે તેમને ઉઠાડી લેવામાં આવે છે.

(૬) ભાષાની મુશ્કેલીને કારણે પણ કેટલાંક બાળકો શાળા છોડી દે છે. બાળક પોતાના કુટુંબ સાથે રહેતો હોય ત્યારે પોતાની બોલીમાં વાતચીત કરતો હોય છે. પોતાના ગામમાં બે વર્ષ અભ્યાસ કરે ત્યારે પણ તેની આ ભાષા વત્તા ઓછા પ્રમાણમાં ચાલી જતી હોય છે. પરંતુ જેમ જેમ તે અભ્યાસમાં આગળ વધે તેમ ભાષાની મુશ્કેલી વધતી જાય છે. અને તેમાં ય જો બિનઆદિવાસી શિક્ષક હોય અને તે બીજા જિલ્લાનો હોય તે શિક્ષકનું સમજાવેલું ઘણું સમજી શકતો નથી. તેથી તેને ભણવામાં રસ [illegible] પડતો નથી અને પરિણામે તક મળતાં શાળા છોડી દે છે. શિક્ષકો સાથેની વાતચીત ઉપરથી પણ જાણવા મળ્યું કે તેઓ ભાષામાં ઘણા કાચા હોય છે. જો તેમને તેમની ભાષામાં સમજાવવામાં આવે તો ગ્રહણ કરી શકે છે પણ આ બાબત બિનઆદિવાસી શિક્ષકો માટે અઘરી છે. તેથી બાળક અને શિક્ષક વચ્ચેનો જે દોર સંધાવો જોઇએ તે સંધાતો નથી. તેથી ગુજરાતી ભાષા ઉપરનું પ્રભુત્વ ન જો બાળક જલદી મેળવી લે તો પરિસ્થિતિ સુધરી જાય છે. નહીં તો નાપાસ થાય છે અને ઉઠી જતો હોય છે.

...

પ્રકરણ - ૬

## આદિવાસી સમાજજીવન પર આશ્રમશાળાની અસર

### સમાજ જીવનમાં પરિવર્તન :

અન્ય આદિવાસી વસ્તીવાળાં રાજયોમાં આદિવાસીઓની સ્થિતિમાં પરિવર્તન લાવવા માટે સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા જે કાર્ય થયું છે તેના પ્રમાણમાં ગુજરાતમાં ઘણુ વધારે કામ થયુ છે. ગુજરાતના આદિવાસીઓમાં આવી રહેલા પરિવતન માટે આશ્રમશાળાઓએ પણ પોતાનો હિસ્સો યથાયોગ્ય પ્રમાણમાં આપ્યો છે. ખાસ કરીને આદિવાસીઓના શૈક્ષણિક વિકાસમાં આશ્રમશાળાઓ આશીર્વાદરૂપ પૂરવાર થઇ છે.

વર્ષોથી ભૌગોલિક પરિસ્થિતિને કારણે આદિવાસીઓન વિકસતા સમાજથી અલગ પડી ગયા હતા. પરિણામે આજે પણ તેઓ તેમનું જીવન પરંપરાગત રીતે જ જીવી રહયા છે. તેઓની સંસ્કૃતિમાં ઘણી એવી બાબતો છે કે જે તેમની આગવી વિશિષ્ટતા છે. જયારે સામાન્ય જનસમાજે વિકાસની સાથે આવી બાબતો ગુમાવી દીધી છે. આદિવાસીઓની આ વિશિષ્ટતા તેઓ અને તેમના સમગ્ર સમાજ માટે ગૌરવરૂપ બાબત છે. એ સાથે પણ કેટલીક એવી બાબતો છે કે જે તેમના અંગત જીવન અને સમાજજીવન માટે શ્રાપરૂપ થઇ પડી છે કે જને કારણે તેઓ અને તેઓનો સમાજ શોષાતો આવ્યો છે. તેમનું જીવન કંગાળમય બન્યુ છે. આ બાબતો છે તેમની અજ્ઞાનતા અને અંધશ્રધ્ધા. તેમાંથી તેમને બહાર કાઢવામાં જો કોઇ ઉપયોગી થાય તેવું હોય તો તે આશ્રમશાળા છે.

### શિક્ષણની તક :

કોઇપણ ડુંગરાળ વિસ્તારમાં આવેલી આશ્રમશાળાઓનો ઇતિહાસ તપાસો. ૫૦૦ થી ૧૦૦૦ ની વસ્તી ધરાવતુ ગામડું કે જે ડુંગરોની તળેટીમાં છૂટાછવાયા ઘરો સાથે વસેલું હોય, જયાં પાણીની પૂરતી સગવડ ન હોય, જયાં ચોમાસાની ઋતુમાં રસ્તાના અભાવે બીજાં ગામો કે શહેર સાથેનો સંબંધ તૂટી જતો હોય, ઉનાળા - શિયાળામાં ૫થી ૧૦ કિ.મી. ચાલે ત્યારે

કોઇ સાધન મળે, તેમજ અન્ય કોઇ સુવિધા ન હોય ત્યાં આશ્રમશાળા શરૂ થઇ તે પહેલાં તે ગામના મોટા ભાગના સમૂહને શાળા એટલે શું તેનો ખ્યાલ પણ ન હતો. ત્યાં કોઇ ભણતું ન હતું, આજુબાજુ ગામમાં જો દિનશાળા ચાલતી હોય તો ત્યાં શિક્ષક ભાગ્યે જ આવતો હોય, કવચિત શિક્ષક નિયમિત આવતો હોય તો ખુલ્લામાં કુદરત સાથે ખેલતા બાળકોને શિક્ષકની સાથે છ કલાક બેસીને ભણવાનું ન ગમે. ૧થી ૭ ધોરણ ચાલતી શાળા જ ન હોય અને એવા વિસ્તારમાં શિક્ષક એ એક ઉપહાસ બની જાય છે. જો કોઇને શિક્ષણની ખરેખર ભૂખ જાગે તો તેણે મોટા ગામમાં અથવા તાલુકા મથક જયાં માધ્યમિક શિક્ષણની સગવડ હોય ત્યાં જવું પડે. આ પણ કવચિત જ શકય હતું. પરિણામે આ આદિવાસી ગામડાઓમાં શિક્ષણનું પ્રમાણ નહિવત રહેતું. પરંતુ જયારે આશ્રમશાળાઓ ખોલવામાં આવી ત્યારે શરૂઆતમાં કાર્યકર્તાઓને આશ્રમશાળાઓ માટે બાળકો ભેગાં કરવાં પડયાં. આ માટે તેઓએ બાળક પાસે કોઇપણ ખર્ચ લીધા વગર રહેવાની, ખાવાની અને શિક્ષણની બધી સુવિધાઓ આપવાનું નકકી કર્યું. શરૂઆતમાં બાળકોને શિક્ષણ તરફ આકર્ષવામાં મુશ્કેલી પડી, પરંતુ થોડાક બાળકો ત્યાં ભણ્યા. તેથી તેની અસર આજુબાજુનાં ગામો અને તેના બાળકો પર થઇ. તેઓ પણ આશ્રમશાળામાં રહીને શિક્ષણ મેળવવા ઉત્કંઠા બતાવવા લાગ્યા. શરૂઆતમાં ૧થી ૭ ધોરણ માટે પણ ૧૨૦ સંખ્યા કરવી મુશ્કેલ હતી. જે આજે ત્રણથી સાત ધોરણ માટે પણ શરૂઆતથી થઇ જાય છે.

આજે આશ્રમશાળાઓ માટે સંખ્યાનો પ્રશ્ન રહયો જ નથી. ઉલટું સંખ્યા નિયંત્રિત રાખવા માટે આશ્રમશાળાઓ માટે એક નિયમ બનાવવો પડયો કે આશ્રમશાળામાં સ્થાનિક બાળકોને પ્રવેશ ન આપવો. અને આજુબાજુ જયાં શાળા ન હોય તેના બાળકોને પ્રવેશનો લાભ આપવો. આમ શિક્ષણ તરફની ભૂખ જ પહેલાં ન હતી તે હવે ઉઘડી છે. આશ્રમશાળાને લઇને આજુબાજુનાં ગામડાઓમાં શિક્ષણનું પ્રમાણ ઘણું વધ્યું અને સુધર્યું. જયારે આશ્રમશાળાઓ ન હતી ત્યારે આજુબાજુનાં ગામડાઓમાં સાત ધોરણ પાસ થયેલ કોઇ વ્યકિત મળે નહીં. જયારે હાલમાં તે જ ગામડાઓમાં સાત ધોરણ કરેલ વ્યકિતઓની સારી એવી સંખ્યા જોવા મળે છે. એટલું જ નહીં પણ હાલમાં તો આદિવાસીઓમાં



એસ.એસ.સી. અને સ્નાતક થયેલ પણ છે.

આશ્રમશાળાઓને લઇને મજૂરી કરી જીવતા અને તદ્દન નબળી આર્થિક સ્થિતિવાળા આદિવાસીઓનાં બાળકો માટે શિક્ષણ મેળવવા એનો રસ્તો ખૂલ્યો. જે આદિવાસી મા-બાપ છૂટક મજૂરીએ શહેરમાં જતાં હોય તેઓ તેમનાં બાળકોને આશ્રમશાળામાં મૂકી દે છે. પછી મજૂરીએ જાય તેથી તેમને બાળકની ચિંતા ન રહે અને આરામથી ચારથી આઠ મહિના મજૂરી કરી શકે.

વળી શિક્ષણ ન મેળવ્યું હોય તેવા વાલીઓ પણ આશ્રમશાળામાં બાળકને શિક્ષણ સાથે બીજી સવલતો મળશે એમ જાણીને બાળકને શિક્ષણ આપતા થયા છે. અલબત્ત હજી પણ અભણ વાલીઓનાં બાળકોનું પ્રમાણ આશ્રમશાળામાં ઓછું છે. પરંતુ એમાં સુધારો જરૂર થયો છે.

<u>શિક્ષણમાં નિયમિતતા :</u>

આશ્રમશાળાને લઇને ગામડાની શાળાઓ પણ નિયમિત બની છે. તેઓ પણ જાગૃત બન્યા છે, તે કારણ કે આશ્રમશાળામાં શૈક્ષણિક કાર્યક્રમ નિયમિત ચાલે છે. ૨૪ કલાક બાળકો ત્યાં રહે તેથી આજુબાજુના ગામમાં ચાલતી શાળાના શિક્ષકોને પણ અભ્યાસ વિષયક પ્રવૃત્તિમાં ઉત્સાહ વધ્યો. તેઓ ગામમાં રહેવા લાગ્યા અને બાળકોને ભેગાં કરી ભણાવવા લાગ્યા. આશ્રમશાળાને લઇને અધિકારીવર્ગને આવવા જવાનું વધ્યું તેથી તેથી પણ ગામની શાળાઓ નિયમિત બની.

<u>રહેણીકરણી :</u>

આદિવાસી બાળક આશ્રમશાળામાં જવા માંડયું તેથી તે બીજાં બાળકો અને શિક્ષકો સાથે સંપર્કમાં આવવા લાગ્યું. એટલું જ નહીં બાહય સમાજ સાથેનો તેનો સંપર્ક વધ્યો. પરિણામે તેના ઘરમાં દેવદેવીઓના, રાજકીય નેતાઓના ફોટા ઘરમાં આવવા લાગ્યા. એના ફલસ્વરૂપે ધાર્મિક અને રાજકીય બાબતો પરત્વેની જાણકારી વધવા લાગી.

બાળક આશ્રમશાળામાં ભણતું હોય ત્યારે સ્વાભાવિક છે કે મા-બાપ અને બીજાં સગાં તેને મળવા માટે આશ્રમશાળામાં જતાં હોય છે. આશ્રમશાળાના વાતાવરણથી વાલીઓ (મા-બાપ) પણ પરિચિત થાય છે. તેઓનામાં પણ બોલવા-ચાલવા-પહેરવા-ઓઢવાની રીતભાતમાં પોતાના બાળકને કારણે અજાણપણે પરિવર્તન આવવા માંડે છે. નવા વાતાવરણને કારણે તેઓ બાહ્ય સમાજનું અનુકરણ કરતા થયા છે. અને તેથી પ્રથમ તેમના ખોરાક અને પોશાકમાં પરિવર્તન આવે છે. અને ધીરે ધીરે બાહ્ય સમાજની રીતરસમ તેમનામાં ઉતરતી જાય છે. અગાઉનાં પ્રકરણોમાં આપણે જોયું કે આદિવાસીઓમાંના ભીલ, ઢોડિયા, ચૌધરી જેવા જાતિઓનાં બાળકોમાં આશ્રમી શિક્ષણ વધુ લેવાય છે. તે જાતિઓના પહેરવેશ અને ખોરાકમાં આપણે પરિવર્તન આવેલું જોઇ શકીએ છીએ.

સમયપાલન :
---------

આદિવાસીઓમાં સમયપાલનને સ્થાન ન હતું. પરંતુ બાળક આશ્રમશાળામાં આવ્યા પછી આશ્રમશાળાના કાર્યક્રમમાં સમયના તાલે ભાગ લેવા માંડયો તેથી તે પોતે સમયના તાલ સાથે તાલ મેળવતો થઇ ગયો. તેથી ઘરે ગયા પછી પણ તેની એ અસર ઘરમાં પણ વર્તાવવા લાગી. ઘરમાં સમય જોવા જાણવા ઘડિયાળ આવી.

ઉપરોકત જે અસરો પડી એ આશ્રમશાળા દ્વારા પડેલી સીધી અસરો હતી.

દૂરગામી અસરો :
--------------

કેટલીક દૂરગામી અસરો પણ આશ્રમશાળાને કારણે આદિવાસી સમાજજીવન પર પડી. ઉદાહરણ તરીકે ગામનો એક બાળક આશ્રમશાળામાં શિક્ષણ લઇ ગામમાં જાય ત્યારે તેની રીતભાત, સંસ્કાર બદલાય. તે અભ્યાસ કરે તેથી તેની આર્થિક સ્થિતિમાં પણ ફેરફાર આવે. પરિણામે ગામના બીજા લોકો તેમનાં બાળકોને શિક્ષણ આપવાની ઉત્કંઠા સેવવા માંડે છે. પરિણામે કુટુંબમાં અને ગામમાં શિક્ષણનો વ્યાપ વધવા માંડે છે. લાંબે ગાળે શિક્ષિતોની સંખ્યા વધવાને કારણે બૃહદ સમાજની રીતભાત ઉપર અસર થાય છે. અગાઉ કહયું તે મુજબ લાંબેગાળે સમાજમાં શિક્ષણ વધવાથી તે સમાજના રીતરિવાજ સંસ્કાર વગેરેમાં ઘણું પરિવર્તન આવેલું જોવા મળે છે. તમે ૧૯૫૦ પહેલાંના ઢોડિયા, ચૌધરી, ભીલને જુઓ અને આજનાને જુઓ તો તમને તેમનામાં આવેલું પરિવર્તન દેખીતી રીતે દેખાશે. આ શિક્ષણનો જ વ્યાપ વધ્યો છે તેનું દુરગામી પરિણામ છે.



મનોરંજન માટેનાં સાધનોમાં પણ પરિવર્તન આવ્યું. આદિવાસીનું મનોરંજન ઘટતે પરંપરાગત ચાલતું સંગીત, નૃત્ય. પરંતુ હાલ તેના સ્થાને સિનેમા, રેડિયો આવવા માંડયાં છે.

આ સિવાય નિયમિત કાર્યો જેવાં કે નહાવું, વાળ કપાવવા, વાળ ઓળવા, પૂરાં કપડાં પહેરવાં, સંસ્કારી રીતભાત દાખવવી વગેરે પરિવર્તન આશ્રમશાળામાંથી બાળક પોતાના ઘરે લઇ જાય છે. અને તેની અસર કુટુંબ અને સમાજ ઉપર લાંબે ગાળે પડતી હોય છે.

વ્યાવસાયિક પરિવર્તન :
-------------------

વ્યાવસાયિક પરિવર્તન એ મહત્વનું અને અગત્યનું પરિવર્તન ગણી શકાય. સામાન્ય રીતે દિનશાળામાં ભણતો બાળક પ્રાથમિક શિક્ષણ પૂરું કરતો અથવા તે પહેલાં જ મોટે ભાગે ઉઠી જતો હોય છે. પણ આશ્રમશાળામાં ભણતો બાળક અભ્યાસ છોડી ન દેતાં વધુ અભ્યાસ તરફ પ્રવૃત્ત થાય છે. આશ્રમશાળામાંથી સાતમું ધોરણ પાસ કરેલા બાળકોમાંથી મોટા ભાગનાં બાળકો અન્ય નિવાસી શાળાઓમાં પોતાનો અભ્યાસ ચાલુ રાખે છે. પરિણામે આ શિક્ષિત બાળકોમાંથી ખૂબ ઓછા પોતાની પરંપરાગત ચાલતી ખેતી કરે છે. મોટે ભાગે આશ્રમશાળામાં ભણતા વિદ્યાર્થીઓ બિનઆદિવાસીઓ કે ઉજળિયાત મધ્યમ વર્ગ જેવા વ્યાવસાયો કરવાની ઇચ્છા ધરાવે છે. અને તે શકય પણ બનતું હોય છે, કારણ કે રાજય તરફથી અનુસૂચિત જનજાતિ માટે જ અનામત જગ્યાઓ રાખવામાં આવે છે તેનો લાભ તેમને મળતો જ હોય છે. આશ્રમશાળામાં અભ્યાસ કરી ગયેલા વિદ્યાર્થીઓમાંથી શિક્ષકો, તલાટીઓ, ગ્રામસેવકો, વાયરમેનો, જંગલ મંડળી અને સહકારી મંડળીના મંત્રીઓ, સરકારી નોકરીઓમાં ત્રીજા અને ચોથા વર્ગના કર્મચારીઓ તરીકે ગોઠવાઇ જાય છે. કેટલાક સ્વતંત્ર ધંધાદારી તરીકે હીરા ઘસવાના, સુથારી કામ, દરજીકામ, ડૉકટર, ઇજનેર, વકીલ જેવા વ્યાવસાયો પણ કરે છે. તો કેટલાક સમાજસેવામાં પણ જાય છે. આમ તેઓના વ્યવસાય માટેની નવી ક્ષિતિજો ખૂલવા માંડે છે.

બાહય સમાજ સાથેનું સહજીવન :

આદિવાસીઓના કેટલાક સમાજમાં બહારના લોકો માટેનો એક પ્રકારનો ભય રહેતો હતો તે શિક્ષણને કારણે દૂર થયો. કારણ કે બાળકો આશ્રમશાળામાં ભણતા હોય ત્યારે આશ્રમશાળામાં વિવિધ પ્રકારના લોકો આશ્રમશાળા જોવા આવવા લાગ્યા, તેની સાથે બાળકો સંપર્કમાં આવવા લાગ્યા. વાતચીત કરવા લાગ્યા. બાહય સમાજ સાથેનો સંપર્ક વધવા લાગ્યો, તેથી તેમનામાં બાહય લોકો માટેનો ભય તેમજ પોતાનામાં રહેલી લઘુતાગ્રંથીઓ આપોઆપ દૂર થવા માંડી, અને બાળકો પોતાની જાતને બીજા જેવા જ માનવા લાગ્યા. તેમની સાથે ભળવા લાગ્યા, વાતચીત કરવા લાગ્યા. પરિણામે નિર્ભય બન્યા.

શોષણ વિમુક્તતા :

આદિવાસી સમાજનું નિરક્ષરતાને કારણે જે શોષણ થતું હતું તે દૂર થયું. જે બાળકો આશ્રમશાળામાં શિક્ષણ લઇ ગામમાં ગયા તો તેમણે કુટુંબના અને ગામના રોજબરોજના જીવનમાં રસ લેવા માંડયો. જે લોકો અભણ પ્રજાનું શોષણ કરતા હતા તેનો ખ્યાલ તેમને આવવા માંડયો. શોષણની પધ્ધતિઓ પણ સમજવા માંડયા અને તેમણે તેમના કુટુંબ અને ગામને આ પરિસ્થિતિમાંથી મુકત કરવાનો પ્રયત્ન શરૂ કર્યો, તેથી શોષણ કરનારા અટકી ગયા. આ અસર હજી જોઇએ તેટલા પ્રમાણમાં થઇ નથી. પરંતુ લોકોને પોતાની પરિસ્થિતિ સમજાવવા આ શિક્ષિત આદિવાસીઓએ ફાળો આપ્યો છે એમાં બેમત નથી.

ખેતી કરવાની પધ્ધતિમાં પરિવર્તન :

ખેતી કરવાની જે જૂની પરંપરાગત પધ્ધતિ આદિવાસીઓ અપનાવતા હતા તેમાં પરિવર્તન આવ્યું. આશ્રમશાળામાં પોતાના જાત અનુભવ અને શિક્ષણ દરમ્યાન થતા પ્રવાસ દરમ્યાન થતા પ્રવાસ વ્દારા તેણે અનુભવ્યું અને જોયું કે આધુનિક ખેત ઉત્પાદન પધ્ધતિથી ઉત્પાદનનો આંક ઉંચો રહે છે. તેથી પોતાના કુટુંબની ખેતીમાં અને ધીરે ધીરે બીજાઓની



ખેતીમાં આ પધ્ધતિઓ દાખલ કરાવી. ગામના અને આજુબાજુના બીજા લોકોએ આ જાણ્યું તેઓએ પણ તે અપનાવી. આમ આધુનિક ખેત પધ્ધતિએ આદિવાસીઓમાં પ્રવેશ મેળવવાનું શરૂ કર્યું છે. જો કે હજી આ દિશામાં જોઇએ તેટલો વિકાસ થયો નથી.

આમ આશ્રમશાળાઓએ શૈક્ષણિક પરિવર્તન સાથે સામાજિક, સાંસ્કૃતિક અને આર્થિક પરિવર્તન આપવામાં અગત્યનો ફાળો આપ્યો છે.

...

## પ્રકરણ - ૭

## આશ્રમશાળા : મુશ્કેલીઓ, ઉકેલો, ભવિષ્ય

આદિવાસીઓને અનુકૂળ આવે એવી શિક્ષણ વ્યવસ્થા ગોઠવવાનું કાર્ય સ્વૈચ્છિક સંસ્થાઓ અને આશ્રમશાળાઓ દ્વારા શરૂ કર્યું. આ આશ્રમશાળાઓના વિકાસમાં સ્વૈચ્છિક સંસ્થાઓનો ફાળો મહત્વનો છે. કાળક્રમે આશ્રમશાળાના સ્વરૂપમાં પરિવર્તનો આવતાં ગયાં છે. હાલમાં આશ્રમશાળાઓ સરકારી અનુદાન તથા અભ્યાસક્રમ પ્રમાણે છ ચાલે છે. તેમ છતાં ડાંગ સિવાયના ગુજરાતના બીજા જિલ્લાઓની આશ્રમશાળાની સંપૂર્ણ વહીવટી જવાબદારી તો સ્વૈચ્છિક સંસ્થાઓ પાસે જ રહી છે. આ વહીવટી જવાબદારીમાં આશ્રમશાળાની દેખરેખ અને સંચાલનનો સમાવેશ થાય છે. એ રીતે આશ્રમશાળાની સફળતાનો આધાર એને ચલાવનાર સ્વૈચ્છિક સંસ્થા પર છે. એટલા માટે જે સ્વૈચ્છિક સંસ્થાઓ આશ્રમશાળા ચલાવે છે તેમનો આશ્રમશાળા માટેનો દ્રષ્ટિકોણ શું છે અને તેમને આશ્રમશાળાના વિકાસ આડે કયા પ્રશ્નો નડે છે તે પણ આ અભ્યાસ માટે જાણવા જરૂરી છે. આશ્રમશાળા ચલાવતી સંસ્થાઓના દ્રષ્ટિકોણ જાણવા માટે એમ નીચેની સંસ્થાઓની મુલાકાત લીધી હતી :

(૧) અટાલી વિભાગ પ્રગતિ મંડળ, અટાલી

(૨) ભરૂચ જિલ્લા આદિવાસી સેવા સંઘ, રાજપીપળા

(૩) વડોદરા જિલ્લા પછાતવર્ગ સેવા મંડળ, વડોદરા

(૪) હળપતિ સેવા સંઘ, બારડોલી

(૫) ગ્રામ સેવા સમાજ, વાંસદા

(૬) વેડછી પ્રદેશ સેવા સમિતિ, વાલોડ

(૭) રાની પરજ સેવા સભા, વેડછી

(૮) ભીલ સેવા મંડળ, દાહોદ

ઉપરોક્ત સંસ્થાઓના પ્રમુખો, મંત્રીઓ અને તેમની સાથે કામોમાં સંકળાયેલા અન્ય કાર્યકરો સાથે આશ્રમશાળાઓના સંચાલન વિષે ચર્ચા કરી. આ ઉપરાંત સુરતમાં સમાજ કલ્યાણ ખાતા દ્વારા ચાલતા પછાતવર્ગ છાત્રાલયની મુલાકાત લીધી અને સરકારના સીધા સંચાલન વિષેનો ખ્યાલ મેળવ્યો.

આદિવાસી વિસ્તારમાં શિક્ષણનું પ્રમાણ ઘણું ઓછું છે. તદુપરાંત પ્રાથમિક શાળા દ્વારા શિક્ષણ આપવામાં આવે અને બાળકોને શિક્ષણ લેવામાં ઘણા વિક્ષેપો નડે છે. જેને લઇને આદિવાસી બાળકો શિક્ષણથી વંચિત રહી જાય છે. તેથી આદિવાસીઓને શિક્ષણ આપવા આશ્રમશાળા સ્થાપવી અને તે દ્વારા આદિવાસીઓને શિક્ષિત કરી સરકાર દ્વારા મળતી તમામ મદદ ત.મના સુધી પહોંચાડી તેમના પ્રશ્નોની લાગતા વળગતાઓ સાથે રજૂઆત કરી મધ્યસ્થી તરીકે કામ કરવાનું સ્વૈચ્છિક સંસ્થાઓએ સ્વીકાર્યું. આમ સમગ્ર રીતે જોતાં તેઓનો મુખ્ય હેતુ આદિવાસીઓ માટે વિકાસ કામ કરવાનો છે. એક સંસ્થાના મંત્રીએ ઉદાહરણ આપતાં જણાવ્યું કે ખૂબ જ ઊંડાણવાળા આદિવાસી વિસ્તારનું એક આખું ગામ લૂંટફાટનો ધંધો કરતું. તે ગામમાં આશ્રમશાળા ખોલવાનું વિચાર્યું. ગામ લોકોએ સહકારની ના પાડી પણ પ્રયત્નો ચાલુ રાખ્યા, અને છેવટે તે ગામમાં આશ્રમશાળા શરૂ થઇ. આ આશ્રમશાળાથી કેટલાંક બાળકો સાતમા અને એસ.એસ.સી. સુધી ભણ્યાં, પછી તો ગામના લોકો આ સંસ્થાને ઉધ્ધારક તરીકે માનવા લાગ્યા.

આ સિવાય આશ્રમશાળાના સંચાલનમાં કેટલીક વ્યક્તિઓ લાગણીથી અને કેટલીક સમજીને જોડાઇ છે. આદિવાસી સમાજ માટે કામ કરી તેમના વિકાસમાં ખૂટતી કડીઓ ઉમેરી તેઓના વિકાસમાં પરિવર્તન લાવવું જેથી કરીને હાલના વિકસતા સમાજ સાથે કદમ મિલાવી શકે. આ સંચાલકોને આશ્રમશાળા સ્થાપવામાં અને એના સંચાલનમાં કયા પ્રકારની મુશ્કેલીઓ પડે છે તે જોઇએ.



## જમીન સંપાદન :

આશ્રમશાળાની સ્થાપના કરતી વખતે જે તે ગામોની જમીન મેળવવાની તકલીફ પડે છે. કારણ કે આ વિસ્તારના લગભગ બધા ગામોને ફાજલ જમીન જંગલ ખાતાને હસ્તક હોય છે. તેઓ જમીન કોઇપણ હિસાબે આપવા તૈયાર હોતા નથી. આ ઉપરાંત વ્યક્તિગત માલિકીની જમીન વેચાણ લેવા માટે ખૂબ મોટી મૂડીની જરૂર પડે છે. જમીન ખરીદવા માટે સરકાર દ્વારા નક્કી કરેલ અનુદાનની રકમ દસ એકર માટે દસ હજાર રૂપિયા છે. એ ભાવે આજે જમીન મળવી અસંભવ છે.

## સરકારી અનાવર્તક અનુદાન :

આશ્રમશાળાઓ માટે વિવિધ મકાનો, કૂવા, તથા અન્ય બાંધકામના ખર્ચ પેટે આપવામાં આવતું અનાવર્તક અનુદાન ઘણું ઓછું હોય છે. તેટલા અનુદાનથી નક્કી કર્યા પ્રમાણે મકાન તેમજ કૂવા બની શકતા નથી. સરકાર એક યુનિટ માટે અડતાલીસ હજાર નક્કી કરેલા છે. પણ નક્કી કરેલા બાંધકામ માટે ચાલુ સંજોગોમાં ઓછામાં ઓછા એક લાખ રૂપિયાની જરૂર પડે. કારણ કે આદિવાસી વિસ્તારમાં યોગ્ય રસ્તાના અભાવે માલસામાન ફેરવવાનો ખર્ચ ખૂબ જ વધી જાય છે. ઉપરાંત દિવસે દિવસે બાંધકમના અને માલસામાનના ભાવો પણ ખૂબ વધતા જાય છે. પાણીની સવલત ન હોવાથી તેને લાવવાનો ખર્ચ પણ લાગે છે. આમ સામાન્ય વિસ્તાર કરતાં આદિવાસી વિસ્તારમાં બાંધકામ ખૂબ જ મોંઘું થાય છે. હવે આશ્રમશાળાને આ બાંધકામ માટે જે તે વિસ્તારના ઇજનેરના એસ્ટીમેન્ટ મુજબ નેવું ટકા નાણાં સરકાર આપવા વિચારે છે. પરંતુ આશ્રમશાળાઓ માટે બાકીનાં દસ ટકા નાણાં કયાંથી લાવવાં તે પ્રશ્ન થઇ પડે છે. કારણ કે આશ્રમશાળા જે વિસ્તારમાં છે તે વિસ્તારના લોકોની સ્થિતિ દાન આપવા જેવી હોતી નથી. બહારના લોકો પોતાના વિસ્તાર માટે પૈસા આપવા તૈયારી બતાવે પરંતુ આદિવાસી વિસ્તાર માટે પૈસા આપવા તૈયાર થતા નથી. પૂરતું અનુદાન ન મળે તો પૂરતી સગવડો પણ આપી શકાતી નથી. દા.ત. છાત્રાલયમાં બાળકો માટે કબાટ, ઢાળિયું, મેજ જેવું કંઇક આપી શકાતું

નથી. એજ રીતે રસોડાં પણ પૂરતી સગવડવાળાં કરી શકાતાં નથી. આ ઉપરાંત મકાન બાંધકામ પછી તેના રીપેરીંગ માટે, રંગકામ વગેરે માટે તેમજ મકાનની જાળવણી માટે પણ કોઇ પ્રબંધ હોતો નથી.

કર્મચારી ગણ :

આશ્રમશાળાનું કામ કરી શકે એવા સેવાભાવી નિષ્ઠવાન સેવકો મળતા નથી. તદુપરાંત આશ્રમશાળાનું કામ કરી શકે તે રીતે તૈયાર થયેલા શિક્ષકો મેળવવાની મુશ્કેલી છે. જે શિક્ષકો આશ્રમશાળામાં કામ માટે આવે છે તેમાંના કેટલાક તો જિલ્લા પંચાયતમાં નોકરી મળે કે તરત જ ચાલ્યા જાય છે. એટલે શિક્ષકોની વારંવાર ફેરબદલી થતી રહે છે. આ માટેનાં કારણો જાણવા મળ્યાં તે મુજબ આશ્રમશાળામાં ચોવીસ કલાકની જવાબદારીભરી નોકરી, કામનું વધારે દબાણ, વતનથી દૂર રહેવાનું, નોકરીની અસલામતી, પ્રોવિડંડ ફંડ જેવા લાભોથી વંચિત રહેવાનું વગેરે છે. આમ સ્થાયી અને સતત શિક્ષકોના અભાવે આશ્રમશાળાનું કામ બગડે છે. તેમાં નિયમિતતા આવતી નથી. પરિણામે બાળકોના અભ્યાસ ઉપર માઠી અસર થાય છે.

આશ્રમશાળાના આચાર્યને માથે વહીવટી જવાબદારી વિશેષ રહેતી હોય છે. તેણે વારંવાર બહાર જવું પડે છે. તેથી શિક્ષણ અને શાળાની દેખભાળ બરોબર કરી શકતા નથી.

કેટલીક આશ્રમશાળાના સંચાલકોનું કહેવું છે કે પતિ-પત્ની બંને સાથે શિક્ષક તરીકે કામ કરતા હોય તો શાળાનું કામ વ્યવસ્થિત અને નિયમિત થતું નથી. અને જો સ્ટાફમાં આચાર્ય અને તેનાં પત્ની હોય તો તેમના કામનો બોજો બીજા શિક્ષકો પર પડે છે અને તે શિક્ષકો પણ પોતાનું કામ બરોબર કરી શકતા નથી. આ દલીલમાં વ્યાજબીપણું લાગતું નથી. ખરેખર તો પતિ-પત્ની બંને આશ્રમશાળાના શિક્ષક તરીકે હોય તો એક ફાયદો એ છે કે તેઓ આશ્રમશાળામાં સ્થાયી જીવન જીવવાનું આસાનીથી સ્વીકારી શકે છે. પતિ-પત્નીને જુદાં પાડવાથી તેમનું કૌટુંબિક તેમજ સામાજિક જીવન કથળે છે અને એની ગ્લાની તેમને સતત રહયા



કરે છે. પરિણામે તેઓ તેમની જવાબદારી અદા કરવામાં ઊણા ઉતરે છે. શિક્ષક પાસે કામ લેતાં પહેલાં એ માણસ ન મટી જાય તેની દરકાર તો ખાસ લેવાવી જોઇએ.

વાર્ષિક નિરીક્ષણ :

આશ્રમશાળાઓનું વાર્ષિક નિરીક્ષણ નિયમિતપણે થતું હતું ત્યારે સંચાલકો અનુદાનમાં કાપ આવશે કે અનુદાન બંધ થશે એ ભયે આશ્રમશાળાઓ કંઇક અંશે વ્યવસ્થિત ચલાવતા હતા. પરંતુ હવે આ પ્રકારની બીક જતી રહી છે. કારણ કે બબ્બે વર્ષ ચાલ્યાં જાય તો પણ કોઇ નિરીક્ષણ કરવા આવતું નથી. જેની અસર આશ્રમશાળાના સંચાલન પર થયેલી જણાય છે. આથી જ નિરીક્ષણ નિયમિત થવું જોઇએ, એમ કહયું છે.

સ્વૈચ્છિક સંચાલન :

મુલાકાત દરમ્યાન અમને એ જાણવા મળ્યું કે આશ્રમશાળાનું સંચાલન સ્વૈચ્છિક રીતે થાય એ જરૂરી છે. કારણ એ છે કે ડાંગમાં સરકાર વ્દારા આશ્રમશાળાઓ ચાલે છે તો તેમાં યોગ્ય વહીવટ થતો નથી અને જે રીતે આશ્રમશાળાઓ ચલાવવી જોઇએ તે રીતે ચાલતી નથી. જેમ બીજી સરકારી સંસ્થાઓ સરકારી રાહે ચાલે તેમજ આશ્રમશાળાઓ પણ ચાલે છે. શાળા ચલાવવાની જવાબદારી કે ગંભીરતા સંચાલકોમાં રહેતી નથી. દા.ત. આશ્રમશાળાને અનુદાન જો સમયસર ન મળે તો બાળકોના નિભાવનો પ્રશ્ન ઉપસ્થિત થાય છે. સરકારી આચાર્ય આ પ્રશ્ન ઉકેલવામાં બેફિકર રહી શકે છે. જયારે સ્વૈચ્છિક સંસ્થા તેની પૂરતી વ્યવસ્થા કરી બાળકો માટે મુશ્કેલી ઊભી થવા દેતી નથી. આમ છતાં સ્વૈચ્છિક રીતે ચાલતા સંચાલનમાં એક ત્રુટી જોવા મળી છે કે સંસ્થાના પ્રમુખ, મંત્રી કે સભ્ય સ્થળ ઉપર ઉપલબ્ધ ન હોવાથી તેઓ સ્થાનિક પરિસ્થિતિથી અપરિચિત રહે છે અને તેથી જરૂરી અને ઉપયોગી નિર્ણયો ત્વરિત લઇ શકાતા નથી.

**સંચાલનમાં આશ્રમશાળાની સંખ્યા-મર્યાદા :**

સંચાલનમાં આશ્રમશાળાની સંખ્યા-મર્યાદા નો પ્રશ્ન પણ મહત્વનો છે. કોઇપણ સંસ્થા પાસે કેટલી આશ્રમશાળાનું સંચાલન હોવું જોઇએ તે પ્રશ્ન પણ મહત્વનો છે. અમને અમારા અભ્યાસ દરમ્યાન જાણવા મળ્યું કે વધુ આશ્રમશાળાઓ ચલાવનાર સંસ્થા દરેક આશ્રમશાળાની પૂરતી દેખરેખ, કાળજી રાખી શકતી નથી. વળી એક જ આશ્રમશાળા ચલાવવામાં પણ મુશ્કેલી છે. એક આશ્રમશાળા ચલાવવા માટે વહીવટીખર્ચ પૂરતું મળતું નથી. જેથી દેખરેખ માટે ખાસ વ્યક્તિ રાખી શકાતી નથી. આમ વધુ આશ્રમશાળા ચલાવતી સંસ્થા તથા એક જ આશ્રમશાળા ચલાવતી સંસ્થા આશ્રમશાળાને ન્યાયી રીતે ચલાવી શકતી નથી. આથી દરેક સંસ્થા પાસે ઓછામાં ઓછા બે અને વધુમાં વધુ ચાર આશ્રમશાળાનો વહીવટ હોવો જોઇએ એમ લાગે છે.

**વિદ્યાર્થીઓનો પ્રવેશ :**

કેટલાક વિસ્તારોમાં આશ્રમશાળાઓમાં બાળકોને દાખલ કરવા માટે ધારાધોરણ બનાવવાની જરૂર છે. કારણ કે હાલમાં એવી માન્યતા છે કે હાલમાં આશ્રમશાળાનો લાભ સુખી સમૃદ્ધ આદિવાસી અને નોકરિયાત વર્ગ લે છે. આ છાપ દૂર કરવા જે લોકો પૈસા ખર્ચીને બાળકોને ભણાવી શકે તેઓને મફત શિક્ષણની સગવડ આપવી ન જોઇએ. બાળકોને પ્રવેશ આપવા અંગે વાલીની આવક ધ્યાનમાં લેવી જોઇએ. ૫૦૦૦ રૂપિયાથી વધુ વાર્ષિક આવક ધરાવતા વાલીઓનાં બાળકોને આશ્રમશાળામાં દાખલ કરવા ન જોઇએ. જેથી જે ખરેખર આર્થિક રીતે પછાત છે તેઓને આશ્રમશાળાનો લાભ મળી શકે.

**સંસ્થા અને રાજકારણ :**

સંસ્થાની મુલાકાત વખતે અમને જોવા અને જાણવા મળ્યું કે કોઇ કોઇ સંસ્થાના કોઇ કાર્યકર્તા અથવા તેમના કોઇ લાગતાવળગતા વિધાનસભાની ચૂંટણી લડી રહ્યા હતા. જે સંસ્થામાંથી ઉમેદવાર ઊભા રહ્યા હોય એવી કોઇ કોઇ સંસ્થાના શિક્ષકોનો પ્રચાર માટે ઉપયોગ થતો હતો. સંસ્થાના કાર્યકરોને રાજકારણમાં રસ છે તેથી આવું બને છે એવું નથી, પરંતુ એવું પણ જાણવા



મળ્યું કે જે સંસ્થા કોઇપણ પક્ષ સાથે સીધી કે આડકતરી જોડાયેલી હોય અને તે પક્ષ સત્તાસ્થાને ન હોય ત્યારે સત્તાસ્થાને હોય તે પક્ષ સંસ્થા દ્વારા ચાલતી પ્રવૃત્તિઓમાં સતત વિક્ષેપ નાખે છે. તપાસો ઊભી કરે છે. જેને પરિણામે આશ્રમશાળાઓનું કામ ડહોળાતું હોય છે. તેથી ક્યાંક રાજનીતિમાં સંડોવાવું પડતું હશે. જે પક્ષ સત્તાસ્થાને હોય તે પક્ષ સત્તા પર હોય તે પક્ષ સાથે સંબંધ ધરાવતી સંસ્થાઓને-ભલે તે આશ્રમશાળા ચલાવવામાં યોગ્ય ન હોય તો પણ- નવી આશ્રમશાળા ખોલવાની મંજૂરી મળતી હોય છે. આમ સંસ્થાઓ રાજકારણથી અલિપ્ત થાય તો વહીવટ સારો ચાલી શકે અને જે પક્ષ સત્તારૂઢ હોય તે પક્ષે પણ રચનાત્મક પ્રવૃત્તિ- શિક્ષણ-માં રાજકારણને દૂર રાખી કામ કરવું જોઇએ. નવી આશ્રમશાળા ખોલવાની જરૂર હોય ત્યાં જ સ્થાપવી જોઇએ અને લબ્ધપ્રતિષ્ઠિત સંસ્થાને આમંત્રણ આપી તેને તે સોંપવી જોઇએ.

બીજું કે રાજકારણનો ભય કે રોગ આશ્રમશાળાને જ લાગુ પડે છે એવું નથી. દિનશાળા કે પ્રાથમિક શાળાઓમાં પણ આ ભય જોવા મળે જ છે. પંચાયતીરાજમાં શિક્ષણ સંસ્થાઓમાં રાજકારણ વ્યાપક બનેલું જોવા મળે છે. ત્યાં શિક્ષણનું સરકારીકરણ જ થયેલું લાગે છે, અને તેથી સરકારી ધોરણે પક્ષીય સરકારો તેનો લાભ ઉઠાવતી જ રહી છે. સત્તા આગળ શાણપણ નકામું છે એ ન્યાયે આવી સંસ્થાઓમાં પણ શિક્ષકો પૂરતું સ્વાતંત્ર્ય મેળવી શકતા નથી. આશ્રમશાળાને લાગેવળગે છે ત્યાં સુધી એનું સંચાલન સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા થતું રહે તો કંઇક અંશે સત્તાકારણથી દૂર રહી શિક્ષણમાં મૌલિકતાને સ્થાન આપી શકશે.

**આશ્રમશાળાની પ્રવૃત્તિની મર્યાદા :**

આશ્રમશાળાની તમામ પ્રવૃત્તિઓનું સંકલન નક્કી થવું જોઇએ, મનસ્વીપણે પ્રવૃત્તિઓ ચલાવી ન શકાય તેમજ એક જ પ્રવૃત્તિ તરફ વધુ ઝોક ન અપાય તેની કાળજી લેવાવી જોઇએ. સંચાલકો ખેતીની ઉપજ વધારવા માટે માત્ર ખેતીની પ્રવૃત્તિને જ પ્રાધાન્ય આપ્યા કરે એવું ન બનવું જોઇએ. ઉદ્યોગ અને શિક્ષણ સુંદર રીતે સંકળાયેલાં રાખીને પ્રવૃત્તિ ચાલવી જોઇએ.

આશ્રમશાળાના ઉદ્દેશોને બર લાવે તેવી તમામ પ્રવૃત્તિઓને પ્રમાણસર ન્યાય મળવો જોઇએ.

હિતજૂથો અને રાજકીય નેતાગીરીનું ઉદ્ગમસ્થાન :
--------------------------------

સંસ્થાના સંચાલકો આશ્રમશાળાઓ મારફતે આશ્રમી કેળવણીની સાથે, પોતાને વફાદાર એવી નેતાગીરી ઊભી કરી આદિવાસી વસ્તી ઉપર વર્ચસ્વ જમાવવાનું ઇચ્છે છે એવો ભય સેવવામાં આવતો હોય છે. વળી એમ પણ કહેવાય છે કે સંચાલકો ચોક્કસ પ્રકારના સ્થાપિત હિતો ઊભાં કરવાનો ઇરાદો ધરાવતા હોય છે. જો કે આશ્રમશાળાઓ મારફતે આશ્રમી કેળવણી વિકસાવવા પાછળનો એક જ આશય યોગ્ય પ્રકારનું નેતૃત્વ ઊભું કરવાનો તો રહ્યો જ છે. પણ એ નેતૃત્વ કોઇ ઉપર વર્ચસ્વ જમાવવા માટે નહીં પણ આશ્રમશાળાના સંચાલનમાં તેમજ આશ્રમ કેળવણીના અને આદિવાસી વિકાસમાં મદદરૂપ બની શકે એટલા પૂરતું જ છે. નર્યા રાજકીય નેતૃત્વના અર્થમાં નહીં પરંતુ આશ્રમી કેળવણીનું મહત્વ અને વ્યાપ વધારવાની દ્રષ્ટિએ આ આશય ફળીભૂત થયાનું જોવા મળે છે. આવું પરિણામ શિક્ષણ આપતી કોઇ પણ આશ્રમી કે બિનઆશ્રમી વ્યવસ્થામાં સાંપડી શકે એટલે આશ્રમશાળાના ગુણદોષ તરીકે એને મૂલવવાનું યોગ્ય નથી.

નવા વર્ગનો પ્રાદુર્ભાવ :
--------------------

આશ્રમશાળાઓ આદિવાસીઓમાં એક નવો વર્ગ ઊભો કરે છે એવું દોષારોપણ પણ થાય છે. પરંતુ એને ઝાઝું સમર્થન આપી ન શકાય. શિક્ષણ જેમ જેમ વધતું જાય તેમ તેમ સમાજમાં શિક્ષિત અને અશિક્ષિત વચ્ચેના ભેદો સ્પષ્ટ થતા જ રહેવાના. એટલે આશ્રમશાળાઓને લીધે જ આમ થાય છે એવું નથી. ગમે તે વ્યવસ્થા દ્વારા શિક્ષણ અપાય તો પણ આ શક્યતા રહેલી જ છે. અત્યારે મર્યાદિત વ્યવસ્થાને લીધે આવો ભેદ દેખાઇ આવે છે. જેમ જેમ આશ્રમશાળાઓનો વ્યાપ વધતો જશે, શિક્ષણ વધતું જશે તેમ તેમ આવો ભેદ ઓગળતો જશે. બીનઆદિવાસી સમાજમાં કે કહેવાતી પ્રતિષ્ઠિતયશ સંસ્થાઓમાં કેળવણી લેનાર વર્ગ તરફ આંગળી પણ ન ઉઠાવનારને આદિવાસીઓમાં આવું થાય છે એ કેમ ખૂંચતું હશે ?



સમસ્યાના સૂચિત ઉકેલો :
--------------------

આશ્રમશાળાના સંચાલનની સમસ્યાઓ જોઇ તેના સંભવિત ઉકેલો વિચારીએ :

(૧) ખેતીની જમીન માટે અપૂરતા અનુદાનનો પ્રબંધ છે. ૧૦ એકર જમીન ખરીદી માટે દસ હજાની જોગવાઇ અપૂરતી છે. અત્યારે દસ એકર જમીનની કિંમત ગુજરાતમાં લગભગ બધા જ જિલ્લાઓમાં ઓછામાં ઓછી એક લાખ રૂપિયા થવા જાય છે. એટલે એ પ્રમાણે જમીન ખરીદી માટે અનુદાનનો પ્રબંધ થવો જોઇએ. કેટલીક વગવાળી સ્વૈચ્છિક સંસ્થાઓ તેમજ દાતા વ્યક્તિઓ એવી છે કે જેને આશ્રમશાળાની ઉપયોગિતા અને મહત્વ સમજાવવામાં આવે તો આશ્રમશાળાની સ્થાયી મિલકત અને તેના નિભાવખર્ચ ઉપડી શકે. આ માટે શક્ય પ્રયત્નો થવા જોઇએ.

(૨) બાળકો અને શિક્ષકોના નિવાસસ્થાન માટે તેમજ ખેતીનાં સાધનો માટે નાણાંની પૂરતી જોગવાઇ જરૂરિયાતના પ્રમાણમાં સંતોષવી જોઇએ.

(૩) કેળવણી ઉદ્યોગલક્ષી જણાતી નથી એવી જ ફરિયાદ છે તેને ધ્યાનમાં લઇ તેમજ કેળવણીને સ્વાવલંબી બનાવવાનો આશય સફળ થાય એ માટે ઉદ્યોગોને પ્રાધાન્ય આપવું જોઇએ. જો ખેતી મુખ્ય ઉદ્યોગ હોય તો જમીનના પ્રમાણમાં ઉત્પાદન થવું જોઇએ એટલું જ નહીં સાથે બીજા ઉદ્યોગો જેવા કે સુથારી, દરજીકામ વગેરે પણ વિકસાવવા જોઇએ.

(૪) શિક્ષકો અને બાળકો પોતે પોતાનાં કપડાં જેટલું ઉત્પાદન કરી શકે તેટલા પ્રમાણમાં કાંતણ અને વણાટને સ્થાન આપવું. આશ્રમશાળાના વિદ્યાર્થીઓની કક્ષા પ્રમાણે કામ નક્કી કરવું જોઇએ.

(૫) આશ્રમશાળા ચલાવતી સંસ્થાઓને તેની શક્તિમર્યાદાઓને ખ્યાલમાં રાખીને અમુક નિશ્ચિત સંખ્યાની આશ્રમશાળાઓનું સંચાલન અપાવું જોઇએ. જેથી સંચાલન સંસ્થા આશ્રમશાળાના વહીવટ તરફ પૂરતું ધ્યાન આપી શકે. આ માટે વધુમાં વધુ આઠ અને ઓછામાં ઓછી બે આશ્રમશાળાની મર્યાદા મૂકી શકાય.

(૬) સંસ્થાના વૈતનિક સંચાલકો રાજકારણથી અલિપ્ત રહે એ અત્યંત જરૂરી છે. આશ્રમશાળાના શિક્ષકો અને કર્મચારીઓનો રાજકીય આશયથી ઉપયોગ ન થાય એ જોવાનું જોઇએ.

(૭) આચાર્યને શિરે વહીવટી જવાબદારી વધુ રહેતી હોવાથી શાળાના સંચાલનમાં અને શિક્ષણમાં પૂરતું ધ્યાન આપી શકતા નથી. તેથી વહીવટી જવાબદારી અદા કરે એવી કોઇ અલગ વ્યક્તિની નિમણૂક કરવી જોઇએ.

(૮) શિક્ષકોની નિમણૂક વખતે માત્ર અભ્યાસ નહીં પરંતુ આશ્રમી કેળવણી પ્રત્યેની તેમની નિષ્ઠા અને અભિરૂચિને પણ ધ્યાનમાં લેવી જોઇએ.

(૯) શિક્ષકોની નિષ્ઠા વધે અને સ્થિરતા જળવાય એ માટે શિક્ષકોનો          શિક્ષણ સમિતિમાં થયો છે એટલે સલામતી છે.          કપાય છે. પગારધોરણ પણ પ્રાથમિક શિક્ષકોના ધોરણ જેવું છે. હવે એમણે વધુ નિષ્ઠાપૂર્વક કામ કરવું જોઇએ. કેટલાંક કામો જે ચીવટપણે અને ચોકસાઇથી કરવાનાં છે તેમાંનાં થોડાં આ ગણાવી શકાય :

અ. આશ્રમશાળામાં અપવ્યય અને સ્થગિતતા બિલકુલ ન રહે.

બ. રસોડું, સ્નાનઘર અને સંડાસ ખૂબ સ્વચ્છ રહે, જેવું ગાંધીજી વારંવાર ઇચ્છતા હતા.

ક. આશ્રમશાળાનાં બાળકોએ અભ્યાસ છોડયા પછી શું કરવું જોઇએ તેનું માર્ગદર્શન પણ સ્ટાફે આપતા રહેવું જોઇએ.

ડ. જે વિષયમાં બાળકો સામાન્ય રીતે નબળાં હોય છે અથવા જેની ભવિષ્યમાં વધુ જરૂર પડવાની છે (દા.ત. ગણિત, અંગ્રેજી, ભાષા) તેને વધુ અને ખંતપૂર્વક ભણાવવી.



(૧૦) આશ્રમશાળાની પ્રવૃત્તિ આજુબાજુના ગામડાથી અલિપ્ત ન જ રહેવી જોઇએ. આજુબાજુના લોકો પણ આશ્રમશાળા સાથે સહકાર અને સદભાવ ધરાવે એ બનવું જોઇએ. આ માટે આશ્રમશાળાને એક સમાજલક્ષી શાળા (કોમ્યુનીટી સ્કૂલ) બનાવવી જોઇએ. અને એને સમાજના સર્વાંગી વિકાસ કેન્દ્ર તરીકે વિકસાવવી જોઇએ. જેથી એની અસર આજુબાજુ પડી શકે. સાથે સાથે આસપાસની ચાર પાંચ પ્રાથમિક શાળાઓની માર્ગદર્શક શાળા તરીકે પણ એને વિકસાવવી જોઇએ.

(૧૧) આશ્રમશાળા લોકોની છે એવી લાગણી લોકોમાં દૃઢ થતી રહેવી જોઇએ. એ માટે આસપાસના લોકોને આશ્રમશાળાના સંચાલનમાં સહભાગી બનાવવા જોઇએ.

(૧૨) પાંચ પ્રાથમિક શાળાઓની વચમાં એક છાત્રાલયની વ્યવસ્થા કરવી જોઇએ. જેથી પ્રાથમિક શાળાઓમાંના અપવ્યય અને સ્થગિતતા ઓછાં થાય.

REFERENCES


1. Apte, J.S. "Taiwada Ashram School - an experiment in Tribal Education", Vanyajati, Bhartiya Adimjati Sevak Sangh, Delhi, 1960 Vol.VIII No.3 (April 1960 pp.81-82)

2. Bapat, N.V. "Tribal Education-a problem" Vanyajati, Bhartiya Adimjati Sevak Sangh, Delhi, 1961 Vol.IX No.1 (Jan 1961) pp. 37-39.

3. Bapat, N.V. "A Few thoughts on Tribal Education" Vanyajati, Bhartiya Adimjati Sevak Sangh, Delhi, 1964. Vol.XII No.4 (Oct.1964) pp.190-194.

4. Biswas, P.C. "Tribal Education, Report of the symposium on problems of Education of the Tribal People of India" (cyclostyled), Tribal Education Unit, Department of Adult Education, National Council of Education Research and Training, Delhi, 1960.

5. Das, G.N. "Some Aspects of Tribal Education", Adibasi, Tribal Research Bureau, Bhuvaneshwar, 1963-64. No.2 pp.21-24.

6. Das, Nityananda "Reorientation of Ashram School Education" Adibasi, Tribal Research Bureau, Bhuveneshwar, 1963-64, No.1, pp.14-20.

7. Das, Gupta "Problem of Tribal Education and the Santals" Visva-Bharti Uni., Santiniketan.

8. Dave, P.C. "Report on Ashram Schools, Sevashrams and Training Centres in Orrissa State" Vanyajati, Bhartiya Adimjati Sevak Sangh, Delhi, Vol.II No.3 (July 1954) pp.99-103.

9. Dave, P.C. "Ashram Schools in Bombay State", Vanyajati, Bhartiya Adimjati Sevak Sangh, Delhi, Vol. V, No.2 (April 1957) pp.94-100.





10. Heavy Engineering Corporation Limited (Ranchi, Deputy Chief Engineer Design), "Problem of Tribal Education and other" National Problems of Education (Record of Evidence before the Education Commission on the 8th Nov. 1965).

11. Koppikar, G.K. Problems of Education of the Tribal People of India. Tribal Education Unit (Department of Adult Education) N.C.E.R.T., Ministry of Education, Govt. of India, 1956.

12. Modak, Tarabai. The Meadaw School, The Manager, Government of India Press, Delhi, 1962.

13. Mukherjee, P.K. "The aim of Tribal Education" Vanyajati, Bhartiya Adimjati Sevak Sangh, Delhi, Vol. IX No.1 (Jan.1961) PP. 26-28.

14. Mustaali, Masavi "Wastage and Stagnation in Primary Education in Tribal Areas" Tribal Research Institute, Ahmedabad, 1974.

15. N.C.E.R.T., "Tribal Education in India" (Report of the National Seminar on Tribal Education in India) Tribal Education Unit (Department of Adult Education).

17. N.C.E.R.T. Second All India Educational Survey.

18. N.C.E.R.T. Problems of Education of the Tribal People of the India - Publication No.17. (Report of the symposium on Problem of Education of the Tribal People of India held at Delhi, Tribal Education Unit, Department of Adult Education).

19. N.C.E.R.T. Tribal Ashrams and their Evaluation - Seminar on Primary and work oriented Education.

20. N.C.E.R.T. "Problems of Primary, Secondary and Vocational Education of the Tribes." (Report of the Seminar held at Tribal Education Unit, New Delhi, March 1972.)

21. Naik, T.B. 'Impact of Education on the Bhils. (Culture Change in the Tribal Life of Madhya Pradesh).

22. Nawal, Kishor Ambashat A critical study of Tribal Education. Tribal Education Unit, New Delhi.

23. Pratap, D.R."Study of Ashram Schools in Tribal Areas of Andhra Pradesh". Tribal Cultural Research and Training Institute, Tribal Welfare Department, Govt. of Andhra Pradesh, 1971.

24. Pat Naik, N. An apraisal of Ashram School Education, Report of the 4th Conference for Tribal and Tribal (Scheduled) Areas, Bhartiya Adimjati Sevak Sangh, Delhi, 1957, p.200.

25. Ras. Bihari Lal "Wastage and Stagnation in Primary Education Among the Tribal", Tribal Research Institute, Ahmedabad, 1968.

26. Roy Burman, B.K. "Relative roles of Government and Voluntary Agencies in Education of Tribal People" Report of the National Seminar on Tribal Education India - Tribal Education Unit, Department of Adult Education (NCERT) pp.121-132.

27. Dr.Siddharaj Solanki "Problems of College Going Tribal Students", Tribal Research Institute, Ahmedabad, 1969.

28. Shah, P.G. "Dangs - A Paradise for Tribal Uplift" Vanyajati, Bhartiya Adimjati Sevak Sangh, Delhi, Vol.I, No.1, (Jan. 1953) p.18.

29. Shah, Vimal "Tribal Education in Gujarat", Vanyajati, Bharatiya Adimjati Sevak Sangh, Delhi, 1966. Vol.XIV, No.3 (July 1966) pp.109-112.

30. Shaw, B.N. "Success of Ashram School", Adibasi, Tribal Research Bureau, Bhubneswar, Vol.VII No.2, 1959, pp.31, 32.



31. Shaw, B.N. "Vocational Education in the Ashram School", Adibasi, Tribal Research Bureau. Bhuveneswar, 1959, Vol.III. No.3, pp.31-34.

32. Tribal Research Institute, Poona., Report on Wastage and Stagnation in Primary and Secondary Education of the Scheduled Tribes in the Scheduled Area of the Nasik District, Directorate of Social Welfare, Maharashtra, 1970.

33. Vanyajati, "Ashram Schools" Vanyajati, Vharatiya Adimjati Sevak Sangh, Delhi, Vol.VI. No.3 (July 1958) pp.93-95.

34. Vyas, Ambalal "Ten Years Progress of Ashram Education in Orissa", Vanyajati, Bharatiya Adimjati Sevak Sangh, Delhi, Vol.VI, No.4, (Oct.1958) pp.158-160.

35. Vyas, Ambalal "The test of a Good Ashram School", Adibasi, Tribal Research Bureau, Bhuvneswar, 1958-59, Vol.III, No.1, pp. 22-44.

૩૬. અમલીયારા, વસંતકુમાર તાજસિંહભાઇ 'આમકુંજ આશ્રમશાળા રણધીકરપુરનો ઉદ્ભવ અને વિકાસ' તપાસ નિબંધ નં.૧૫૨૯, મ.દસ. સમાજસેવા મહાવિદ્યાલય, ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ-૧૪

૩૭. ગામીત, બાબુભાઇ ખાલપાભાઇ 'ગ્રામભારતી સંસ્થાનો ઉદ્ભવ અને વિકાસ' તપાસ નિબંધ નં.૮૭૮, મ.દે.સમાજસેવા મહાવિદ્યાલય, ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ-૧૪

૩૮. ચૌધરી, તુલસીભાઇ કોસીઆભાઇ, 'માંડવી તાલુકાના ચૌધરીઓના સવાંગી વિકાસમાં માધ્યમિક અને ઉત્તર બુનિયાદી શિક્ષણનો ફાળો' તપાસ નિબંધ નં.૧૨૫૬, મ.દે. સમાજસેવા મહાવિદ્યાલય, ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ-૧૪

૩૯. ચૌધરી, મંગુબેન બેચરભાઇ 'સર્વોદય આશ્રમ સણાલી સંસ્થાનો ઉદ્ભવ અને વિકાસ' તપાસ નિબંધ નં.૧૨૨૧, મ.દે.સમાજસેવા મહાવિદ્યાલય, ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ-૧૪

૪૦. ચૌધરી, મંજીકુમાર પરષોત્તમભાઇ, 'મઢી આશ્રમનો ઉદ્ભવ અને તેની શિક્ષણ ક્ષેત્રે થયેલી અસરો' તપાસ નિબંધ નં.૮૮૧, મ.દે.સમાજસેવા મહાવિદ્યાલય, ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ-૧૪

૪૧. ચૌધરી, રામીબહેન નાથાભાઇ, 'અંબાચ ઉત્તર બુનિયાદી આશ્રમનો ઉદ્ભવ અને વિકાસ' તપાસ નિબંધ નં.૧૩૩૨, મ.દે.સમાજસેવા મહાવિદ્યાલય, ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ-૧૪

૪૨. ચૌહાણ, મંજુલાબહેન કુંવરજી, 'ગ્રામ ભારતી અગાસી (ઉ.બુ.)નો ઉદ્ભવ અને વિકાસ
તપાસ નિબંધ નં. ૧૨૨૩, મ.દે.સમાજસેવા મહાવિદ્યાલય, ગુજરાત વિદ્યાપીઠ,
અમદાવાદ-૧૪

૪૩. જોષી, નટુભાઇ જે., ગુજરાત રાજ્યમાં આવેલા ઉ.બુ. વિદ્યાલયમાં ચાલતા ઉદ્યોગ શિક્ષણનાં
આર્થિક પાસાઓનો અભ્યાસ,' તપાસ નિબંધ નં. ૧૮૧, મ.દે.સમાજસેવા મહાવિદ્યાલય,
ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ-૧૪

૪૪. જોષી, વિદ્યુત અ., 'આશ્રમશાળાઓ એક અધ્યયન', ગુજરાત સામાજિક સેવા મંડળ ૧૯૮૦

૪૫. જોષી હસાબહેન પ્રભાશંકર, 'ગાંધી આશ્રમ ઝીલયાનો ઉદ્ભવ અને વિકાસ' તપાસ નિબંધ
નં. ૧૩૪૩, મ.દે.સમાજસેવા મહાવિદ્યાલય, ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ-૧૪

૪૬. નાયક, ઉષાબહેન ધી. ડાંગની શિક્ષણ પ્રવૃત્તિમાં આશ્રમનો ફાળો, તપાસ નિબંધ નં. ૩૪૦,
મ.દે.સમાજસેવા મહાવિદ્યાલય, ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ-૧૪

૪૭. પટેલ, કુસુમબહેન ગોપાળજીભાઇ, આછવણી આશ્રમશાળાનો ઉદ્ભવ અને વિકાસ, તપાસ
નિબંધ નં. ૧૨૦૩, મ.દે.સમાજસેવા મહાવિદ્યાલય, ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ-૧૪

૪૮. પાઠક, રામનારાયણ ના.
દેસાઇ શાંતિભાઇ મ. ગુજરાતની રચનાત્મક સંસ્થાઓ, નવજીવન પ્રકાશન

૪૯. બાઢીવાલા, લાલુભાઇ જીવરાજભાઇ, ઉત્તર બુનિયાદી આંતરિયા સંસ્થાની શૈક્ષણિક તપાસ
તપાસ નિબંધ નં. ૧૨૯૭, મ.દે.સમાજસેવા મહાવિદ્યાલય, ગુજરાત વિદ્યાપીઠ,
અમદાવાદ-૧૪

૫૦. ક્ષમા જયંતકુમાર, દેવહાટની આશ્રમશાળામાં તથા પ્રાથમિક શિક્ષણ ક્ષેત્રે થતો અપવ્યય અને
સ્થગિતતા- તપાસ નિબંધ ૨૧૮ અનુ. મ.દે.સમાજસેવા મહાવિદ્યાલય, ગુજરાત વિદ્યાપીઠ

૫૧. મેણાત, વાલજીભાઇ સુરજીભાઇ, વિનોબા આશ્રમશાળા વડથલની શિક્ષણની પ્રવૃત્તિ- તપાસ
નિબંધ ૧૧૮૦ મ.દે.સમાજસેવા મહાવિદ્યાલય, ગુજરાત વિદ્યાપીઠ

૫૨. રાઠોડ, રમીલાબહેન દયાળજીભાઇ, ઉત્તર બુનિયાદી અમલસાડીનો ઉદ્ભવ અને વિકાસ-
તપાસ નિબંધ નં. ૧૨૨૭ મ., મ.દે.સમાજસેવા મહાવિદ્યાલય, ગુજરાત વિદ્યાપીઠ

૫૩. સોલંકી, નટવરભાઇ, દેથલી ઉત્તર બુનિયાદી સંસ્થાનો એક અભ્યાસ, તપાસ નિબંધ
નં. ૧૪૬૦, મ.દે.સમાજસેવા મહાવિદ્યાલય, ગુજરાત વિદ્યાપીઠ

૫૪. શાહ, કાંતિભાઇ, ઠક્કરબાપા (પ્રકરણ ૧૭થી ૨૦ અને ૨૪), ઠક્કરબાપા સ્મારક સમિતિ
દિલ્હી

૫૫. શાહ, વિમલ, આદિવાસીઓના પ્રશ્નો, (વિવિધ સમિતિના અહેવાલો) ગુજરાત વિદ્યાપીઠ

૫૬. હઠીલા, રમેશચંદ્ર ટીટાભાઇ, ભીલ સેવા મંડળ સંચાલિત આશ્રમશાળાઓની પ્રવૃત્તિઓની તપાસ
તપાસ નિબંધ ૩૨૧, મ.દે.સમાજસેવા મહાવિદ્યાલય, ગુજરાત વિદ્યાપીઠ

...